ભજનસંગ્રહ ભાગ ૫ પાંચમો, અને

જ્ઞાનદીપિકા

પ્રસ્તાવના.

જગત્માં જીવનનો મુખ્ય ઉદ્દેશ એ છે કે આત્માની જ્ઞાનાદિ ગુણવડે ઉન્નતિ કરવી. આત્મા, કાયા, મન, એ ત્રણ વસ્તુનું પરિપૂર્ણ સ્વરૂપ સમજવાથી આત્માની શુદ્ધદશા સમજાય છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર વીર્ય આદિ અનન્ત ગુણમય આત્મા છે. આત્મા અનન્ત ગુણમય છે પણ કર્મ દોષોનો નાશ કર્યા વિના તે તે ગુણો પ્રકટભાવે થતા નથી. આત્માના જ્ઞાનાદિ ગુણો પ્રકટ કરવાને વૈરાગ્ય ભાવના, આત્મભાવના, સમતાઆદિ ગુણોની વૃદ્ધિ કરવી જોઇએ, આત્માના વૈરાગ્યાદિ ગુણોને ખીલવવા માટે તે તે ગુણોનું સ્વરૂપ જાણવું જોઇએ, મનન કરવું જોઇએ, ધ્યાન ધરવું જોઇએ ભજન પદ સંગ્રહ પાંચમા ભાગમાં વૈરાગ્ય, સમતા ધ્યાન, આત્મજ્ઞાન વિગેરેના સ્વરૂપનાં પદો સ્ફુરણાયોગે રચવામાં આવ્યાં છે. એમાં કેવું સ્વરૂપ છે તેનો ખ્યાલ, વાચકવર્ગ પોતાની મેળે કરી લેશે -નવા જમાનાને અનુસરી આત્મજ્ઞાન. આત્માની અનેક પ્રસંગોમાં થતી સ્ફુરણાઓ, પ્રસંગોપાતના ઉપયોગી પદો વગેરેનું ગઝલમાં ગ્રથન કર્યું છે. છેલ્લા ભજનમાં [illegible] ધર્મ બાંધવાની નઝલ રચવામાં આવી છે, [illegible] સાથે [illegible] [illegible] છે. ષટ્-દર્શન જિન અંગ [illegible] [illegible] છે. એમ નમિનાથના સ્તવનમાં [illegible] કહે છે [illegible] શ્રી યશોવિજય ઉપાધ્યાય [illegible] કહે છે કે [illegible]

નયથી બૌદ્ધદર્શન થયું—સંગ્રહ નયથી વેદાન્ત અને સાંખ્ય
દર્શન થયું. નૈગમ નયનથી યોગ અને વૈશેષિક દર્શન થયું. શબ્દ
નયથી શબ્દબ્રહ્મ દર્શન પ્રગટયું. એમ એકેકનય માનીને
જગત્‌માં જુદાં જુદાં દર્શન ઉત્પન્ન થયાં છે, તેથી અપેક્ષાએ તે
દર્શનને માનનારાઓ ધર્મબંધુઓ કહેવામાં આવ્યા છે. સ્યા-
દ્વાદદર્શનના સાતનયની પરસ્પરની સાપેક્ષતાએ એકેક નયના
ભાવને ધર્મનું અંગ માનીને તેઓને અનેકાન્તનયજ્ઞાની ધર્મ-
બંધુઓ કહે તો તે બનવા યોગ્ય છે—એકેકનયના ભાવને
નિરપેક્ષાએ એકાંતે સ્વીકારી અન્યદર્શનો જુદાં પડી લડી મરે
છે તેથી તે કુનયગતમિથ્યાત્વના પાશમાં સપડાય છે—જૈન-
સ્યાદ્વાદદર્શન સાતનયોમાંથી એકેકનયે પ્રગટેલાં દર્શનને સાપે-
ક્ષતાએ પોતાના ધર્મનાં અંગ કહે તો તે યોગ્ય છે, પણ એકેક
નયને એકાન્ત માનનારાઓ તથાવિધજ્ઞાનના અભાવે મિથ્યા
ત્વદશામાં એકાંતનયવાદના હઠથી રહે છે તેથી તેઓની દૃષ્ટિનો
વિકાર સમજવો. શ્રીઆનંદઘનજી તથા શ્રીમદ્ યશોવિજય ઉપા-
ધ્યાયની સાતનયની શૈલીના આધારે સ્યાદ્ સાતનય પૂર્વક સ્યા-
દ્વાદ ધર્મનાં અંગો તરીકે અન્યને કહી જે સાપેક્ષતા બતાવી છે
તે પંડિતો સમજી શકશે. બાલજીવોને નયોની ગંભીરતાને લીધે
બરાબર આશય ન સમજી શકાય તેથી તેઓને યત્કિંચિત્ વિપર્યયતા
સમજાય તો સાતનયના જ્ઞાતા વિદ્વાન્ પુરુષોને પુછી તત્ત્વ
નિર્ણય કરવો.

" જ્ઞાનદીપિકા. "

આ ગ્રન્થ સં. ૧૯૫૬ ના આષાઢ વિજાપુરમાં રચાયો છે.
તેમાં છદ્મસ્થપણાને લીધે દૃષ્ટિદોષ આદિ રહેલો હોય તો પંડિત
પુરુષો સુધારવા કૃપા કરશે. પત્ર ૧૯૯ માં સાતમા ગુણ
ઠાણાનો ઉત્કૃષ્ટ કાલ અન્તર્મુહૂર્તનો લખવામાં આવેલ છે.
મતાન્તર [illegible] આવાને [illegible] લખવાનાં આવ્યું છે

પણ ભગવતી સૂત્ર છાપેલું પત્ર ૨૭૨ મૂળ તથા ટીકા જોતાં ફેરફાર લાગે છે. સારાંશ કે સાતમા ગુણઠાણાનો વિશેષ કાલ સંભવી શકે. તત્ત્વકેવલીગમ્ય, સજ્જનોએ જ્ઞાનીઓને પુછી નિર્ણય કરવો. ભુલો રહી હોય તો તે સંબંધી મિચ્છામિદુક્કડં. પંડિત પુરૂષો આ ગ્રંથને સુધારશો.

શ્રીજીનાગમના આધારે બંને ગ્રંથ લખવામાં આવ્યા છે. યથાશક્તિ પ્રયત્નથી જૈન તત્વોને ગમે તે રીતે ફેલાવો કરવાનો મુખ્ય ઉદ્દેશ છે. એ ઉદ્દેશનું ફળ સર્વને પ્રાપ્ત થાઓ. સર્વેનું કલ્યાણ થાઓ. શ્રીમહાવીર પ્રભુનો સાતનયની સાપેક્ષતાવાળો અપૂર્વ મ્હારો ધર્મ જગતમાં ફેલાઓ. સર્વ જીવો તેનો રસ ચાખી મુક્તિમાર્ગના સાધક બનો એજ હિતાકાંક્ષા.

મુ. સુરત,—ગોપીપુરા.
શ્રીમહાવીર દીવાળી=સં. ૧૯૬૭
લેખક—મુનિ બુદ્ધિસાગર.
ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

ૐ નમઃ.

ભજન પદ સંગ્રહ પાંચમા ભાગની પ્રસ્તાવના.

વાચકોના કરકમલમાં ભજન પદ સંગ્રહનો પાંચમો ભાગ [illegible] બહાર પડે છે. મહાત્મા શ્રી બુદ્ધિસાગરજીએ નિઃસ્વાર્થ ભાવ પરોપકારાર્થે જે જે સદુપદેશમય પદ [illegible] ભાગમાં કરીઅઢતા પૂર્વક પ્રયત્ન કર્યો છે તે અવલોકન [illegible] છે. કેટલાક [illegible] પદમાં અને કેટલાક ગદ્યમાં [illegible] છે [illegible] ભજન પદ નવરસના પાસે [illegible] માનવ શક્તિને કેટલી અંશે વ્યામોહક છે. [illegible] નથી જેને માં એવા મનુષ્યો ક્વચિત્ જ [illegible] પણ સંગીત સ્વરૂપ દેવતાના [illegible]

શાંત સ્થાન હોય, ચંદ્રની [illegible] ચારે દિશાઓમાં પ્રસરાઈ રહી હોય, [illegible], શીતલ સુગંધી અને મંદ પવન વહી રહ્યો હોય, કંઠસ્વર હોય ત્યાં તંબુર, મૃદંગ, વીણા, હાર્મોનિયમ, [illegible] આદિ આદિ રમ્ય વાદ્યોના મધુર [illegible] હોય, ત્યાં ક્યા સહૃદય માનવની મનોવૃત્તિ તલ્લીન ન થાય ! અરે, બંસીના હૃદયહારી નાદના [illegible] ફણીધર વેર ઝેરનો ભાવ ત્યાગી તલ્લીન બની ડોલવા [illegible] જાય છે [illegible] પશુ પીણાનાદ શ્રવણ કરી તૃષા ક્ષુધા ત્યાગી, [illegible] થઈ જાય છે, તો મણિધર—મણિ, અને ઇતર (મૃગ) ને [illegible] ગુમાવવાં પડે છે તો હૃદય ભાવ પરિપૂર્ણ માનવને સંગીત કેમ આકર્ષે નહિ ? સત્યતાવડેજ તો સંગીત [illegible] વ્યામોહિકા શક્તિ છે કે જેના પાસમાં પશુથી માંડી દેવલોક પર્યંતના પ્રાણી-
૧ નિમગ્નપન [illegible] છે. [illegible] આજ [illegible] આ માર્ગે

પોતાની કાવ્ય અથનતા ફરી જ..ત ચાહે છે. જેમ જેમ સમાજને અધિક હિત થાય તે તે માર્ગે ગ્યાપી ચોજે છે. સમાજને સિધે માર્ગે ચડાવે છે, એજ મહાત્માઓનું મહાત્મ્ય છે.

ગુજરાતી મિશ્ર ભાષા.

ગુર્જર ભાષા અનેક બીજી ભાષાઓમાંથી ઉદ્ભવી છે, એમ અનેક મુખે ઉચ્ચારણ થાય છે. તે ભલે, પણ ગુર્જર દેશ સ્વતન્ત્ર હોવાથી ભાષા પણ સ્વતંત્ર હોય, એ સ્વભાવિક પ્રથમ સિદ્ધાંત છે. પ્રાચિન ગ્રંથોમાં ઉત્પત્તિની પણ જાણ બહારના કચ્છ, ગુર્જર, મહારાષ્ટ, દ્રાવીડ આદિ આદિ દેશો દ્રષ્ટિગોચર થાય છે, તેઓમાં ગુર્જર પણ સ્વતન્ત્ર મુખ્ય દેશ હોવાથી ભાષા સ્વતંત્ર સંભવે છતાં એટલું ખરૂં કે અનેક દૂરનિવાસીઓનું આવાગમન ગુર્જર દેશમાં અધિકતર હોવાથી તેઓની ભાષાઓનો રંગ ગુર્જર ભાષાપર રંજીત થાય. ગુજરાતથી ઉત્તરમાં હિમાલય પર્વતના દેશસ્થ માણસોને દક્ષિણ હિંદમા જતાં ગુજરાત મધ્ય પ્રવાસ ભૂમિ છે. ગુજરાતથી દક્ષિણમાં સિંહલદ્વિપ પર્યતના માનવોને ઉત્તર હિંદ તરફ જતાં પણ ગુજરાત મધ્ય પ્રવાસ વિશ્રામભૂમિ છે તેમાં પણ ગિરનાર, શત્રુંજય, અર્બુદાચળ આદિ મહાન તીર્થ ભૂમિઓ તેઓનાં દર્શનાર્થ આખા હિંદ પ્રવાસીઓનું વારંવાર આવાગમન આદિ આદિ જન સંસર્ગથી ભાષામાં મિશ્રણતા થાય તે સ્વાભાવીક છે. ઉર્દુ ભાષા, વ્રજ ભાષા, દ્રાવિડી ભાષા, દક્ષણી ભાષા એ વિગેરે ભાષાઓના શબ્દો ગુર્જર ભાષા સાથે મળ્યા છે. અરે અંગ્રેજી ભાષાના પણ કેટલાક શબ્દો રૂઢ તરીકે સ્વરૂપ સમય છતાં પણ આપણી ભાષામા આવી ગયા. મને યાદ છે કે દીવાસળીની પેટી જેને ઇંગ્લીશના બોક્સ કેહવાય છે તેને લઘુતમ ગામડાના લોકો બાકસ તરીકે બોલે છે. અને જાણું છે કે અનાદિ સિદ્ધ ગુર્જર ભાષાના શબ્દ દિવાસળીની પેટીનું નામ બાકસજ છે. જેમ જેન શબ્દોમાં મિશ્રત્વ થતું ગયું તેમ તેમ સંગિતના રાગોમાં પણ ફેરફાર થતા ગયા. એટલે ગાયનો, ભજનો

પાંચમા ભાગમાં બનાવેલી ગઝલો કંઇ અતિશય નથી તેમ માત્ર બે ચાર એમ અલ્પ પણ નથી. તેમાં-અર્થની ગૌરવતા અદ્ભૂત છે. આ પાંચમા ભાગમાંભીજાં ઘણાં કીર્તનો પણ છે. પણ ગઝલોની ઘનવૃત્તિની આધિક્યતા છે. આ કવિતા કાર મહાનુભાવના કીર્તનોએ ભવ્યજનોનાં હૃદય રંજન કરી નાખ્યા છે અતઃ મનોરંજની ગઝલો આનંદદાયી થઇ પડે એમાં શું આશ્ચર્ય ? અર્થાત્ કંઇજ નહીં. આ મહાત્માએ પોતાની કવિતા કૃતિમાં બહુ તરફથી સાચવ્યું છે સ્વપક્ષ સબળ થતો જાય. અન્ય પક્ષવાળાઓનાં હૃદય પ્રફુલ્લ થતાં જાય. પોતાના ધર્મના અને અન્ય ધર્મના માણસોને ઉપદેશ મળે અને કવિતામાં ભાવ રહે તેમજશબ્દ સાષ્ટ સચવાય અને સત્ય-પ્રીય-હિત-ત્રણ વાણીના વિભાગ સંપૂર્ણ રીતે વિકાશમાં મુકાય. એવી સંપૂર્ણદશામાં રહી કવિતા શ્રેષ્ટ કરી છે. મહાત્માશ્રી બુદ્ધિસાગરજીની કવિતામાં એ સર્વ વિષયો સચવાયા છે. આ કવિતાઓ ખરેખર ધર્મતત્વની મંજુષાઓ છે. આ પંચમવિભાગ પ્રાયઃ વિદ્વાન્ જનોને અધિક આનંદ આપે તેમ લાગે છે. કારણ તેમાં ગૂઢ સદુપદેશમય-સ્વાત્માનંદની સ્ફુર્ણારૂપે એવી આંતરોર્મીઓ છે કે તેમાં સામાન્ય જનનું કામ નથી તેમ માત્ર પંડિતનું પણ કામ નથી. કદાચ પંડિત સમજી શકે. પણ સ્વાત્માનંદ નિમગ્નતાના અનુભવીપેઠે આનંદ અનુભવી શકે નહીં. સ્વાત્મઅનુભવ રસની જેને સમજ છે તેવા તથા પાંડિત્યના ભરેલ પંડિતો હોય એમને આમાં અપૂર્વ પ્રેમ વર્ષાય એ સ્પષ્ટ છે. એમ છતાં વાંચવાથી આનંદ સર્વને ઉપજે છે. જેને જેમ જોઇએ તેમ અત્રથી પ્રાપ્ત થાય તેમ છે. ભાવપ્રૌઢ એવો છે કે જેમ જેમ પુનઃપુનઃ એનું મનન તેમ તેમ એમાંથી અધિક જ્ઞાન પ્રાપ્ત થાય છે આશા છે કે કોઇપણ અનુભવી પંડિત પુરૂષ એનાપર ટીકા લખશે તો તેનો એક ગુજરાતી ભાષામાં સમજવા જેવો અપૂર્વ ગ્રંથ થશે.

આ પદમાં કવિતાની ભક્તિ-રસના મનને આમોદાવે છે. પ્રાસાનુપ્રાસાદિ પણ ગઝલકીના અલંકાર છે. કેટલીક ગઝલો માત્ર ઉર્દૂની માફક અને વાતની પરિપાટીની માફક લખાયલી છે એટલે પ્રાચીન કવિઓને વખાણનાર અને આધુનિકપર પ્રેમ રાખનાર એ બન્નેને રસાસ્વાદ પડે તેમ છે. શબ્દયોજની સુંદર પુષ્પપત્ર વિભૂષિત થઈ છે [illegible] પણ સમયે સમયે ગિરાનું મથન્યું છે. જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ જ્ઞાન અને ક્રિયા એ ઉભય સિવાય સ્વાનુભવાનંદ થવાનું નથી એ પણ સર્વને વિદિત છે. તો એ ઉભય વિભાગ [illegible] અવસ્થામાં આવ્યા છે કિં બહુના વ્યવહારમાંથી [illegible] પ્રવૃત્તિ માંથી નિવૃત્તિ [illegible] માની શકાય. અહીં મન ભેદના [illegible] નથી, [illegible] નથી. ઈતરપર આક્ષેપ નથી [illegible] નથી, [illegible] નથી. જે છે તે અપૂર્વ છે બ્રહ્મજ્ઞાન [illegible] છે. આનંદ પ્રદેશે [illegible] થાય છે [illegible] રસની [illegible] પ્રફુલ્લિત [illegible]

થોડા શબ્દોનું [illegible] અવલોકન કરાવાય છે.

પદ ૧૧૦. અલખ ફકીરીની મસ્તાની.

' અમો ઉરના [illegible] ફકીરી [illegible]
નથી દુનિયાનાથી પરવા, અલખની [illegible]
' જગાવીશું હૃદય [illegible] [illegible]વીશું વિકલ્પોને,
જગાવિશું [illegible] નથી [illegible] નથી [illegible].
હરાવીશું [illegible] [illegible]વીશું [illegible]
બજાવીશું ખરી સેવા, ક્રિયાયોગી [illegible]

प्रशांतमनसंह्येनं योगिनः सुखमुत्तमम्
उपैति शांतरजसं ब्रह्मभूतम कल्मषम्,

પ્રશાંતમનવાળા યોગીને અપૂર્વ સુખ પ્રાપ્ત થાય છે. તે
વો જોઇએ કે શાંત રજોગુણવાળો તથા નિષ્પાપ અને બ્રહ્મભૂત.

બધાનું મૂળ–મન છે. મન જીત્યું તેણે સર્વ જીત્યું—માટે
હારાજશ્રી લખે છે કે ' હરાવીશું હઠીલાને, એક એક વાક્યમાં
ું ખુબી ભરી છે. કે 'હરાવીશું' ખરી સ્થિરતા, એ વાક્યપર પતં-
ત્લિકૃત યોગસૂત્રનો આદેશ સૂચવાઈ જાય છે.

योगश्चित्तवृत्तिनिरोधः

ચિત્તવૃત્તિની ચંચળતા મટી એટલે ખરી સ્થિરતા થઇ કહે-
ાય. એ પરજ પતંજલિનો ખાસ ઉદ્દેશ છે અને તે ઉદ્દેશ તો
રાવીશું ખરી સ્થિરતા, ત્યાં સમાઇ જાય છે. છતાં ' બજાવીશું'
ખરી સેવા, ક્રિયાયોગી થઇને પારકાનું હિત સાધવા માટેજ. જુવો

यद्यदाचरतिश्रेष्ठस्तत्तदेवेतरोजनः
सयत्प्रमाणंकुरुते लोकस्तदनुवर्तते

સારા પુરૂષો જે પ્રમાણે આચરણ કરે છે તે પ્રમાણેજ બી-
જાઓ વર્તે છે. તે જેજે પ્રમાણ કરે છે લોકો તે રીતે અનુસરે છે.
અહિંયાં જ્ઞાનની પરાકાષ્ઠા ન હોવાની સત્યતા દર્શાવતાં અને
ઉભય વિષયનું સૂચન કરતાં જણાવાય છે કે,

ક્રિયાયોગી સ્વપર માટે,

હવે પરોપકાર પરાયણતા આદેશવામાં આવે છે. પોતેજ પોતા-
નું કરીશું નહિ પણ ઇતરનું હિત સાધીશું.

ભણીશું ને ભણાવીશું, ગઠીને ગઠાવીશુ,
કરીશું ને કરાવીશું, અમારૂં સાધ્ય સાધીશુ.

અત્ર વ્યાકરણ ન્યાય ભણવાનું નથી. એ કરતાં ઉચ્ચ દશાની વાર્તા છે. પરમાત્મપદપ્રાપ્તિનાં સાધનો ભણીશું, અને સાથીયોને ભણાવીશું. એજ સાધનમાં પ્રવૃત્તિ કરીશું અને ઇતરને તે માર્ગે વાળીશું. અમારૂં સાધ્ય સાધના જઇશું.

આગળપર ચાલો.

'બધાના દુઃખમાં ભાગો' લઇશું દુઃખ ટાળીશું,

બીજાનાં દુઃખ ટાળવા પ્રયત્ન કરવો તે ખરેખર મહાન્ પુરૂષથી બની શકે તેમ છે.

અહિંસાધર્મે તો સંપૂર્ણ ભાવાર્થપૂર્વક સિદ્ધાંત આજ છે કે બીજાના દુઃખમાં ભાગ લેવો. ધ્યાનનો વિષય પણ એ વાક્યમાંજ સમાય છે. ખરેખર માનવકર્તવ્ય તેથી અધિકતર ફળવાળું કંઇજ નથી.

જ્ઞાનતરંગ.

ગુલામો વૃત્તિઓના જે, -ભલામાં ભાગ શું લેશે!

ખરેખર જેમણે પોતાનું મન કબજે કીધું નથી તેના હૃદયમાં સ્વાત્માનંદનું બિંદુ નથી, તે બીજાને સુખે સુખી દુઃખે દુઃખી અગર સ્વાત્મોન્નતિના કાર્યમાં ભાગ શું લેઈ શકે? કંઇ જ નહિ.

વળી— વિકલ્પોવૃત્તિના ચેલા, નચાવે છે જગત્‌ને તે,
કુદે છે ને કુદાવે છે, જીવે છે ને જીવાડે છે.
જગત્ સ્મશાનમાં ચિતા, રચે છે ને રચાવે છે,
કરે છે રાખ દેહોની, બચે તે યોગીનો ચેલો.
+ । +
મનોવૃત્તિ વિકલ્પોના, બન્યા જે દાસ મરવાના,
+ + +
પરમ ધન પાસ પોતાને. નથી ત્યાં વૃત્તિનો દાવો.

મનોવૃત્તિના દાસોજ જગતમાં જન્મીને જગત્ નાટકને ભજવે છે, ઉન્મત્તતામાં નાચે છે મનોવૃત્તિ નચાવે છે. ફરી જન્મી એવા જન્મે કુદે પણ છે. જગત્ રૂપ સ્મશાનમાં એમનીજ ચિતાઓ વારંવાર રચાય છે ને પોતાના સંસર્ગીઓની ચિતાઓ ખડકે છે. અર્થાત જન્મ મરણ ભોગવી જન્મે છે, મરે છે, અને ચિતાઓ ખડકાવે છે.

દેહોની ખાખ કરી દે છે, પણ તે કાળ પ્રવાહથી જે ન અંજાય તેજ ખરા ઉસ્તાદ ગુરૂનો શિષ્ય છે. એ બધું ક્યાં સુધી થાય છે કે ' પરમ ધન પ્રાપ્ત થયું નથી, ત્યાં સુધી. શિયાળવાં જ્ઞાનને ત્યાં સુધી ગજવી મૂકે છે કે જ્યાં સુધી સિંહનાદ દિશાઓને ગજવતો થયો નથી. તેમ જ્યાં સુધી હૃદયધન પ્રાપ્ત થયું નથી ત્યાં સુધીજ વૃત્તિઓ પોત પોતાના ધર્મ ચલાવે છે, પણ પછી (જ્ઞાનપ્રાપ્તિ—સ્વાત્મધન પ્રાપ્તિ) પછી તેમની અપીલ પણ ચાલતી નથી.

પત્ર ૫૬, હવે સ્વાત્મદશા વર્ણવે છે.

ફકીરી વેશ લીધો મેં, નિવૃત્તિ સુન્દ્રિને વરવા.

નિવૃત્તિ સુન્દ્રિની સાધ્યસાધન દશાએ વેષનો મહિમા છે એમ જ્યાં સુધી સમજવામાં આવે નહિ ત્યાં સુધી ફકીરી વેશ શા કામનો છે ? સુન્દ્રિના માટે સાધુંપણું લેવાનું છે અને યતિવેષ ધારણ કરવાનો છે એમ મુખ્ય ઉદ્દેશ સમજવો જોઇએ.

મુક્તિનાં સાધન હવે જણાવે છે.

> વિકલ્પોને સમાવાને, અખંડાનંદમાં રહેવા,
> નથી વિશ્વાસ વ્હાલાનો, નથી મિત્રાઇ મિત્રોની.
> નથી શિષ્યોતણી સેવા, નથી પ્રેમી તણો પ્યારી.

એમ હોવાનું કારણ ?

> જગતના ખેલને જોતાં, કદાપિ પાર નહિ આવે.

અમ હવે તો એજ કે,

મદીશું ને મદાવીશું, અલખની મોજ મસ્તાની.
તજીશું ને તજાવીશું, જગતના ફંદની ભ્રમણા.
અલખની જ્યોતિમાં જાગી, વહીશું દેશ સ્થિરતાનો.

શું અધિક લખવાથી!!! ખરેખર આ નર્વ બ્રહ્માનંદના ઉજાગર છે. આ પુસ્તક અમને લાગે છે કે જ્ઞાનીઓનો સન્મિત્ર, અજ્ઞાનીઓનો ઉપદેશક, બાળકનો પિતારૂપ, સ્ત્રીઓનો હિતસ્વીરૂપ અને મુમુક્ષુને અધ્યાત્મામૃત પાનાર થઇ પડશે.

. પ્રસંગ આવે આ ગઝલો નિરાળી કાઢી તે પર જો ટીકા લખવામાં આવે તો વિશેષ આનંદ આવશે. એક અદ્વિતીય પુસ્તક થશે. આ બધા પરિશ્રમને માટે મહારાજ શ્રી બુદ્ધિસાગરજીનો જનોપકારક ઉપકાર માની વિરમીએ છીએ. વાંચનારને પ્રભુપદ પ્રાપ્તિનો માર્ગ સૂજવારૂપ મહદ્ લાભ થાઓ.

સુરત—પી. બી. આર. શર્મા.



ફકીરીનું કારણ ?

કવ્વાલી

જગત્ ઉદ્ધાર કરવાને, વિપત્તિ સર્વ હરવાને;
અખંડાનન્દ વરવાને, ફકીરી વેષ લીધો મ્હેં. ૧
બધાંનાં દુઃખડાં હરવા, બધાંની ઉન્નતિ કરવા;
ભવાંભોધિ સ્વયં તરવા, ફકીરી વેષ લીધો મ્હેં. ૨
હુન્નરોની નિરાશામાં, ખરૂં એ તત્ત્વ જોવામાં;
બહોલાને ભણાવામાં, ફકીરી વેષ લીધો મ્હેં. ૩
પ્રભુના પન્થમાં વહેવા, વિકલ્પોને તજી દેવા;
પ્રભુનાં તત્ત્વ કહેવાને, ફકીરી વેષ લીધો મ્હેં. ૪
સકલ પાપો પરિહરવા, પ્રભુની રીત અનુસરવા;
પ્રભુ મહાવીર સમ થાવા, ફકીરી વેષ લીધો મ્હેં. ૫
ગણી કુટુંબ દુનિયાને, બધાનાં પાપ ધોવાને;
બધાંની ઐકયતા કરવા, ફકીરી વેષ લીધો મ્હેં. ૬
નયોના માર્ગને જોધી, અપેક્ષાએ ખરૂં શોધી;
જણાવા ધર્મ અવિરોધી, ફકીરી વેષ લીધો મ્હેં. ૭
ખરી સેવા બજાવાને, જગત્ સઘળું ગજાવાને;
હરામીને હરાવાને, ફકીરી વેષ લીધો મ્હેં. ૮
તજી મમતા સજી સમતા, ધરી એ ચિત્ત ઉત્તમતા;
હૃદય ધરવા પરં બ્રહ્મના, ફકીરી વેષ લીધો મ્હેં. ૯
જગતની ઉન્નતિ માટે, ભલાં સહુ કાર્ય શિરસાટે
પ્રતિજ્ઞાઓ નિભાવાને, ફકીરી વેષ લીધો મ્હેં. ૧૦
ધર્યાં ધૈર્ય મનો ગાર્યાં, તજ્યાં કુકૃત્ય નહુ કાચ્યાં;
જગાવાને અલખ જ્યોતિ, ફકીરી વેષ લીધો મ્હેં. ૧૧
જગત્ સઘળું જગાવાને, બધા જૈનો બનાવાને;
ખરી શાન્તિ છવાવાને, ફકીરી વેષ લીધો મ્હેં. ૧૨
બધા ક્લેશો સમાવાને, મહાજનો યોગી થાવાને;
બુદ્ધબ્ધિ સિદ્ધ થાવાને, ફકીરી વેષ લીધો મ્હેં. ૧૩

—

" નુતન વર્ષે નવા આશાઃ "

કવ્વાલી.

સદા આનન્દની ચડતી, સદા મંગળ સહુ હોજો,
જગતમાં શાન્તિ સહુ પામો, નુતન વર્ષે નવી આશીઃ ૧
વિચારો ધર્મના થાજો, ભલામાં ભાગ લેવાજો.
બધાંની ઐક્યતા થાજો, નુતન વર્ષે નવી આશીઃ ૨
સમાગમ સન્તનો થાજો, ચિરંજીવો ભલા સન્તો.
ચિરંજીવો ગુરૂવર્યો, નુતન વર્ષે નવી આશી; ૩
સમો બધરા વધો મૈત્રી, દયાનું સાજ્ય વર્તાજો.
વધોને જ્ઞાનની જ્યોતિ, નુતન વર્ષે નવી આશીઃ ૪
હના પૂર્વે યથા હૈવો, મહાતીર્થંકરો ગોગી.
તથા થાઓ સ્વયંશક્ત્યા, નુતન વર્ષે નવી આશીઃ ૫
સુખી રાજા સુખી દુનિયા, સુખી સન્તો કળા ચડતી.
ઉગેલા ભાનુની પેઠે, નુતન વર્ષે નવી આશીઃ ૬
સુખી થાઓ કરો કાર્યો, ભલાં જે ધર્મના ઉચાં.
છવાજો સત્ય સર્વત્ર, નુતન વર્ષે નવી આશીઃ ૭
ચિરંજીવો સદા વક્તા, ચિરંજીવો સદા ધ્યાની.
ચિરંજીવોજ ઉપકારી. નુતન વર્ષે નવી આશીઃ ૮
બનો મ્હારા થકી સારૂં, ઘણે ઉપકારનાં કાર્યો.
કલુપતા નાશજો સર્વે, નુતન વર્ષે નવી આશીઃ ૯
ચતુર્વિધસંઘની સેવા, સદા થાજો અમારાથી.
ભલાં ભાષણ ભલા લેખો, નુતન વર્ષે નવી આશીઃ ૧૦
પ્રભુની ભક્તિ બહુ થાજો, અનંતા સદ્ગુણો પ્રગટો.
ટળો સહુ દોષ કર્મોના, નુતન વર્ષે નવી આશીઃ ૧૧
નુતન શક્તિ નુતન ભક્તિ, નુતન સેવા નુતન શોધો.
ભલી કીર્તિ ભલી વિદ્યા, નુતન વર્ષે નવી આશીઃ ૧૨

સદા લક્ષ્મી વધો મારી, મંત્રોને મંગલો મધુર
બુદ્ધ્યબ્ધિ ગાઉં ગિરજીઓ, નુતન વર્ષે નવી આશી; ૧૩

સુરત.

સનાતન જૈન બન્ધુઓ.

કવ્વાલી.

ઉઠો જાગો કરો કાર્યો, બની બાહોશને જોશો;
હૃદયમાં ધૈર્યતા રાખો, સનાતન જૈન બંધુઓ. ૧
ખરી ભક્તિ ખરી ક્રિયા, ખરી નીતિ ખરી રીતિ;
ખરાનો પક્ષ રાખોને, સનાતન જૈન બંધુઓ. ૨
લડો ના ભેદના ભડકે, પરસ્પર એકતા રાખો;
કરોને ઉન્નતિ સાચી, સનાતન જૈન બંધુઓ. ૩
જિનાગમમાં પડ્યા ભેદો, તથાપિ સત્યને શોધો;
ધરો માધ્યસ્થતા મનમાં, સનાતન જૈન બંધુઓ. ૪
ધરો અધ્યાત્મમાં નિષ્ઠા, કરો વ્યવહારની શુદ્ધિ;
ક્રિયાઓ ધર્મની ધારો, સનાતન જૈન બંધુઓ. ૫
બુઝાવો ક્લેશની હોળી, સજ્જને સાધનો સાચા,
ઝુકાવોને કરી યાહોમ, સનાતન જૈન બંધુઓ. ૬
ક્રિયાના ભેદ જે જુદા, થયા છે દૃષ્ટિના ભેદે,
લડો નહિ ગચ્છના ભેદે, સનાતન જૈન બંધુઓ. ૭
અરે મહાવીરના ભક્તો, બનો નહિ મોહમાં અંધા.
રગેરગમાં ધરો ઉત્સાહ. સનાતન જૈન બંધુઓ. ૮
બનો નહિ બાયલા બુઝદિલ. જગતને સ્ફુરાવી દ્યો;
ખરેખર ક્ષત્રિના પુત્રો, સનાતન જૈન બંધુઓ. ૯
કરી આકાશ શિર તૂટે, કરી ભાનુ દિશા બદલે;
તથાપિ ના ડરો બહાદુર સનાતન જૈન બંધુઓ. ૧૦

બધાને કેળવો જ્ઞાને, ધરીને જ્ઞાનમાં પ્રીતિ;
પ્રતિજ્ઞાઓ ખરી ધરજો, સનાતન જૈન બંધુઓ. ૧૧
તજો નહિ ધર્મ પોતાનો, પડંતાં પ્રાણુ પણુ ધારો;
કરીને ધર્મ ફેલાવો, સનાતન જૈન બંધુઓ. ૧૨
બનાવો સર્વને જૈનો, ખરા તન મનને ધનથી;
બુદ્ધયબ્ધિ ધર્મ સાધીશ્યો, સનાતન જૈન બંધુઓ. ૧૩

સુરત.

"તથાપિ સત્ય નહિ છોડું:"

કવ્વાલી.

મ્હને સાચું જણાયું છે. જિનાગમ વાંચતા સઘળું.
કદાપિ ઇન્દ્ર સુંઆવે, તથાપિ સત્ય નહિ છોડું; ૧
ચળે તારા ચળે પૃથ્વી, ચળે ભાનુ ચળે મેરૂ.
ચળે ઉદધિ ચળે ધ્રુવજો, તથાપિ સત્ય નહિ છોડું; ૨
ચળે બ્રહ્માંડ જો સઘળું, પડે જો દુઃખના દરિયા.
પ્રતિપક્ષી બને બ્હાલા, તથાપિ સત્ય નહિ છોડું; ૩
મળે નહિ ભાખરી ખાવા, મળે નહિ પાણીનો છાંટો.
મળે નહિ પ્હેરવા વસ્ત્રો, તથાપિ સત્ય નહિ છોડું ૪
કદાપિ દેવતા કોપે, કદા રૂઠે ગ્રહો સઘળા.
બધા શિષ્યો ફરી જાવે, તથાપિ સત્ય નહિ છોડું; ૫
મળે નહિ છાપરૂ રહેવા, મળે સન્માન નહિ કોનું.
કડાકા ભૂખના થાશે. તથાપિ સત્ય નહિ છોડું; ૬
રૂઠે સજ્જ રૂઠે સ્નેહી, રૂઠે મિત્રો રૂઠે ગુરૂઓ
રૂઠે બંધુ રૂઠે ભર્તા, તથાપિ સત્ય નહિ છોડું. ૭
બધા ધિક્કારશે લોકો, વનોમાં વાન જોવાશે.
પશુ પણ પ્રાણ લે ના કે, તથાપિ સત્ય નહિ છોડું.

કહે ગાંડો કહે ખાંટો, કહે નાગો હઠીલો એ.
કહેજો મૂર્ખનો રાજા, તથાપિ સત્ય નહિ છોડું; ૯
ભમ્યું મસ્તક કહે લોકો, કહે જો ધૂર્ત ઢોંગી એ
કહે પાખંડનો સ્વામી, તથાપિ સત્ય નહિ છોડું, ૧૦
કહે સ્વાર્થી પ્રપંચીને, વૃથાચારી કહે દુનિયા.
કહે ખોટું કહે મનિયો, તથાપિ સત્ય નહિ છોડું; ૧૧
પડે વાદળ વિપત્તિનું, પડે દુઃખો બધાં તનમાં
રહે આરો નહીં એકે, તથાપિ સત્ય નહીં છોડું; ૧૨
નયોની બહુ અપેક્ષાએ, બધાધર્મોવિષે સાચું,
જિનેન્દ્રોનું જણાવેલું, કદાપિ સત્ય નહિ છોડું. ૧૩
બધાનું સત્ય તે મ્હારૂં, નયોની બહુ અપેક્ષાથી,
જિનેન્દ્રોનું કહેલું સહુ, કદાપિ સત્ય નહિ છોડું. ૧૪
ક્રિયાને જ્ઞાન બે નયથી, કરીશું ધર્મની સેવા,
બુદ્ધ્યબ્ધિ ધર્મ ઉપદેશે, કદાપિ સત્ય નહિ છોડું. ૧૫

સુરત.

" ખરો એ પ્રેમ પ્રેમીનો. "

કવ્વાલી

અમીની આંખ જોવાથી, હૃદય તળપી રહે મળવા;
સમર્પણ સર્વનું જેમાં, ખરો એ પ્રેમ પ્રેમીનો. ૧
સુખે સુખી દુઃખે દુઃખી, વિપત્તિમાં રહે સાથી;
નથી જ્યાં સ્વાર્થનો છાંટો, ખરો એ પ્રેમ પ્રેમીનો. ૨
રગેરગમાં વસે પ્રેમી, હૃદયનો ભેદ નહિ ક્યારે;
ખડાં રોમો દિઠે થાય, ખરો એ પ્રેમ પ્રેમીનો. ૩
કરેઃનિષ્કામથીઃસઘળું, ગણે નહિ મ્હારૂં કે ત્હારૂં;
ભલામાં ભાગ લેવાનો, ખરો એ પ્રેમ પ્રેમીનો. ૪
દગાબાજી નથી કિંચિત, નથી પરવા નથી લજ્જત;
અભેદોપાસના વર્તે, ખરો એ પ્રેમ પ્રેમીનો. ૫
જણાવાનું અરૂ નહીં, ત્યજવાનું બુરૂ બાકીઃ
ભજવાની પ્રભુ ભક્તિ, ખરો એ પ્રેમ પ્રેમીનો. ૬
મળે તે સંપીને ખાવું, વપુથી ભેદ નહિ મનમાં;
વિચારોના સુધારો જ્યાં, ખરો એ પ્રેમ પ્રેમીનો. ૭
ફરે બ્રહ્માંડ જો સઘળું, તથાપિ સ્નેહ નહીં છુટે.
છુટે જો પ્રાણ શી પરવા?, ખરો એ પ્રેમ પ્રેમીનો. ૮
નથી ન્હાના નથી મોટા, નહીં જ્યાં એકયના છાજે.
રીઝાવાનું ગમ્યું સ્વપ્નું, ખરો એ પ્રેમ પ્રેમીનો. ૯
મરીરો ખાખ જો થાય, થયેલા પ્રેમની વૃદ્ધિ.
બધું પરમાર્થનું કરવું, ખરો એ પ્રેમ પ્રેમીનો. ૧૦
સુપાત્રેદાપના ઢગલા. ગુંણોનો થાય ઢેલ.વા.
અનુપમ સુખનું [illegible], ખરો એ પ્રેમ પ્રેમીનો ૧૧
વિષય બિસા [illegible], નથી જ્યાં વા[illegible] [illegible].
[illegible] [illegible] [illegible] [illegible] એ પ્રેમ પ્રેમીનો. ૧૨
મરવું કે ના મરવું [illegible] નથી [illegible] નથી [illegible],
[illegible] [illegible] [illegible] એ પ્રેમ પ્રેમીનો ૧૩

સુ[illegible].

" જરાનહિહર્ષકેચિન્તા. "

કવ્વાલી.

મળે સન્માનની શ્રેણિ, મળે અપમાન અન્યાયી;
અરે શાતા અશાતામાં, જરા નહિ હર્ષ કે ચિન્તા. ૧
કદી વાહ વાહથી કીર્તિ, કદી ટોકો કદી ખોટો.
સદા ભાગ નઠારામાં, જરા નહિ હર્ષ કે ચિન્તા. ૨
મળે મિષ્ટાન્ન ને ખાવા, મળે નહિ બાજરી માગે.
મળે કે ના મળે વસ્ત્રો, જરા નહિ હર્ષ કે ચિન્તા. ૩
વધાવી લે બધા વાણી, કદી ધિક્કારતા કોઇ;
કહે જ્ઞાની કે અજ્ઞાની, જરા નહિ હર્ષ કે ચિન્તા. ૪
કહે મોટો કહે ન્હાનો, કહે ભોગી કહે જોગી;
કહે સાધુ કહે પાપી, જરા નહિ હર્ષ કે ચિન્તા. ૫
વિધુને કંઇ કહે કંટો, કહે ઉન્હો તો ત્હેને શું ?
યથા કર્મે ભલું ભૂંડું, જરા નહિ હર્ષ કે ચિન્તા. ૬
સદા ઉપકારનાં કાર્યો, બધાં નિષ્કામથી કરવાં;
સદાની ફરજ એ મ્હારી, જરા નહિ હર્ષ કે ચિન્તા. ૭
ભલામાં ભાગ લેવાનો, થશે શું ? તે નથી જોવું;
પ્રતિફલની નથી ઇચ્છા, જરા નહિ હર્ષ કે ચિન્તા. ૮
કહે દુનિયા મને શું શું ? નથી એની જરા પરવા;
જગતમાં ચાહે તે બોલો, જરા નહિ હર્ષ કે ચિન્તા. ૯
અધિકારે મળ્યું તેને, સદા કરવું પ્રતિજ્ઞાએ;
રહી ન્યારો કરૂ ભક્તિ, જરા નહિ હર્ષ કે ચિન્તા. ૧૦
સ્વભાવે સર્વના સહુ છે, અમારો ધર્મ ચેતનનો;
બુદ્ધયબ્ધિ ધર્મ ઉપયોગે, જરા નહિ હર્ષ કે ચિન્તા. ૧૧

સુરત.

અમારી એ ખરી સેવા.

કવ્વાલી

સદા તન મન બુદ્ધિથી, અમારો ધર્મ ફેલાવા;
કરીશું સર્વે ઉપાયો, અમારી એ ખરી સેવા. ૧
કરીશું ભાષણો જ્યાં ત્યાં, હૃદય ખુલ્લું કરીનેરે;
દયાનાં તત્ત્વ આપીશું, અમારી એ ખરી સેવા. ૨
ગણીને સર્વને સરખા, બધાંને બોધ આપીશું;
બધાંની ઉન્નતિ કરવી, અમારી એ ખરી સેવા. ૩
બન્યો હું વીરનો સાધુ, બધાને વીર કરવાને;
ધર્યું તે કાર્ય કરવાનું, અમારી એ ખરી સેવા. ૪
જીતીશું મોહની બાજી, જિનેન્દ્રોની ગ્રહી રીતિ;
મનાવીશું બધા ધર્મી, અમારી એ ખરી સેવા. ૫
નસોનસમાં ઉછળતું લોહી, જિનોનો ધર્મ ફેલાવા;
દઈશું પ્રાણ આહુતિ, અમારી એ ખરી સેવા. ૬
પડું નહિ ગચ્છના ભેદે, ભલે છે તો નથી ચિન્તા;
સહુને સત્ય આપીશું, અમારી એ ખરી સેવા. ૭
સ્વદેશી કે વિદેશીને, જણાવીશું ખરાં તત્ત્વો;
કર્યું અર્પણ જિનોને સહુ, અમારી એ ખરી સેવા ૮
જિનોના ગુણથી રાગી, ગુણોનો રાગ મ્હેં ધાર્યો;
જિનોના સદ્ગુણો લેવા, અમારી એ ખરી સેવા. ૯
અમારો ધર્મ ફેલાવા, પડે જો પ્રાણ તો પણ શું?
બધા દોષો પરિત્યજવા. અમારી એ ખરી સેવા ૧૦
અમારો ધર્મ દુનિયામાં. જિગરથી પૂર્ણ ફેલાશે;
નથી ત્યાં મૃત્યુની પરવા, અમારી એ ખરી સેવા. ૧૧
હણું જે રાગની ફાંસી, બુઝાવું ક્રોધની હોળી;
ખરા તે જૈન કરવામાં. અમારી એ ખરી સેવા. ૧૨
હજારો વિઘ્ન ઝીલાશું, તજીશું નહીં કદી સાચું;
જણાવીશું સાપેક્ષાઓ. અમારી એ ખરી સેવા. ૧૩

નયોના માર્ગ દેખાડી, વિચારો સર્વ ટાળીશું;
ખરી એ ધર્મની કુંચી, અમારી એ ખરી સેવા ૧૪
જરા નહિ વર્ણનો વાંધો, બધી જાતો અને જૈનો;
પડે નહિ ભેદ ઉપદેશે, અમારી એ ખરી સેવા. ૧૫
જિનાગમના અનુસારે, વદીશું ને વહાવીશું;
કરીશું સંઘની વૃદ્ધિ, અમારી એ ખરી સેવા ૧૬
પ્રસરશે સારવંતોમાં, અમારો ધર્મ જિન ભાખ્યો;
જિનોપર સાધના ધરવી, અમારી એ ખરી સેવા ૧૭
બધાંનાં દુઃખ ટાળીશું, બધાંને સુખ આપીશું,
કરીશું સાહ્યનાવાળા. અમારી એ ખરી સેવા. ૧૮
ઉપાસકોને સફળ કરવા, અને તે સર્વ આદરશું.
ઇચ્છીશું સર્વનું સારૂં, અમારી એ ખરી સેવા ૧૯
અહંતા બીજ બાળીશું, કરીશું નિર્મળ સહુ.
ખરી વ્યવહારની શુદ્ધિ, અમારી એ ખરી સેવા. ૨૦
મનુષ્યો સહુ પશુ પંખી, ગણીને પ્રાણથી પ્યારાં.
હણું નહિને હણાવું નહીં, અમારી એ ખરી સેવા. ૨૧
કર્યું કિંચિત્ ધાર્યું બાકી, થશે સહુ બાકીનું ધાર્યુ;
બની સાક્ષી ધરૂં સમતા, અમારી એ ખરી સેવા. ૨૨
અહો ઉદ્યમ ટિટોડીનો, ઉલેચે વારિધિ યત્ને.
અહો તેવોજ ઉત્સાહી, અમારી એ ખરી સેવા. ૨૩
જીવન પરમાર્થમાં સઘળું, નથી કંઈ સ્વાર્થને માટે.
રૂચે તો સર્વ આદરજો, અમારી એ ખરી સેવા ૨૪
જગત કુટુંબ ગણવાનું, બધાંનું સુખ તે મ્હારૂં
બુદ્ધ્યબ્ધિ ધર્મ ફેલાવો, અમારી એ ખરી સેવા. ૨૫

સુરત

બન્યો અધ્યાત્મનો પ્રેમી.

કવ્વાલી.

જિનાગમ તત્ત્વને વાંચ્યું, મનન કીધું ગ્રહ્યું સાચું;
સદાનું સુખ જેમાં છે, બન્યો અધ્યાત્મનો પ્રેમી. ૧
નથી જ્યાં ક્લેશની હોળી, નથી વ્યવહારનો ઝઘડો;
નથી જ્યાં ગચ્છના કજીયા, બન્યો અધ્યાત્મનો પ્રેમી. ૨
ખુમારીની વહે ધારા, વિકલ્પો જ્યાં સમાતા સહુ
નથી મ્હારૂં નથી ત્હારૂં, બન્યો અધ્યાત્મનો પ્રેમી
રહે વ્યવહારની શુદ્ધિ. રહે મૈત્રી છવો સાથે;
સદા વૈરાગ્યની વૃદ્ધિ. બન્યો અધ્યાત્મનો પ્રેમી. ૪
રહે સમતા ટળે મમતા, છવો સહુ આત્મવત્ ભાસે;
વિષયના વેગની શાન્તિ, બન્યો અધ્યાત્મનો પ્રેમી ૫
સ્પૃહાની દૈન્યતા નમતી, કષાયો સહુ શમે જેથી,
કુટુંબી સર્વ છવો જ્યાં, બન્યો અધ્યાત્મનો પ્રેમી. ૬
ક્રિયા ભેદે નથી ઝઘડા, ક્રિયાની શુદ્ધતા થાતી.
પ્રગટતી આત્મની જ્યોતિ, બન્યો અધ્યાત્મનો પ્રેમી ૭
છુટે નહિ તે છુટાવ્યાથી યથા કમળો રહ્યાં જલ માં,
ચકોરી ચન્દ્રપર પ્રીતિ બન્યો અધ્યાત્મનો પ્રેમી. ૮
યદિ દુનિયા ફરી જાશે, ઉગે પશ્ચિમમાં ભાનુ;
તથાપિ એક નહિ છોડું, બન્યો અધ્યાત્મનો પ્રેમી. ૯
ક્રિયાઓ ધર્મની કરશું. રહસ્યો તત્ત્વ શોધીશું,
ક્રિયા વ્યવહાર સ્થાપીશુ. બની અધ્યાત્મનો પ્રેમી ૧૦
સદા વ્યવહારથી ચઢતી જિનાના ધર્મની જગમાં,
કરીશું ને કરાવીશુ, બની અધ્યાત્મનો પ્રેમી. ૧૧
ક્રિયાઓ ધર્મની સઘળી. ગૃહીને સાધુના ભેદે,
કરીશું ને કરાવીશુ. બની અધ્યાત્મનો પ્રેમી ૧૨
ક્રિયાઓ અન્તર ભેદે પરે જુદી કહી શું નહી.

[illegible] ને મુનિની [illegible], જાગ્યો અધ્યાત્મનો પ્રેમી. ૧૩
[illegible] મળી પુરી [illegible],
[illegible] મૈત્રી ને, જાગ્યો અધ્યાત્મનો પ્રેમી. ૧૪
[illegible], [illegible], અતિની [illegible] યોગે;
[illegible], જાગ્યો અધ્યાત્મનો પ્રેમી. ૧૫
[illegible] સમતાના યોગે, [illegible] મુક્તિ,
[illegible] શાન્તિ, જાગ્યો અધ્યાત્મનો પ્રેમી. ૧૬
અરે અધ્યાત્મના યોગે, ક્રિયાઓના ખરી [illegible];
કરીશું ને કરાવીશું, જાગ્યો અધ્યાત્મનો પ્રેમી. ૧૭
કરી વ્યવહારની શુદ્ધિ, કરીશું શુદ્ધ ઉપયોગે;
નથી [illegible] મમતા, જાગ્યો અધ્યાત્મનો પ્રેમી. ૧૮
કરીશું નિર્મમત્વ [illegible], [illegible] વ્યવહારમાં રહીને,
ધર્યો છે આત્મમાં નિશ્ચય, જાગ્યો અધ્યાત્મનો પ્રેમી. ૧૯
કરીશું ધર્મની ચડતી, [illegible] એ [illegible] છે [illegible];
પ્રભુના ધર્મ દેશાવા, જાગ્યો અધ્યાત્મનો પ્રેમી. ૨૦
અરે વીતરાગના વચને, અમારૂં ચિત્ત વિંધાયું,
પડે નહિ ચેન પુદ્ગલમાં, જાગ્યો અધ્યાત્મનો પ્રેમી. ૨૧
નયોની શૈલીથી બોધ્યું, ઉપાધિ [illegible] નહીં [illegible],
[illegible] સર્વ ઉપયોગે જાગ્યો અધ્યાત્મનો પ્રેમી. ૨૨
ભલે તે કરે અરે દુનિયા, અમારે નહિ [illegible],
કરીશું ધર્મની સેવા [illegible] અધ્યાત્મનો પ્રેમી ૨૩
પ્રભુના સર્વ વચનોમાં, [illegible] સાચું [illegible],
વિચારીશું સુધારીશું, જાગ્યો અધ્યાત્મનો પ્રેમી ૨૪
[illegible] વ્યવહાર નિશ્ચયથી, કરીશું ને [illegible]
બુદ્ધ્યબ્ધિ ધર્મ શ્રદ્ધાએ, જાગ્યો અધ્યાત્મનો પ્રેમી. ૨૫
ગુરુ.

"નથી મ્હારૂં નથી ત્હારૂં."

કવ્વાલી.

જગતમાં જન્મીને દેખ્યું, અહંતાથી કર્યું લેશું;
વિવેકે જાણનાં સઘળું, નથી મ્હારૂં નથી ત્હારૂં. ૧
" ગણીને લક્ષ્મીને વ્હાલી, કર્યાં કુકર્મનાં કાર્યો;
ખાધું અન્તે ફના થાશે, નથી મ્હારૂં નથી ત્હારૂં ૨
મળે તે સ્વાર્થના માટે, ઉઠાવે દુઃખના ઢગલા;
જરા નહિ સાથ છેવટનું, નથી મ્હારૂં નથી ત્હારૂં. ૩
અરે કરશો ઘણા કલેશો, વિપત્તિયો ઘણી વેઠો;
બગડશે અંતમાં બાજી, નથી મ્હારૂં નથી ત્હારૂં, ૪
પ્રપંચો પાપથી કરશો, તણાઓ લોભના વેગે;
અરે નહિ શાન્તિનો છાંટો, નથી મ્હારૂં નથી ત્હારૂં. ૫
મળ્યું તે ભાગ્યના યોગે, જવાનું ભાગ્ય પરવારે;
નથી ત્યાં હર્ષ કે ચિન્તા, નથી મ્હારૂં નથી ત્હારૂં ૬
મળેલું તે બધાંનું છે, સકળ લે ભાગ પોતાનો;
ભલે લેજો ભલે દેજો, નથી મ્હારૂં નથી ત્હારૂં ૭
કર્યા ઉપકાર જે જેને, કરાશે ફરજથી સર્વે;
નથી ફળની જરા ઇચ્છા, નથી મ્હારૂં નથી ત્હારૂં. ૮
સ્વભાવે સર્વના વહુ છે, નથી આરોપ અન્યોમાં;
પરસ્પરયોગ વ્યવહારે, નથી મ્હારૂં નથી ત્હારૂં, ૯
ભણ્યાની કે કર્યાનીરે, અહંતા વ્યર્થ શું કરવી;
કરો વ્યવહાર રહીન્યારા, નથી મ્હારૂં નથી ત્હારૂં ૧૦
કદી નહિ નામ [illegible]વાનું, ક્ષણિકના રૂપની જગના;
મુંઝાવું નહિ ભાગી નાસો, નથી મ્હારૂં નથી ત્હારૂં. ૧૧
કૃપાળુના નહિ કરો ચિંતન [illegible] ઉન્નતિ કરજો.
પરોને આત્મના માનો, નથી મ્હારૂં નથી ત્હારૂં ૧૨
ક્રિયા યોગી [illegible] મનીને જ્ઞાન. યોગી.
બુદ્ધ્યબ્ધિ પ્રભુ પામે, નથી મ્હારૂં નથી ત્હારૂં. ૧૩

"કરો ઉપકારનાં કામો."

કવ્વાલી.

[illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible]
બધાનું [illegible] [illegible], કરો ઉપકારના કામો ૧
[illegible] [illegible] [illegible] [illegible] [illegible]
પરસ્પર [illegible] [illegible], કરો ઉપકારના કામો ૨
પ્રથમથી [illegible] [illegible] [illegible] [illegible]
પરસ્પર આપવું [illegible] [illegible] [illegible] ૩
પરસ્પર [illegible] [illegible] [illegible] [illegible]
ઉદરને [illegible] [illegible] [illegible]
પિતાને [illegible] [illegible], [illegible] [illegible]
નથી [illegible] [illegible], કરો [illegible] ૪
પરસ્પર [illegible] [illegible] [illegible] [illegible]
બધુંનાને [illegible] એ, કરો ઉપકારના [illegible] ૫
[illegible] પણ [illegible] [illegible] [illegible]
બધા પ્રકારનાં મુખો કરે [illegible] ૬
લીધું [illegible] [illegible] દેવું, [illegible] [illegible]
ચલાવીને ૩ડી રીતે કરે, ઉપકારના [illegible] ૭
તમારી [illegible] જે [illegible], [illegible] [illegible]
જિનો પણ દેશના દે છે, કરો ઉપકારના [illegible]
વધુના [illegible] નથી, કરે નહીં [illegible] [illegible]
વ્યવસ્થા દેહની બગડે, કરો ઉપકારના [illegible] ૧૦
મળ્યું તે સર્વને માટે, બધાને [illegible] દેવાને
બતાવ્યા ફરજ પોતાની, કરો ઉપકારના [illegible] ૧૧
સમર્પણ સર્વના માટે, સુપાત્રે સહુ કરો [illegible]
બાનોને [illegible] [illegible] કરો ઉપકારના કામો ૧૨
જરા દેરો ઘણું લેશો, [illegible] નહિ [illegible]
બુદ્ધ્યબ્ધિ ભાવ લાવીને, કરો ઉપકારના કામો ૧૩

સુરત ૐ શાન્તિઃ શાન્તિ [illegible]

શ્રીમદ્ બુદ્ધિસાગરજી કૃત.

ભજનપદ કાવ્ય સંગ્રહ.

ભાગ પાંચમો.

આત્માનુભવ.

જૈનકા ધર્મ જાણ્યાજી એ રાગ.

આતમ અનુભવ પાયાજી, પરોક્ષે પણ પરખાયાજી,
રાગ દ્વેષને દૂરે કરવા, સમતા રંગ ખુમારી.
લાગી હૃદયમાં બેહદ થઇને, ઉતરે નહીં ઉતારી. આતમ ૧

અનેક એક પણ મ્હારામાં છે, મુજમાં સર્વ સમાયું.
ઉપજે વિણસે સહુ મ્હારામાં, પરગટ એ પરખાયું. આતમ ૨

જ્ઞેય અનંતા ભાવો મુજમાં, ભિન્નાભિન્ન વિચારે.
બાહિર કર્ત્તા બાહિર હર્ત્તા, તરે સ્વયંને તારે આતમ ૩

ઉત્પત્તિ ગુણરૂપ બ્રહ્મા હું, વ્યયરૂપ હર કહાયો
અનંતગુણની સ્થિરતા વિષ્ણુ, ત્રિમૂર્તિ હું ધ્યાયો આતમ ૪

જેવો હું તેવા નહુ જેવો, અન્તર કર્ત્તા હર્ત્તા
વ્યવહારે વ્યવહરતા જગમાં, કર્મ સાથે સ્થિર રહેતા આતમ ૫

જેનો વ્યય તેની છે સ્થિરતા, દ્રવ્યાર્થિકથી ન્યારી.
જેનો વ્યય તેની ઉત્પત્તિ, પર્યાયાર્થિક ન્યારી આતમ ૬

ક પણિ તેની કે મુક્તા, દ્રવ્યાદિકથી માનજો.
કેવલિ આપ મુક્તા માનજો, શુદ્ધ સ્વભાવે રમજો. આતમ ૭
જ્ઞાન અને દર્શનના ભાંગા, જાણવા બહુ પર્યાયો.
કેવલિ તે નિત્યાનિત્ય, નિરંજન એવા ભાવો. આતમ ૮
[illegible]
[illegible] આતમ ૯
[illegible]
[illegible] આતમ ૧૦
[illegible]
[illegible]

આત્માનુભવ સાપેક્ષતા

રાગ ઉપરનો.

આતમ અનુભવ આયાજી, સંશયો સર્વ સમાયાજી.
સાપેક્ષાએ સર્વ પદાર્થો, નિરાકાર સાકારી.
સાપેક્ષાએ સદસદ્ ભાવો, જોયું સર્વ વિચારી. આતમ ૧
ભિન્નાભિન્નપણું ભાવોમાં, નિત્યાનિત્ય વિચારો.
એકાનેકપણું એકત્ર, સાપેક્ષાએ ધારો. આતમ ૨
જ્ઞાતા જ્ઞેયને જ્ઞાન ત્રિપુટી, આતમમાંહિ સમાયી.
કર્તા કારણ કાર્ય ત્રિપુટી, એકત્ર પરખાઈ, આતમ ૩
અસ્તિનાસ્તિમયસર્વ પદાર્થો, દ્વૈતભાવની સિદ્ધિ.
ઉત્પત્તિ વ્યય ધ્રુવતા સમયે, અનંત ગુણની ઋદ્ધિ. આતમ ૪
તિરોભાવને આવિર્ભાવે, અનંત ગુણ સ્વભાવે.
વાચ્યાવાચ્યપણે પર્યાયો, સર્વે આવિર્ભાવે. આતમ ૫
આતમમાંહિ શક્તિ અનંતિ, શુદ્ધપણે તે થાતી.
ત્યારે પરમાતમ, વ્યક્તિથી, ચેતનતા પરખાતી. આતમ ૬
અનંત દર્શન જ્ઞાન ચરણની, ઋદ્ધિ ઘટમાં પ્રગટે.
શુદ્ધોપયોગે ધ્યાન લગાવે, કર્મ ભર્મ સહુ વિઘટે. આતમ ૭
સર્વ જીવો સત્તાથી સરખા, ભિન્ન, વ્યક્તિથી પરખો.
રાગ દ્વેષ મનના ટાળીને, હેતે હૃદયે હરખો. આતમ ૮
સ્થિરતા સમતા રાખી સંતો, અનંત આનંદ પાવો.
ધ્યાતા ધ્યેયને ધ્યાન ઐક્યતા, લેજો એનો લ્હાવો. આતમ ૯
જ્ઞાની જ્ઞાનપણે સહુ પરખે, જ્ઞાનાનન્દ રમણતા.
મિથ્યાબુદ્ધિ ભ્રમણા ભાગે, ટળતી ભવભ્રમણતા. આતમ ૧૦
સાપેક્ષાએ ઘટતું સર્વે, અનેકાન્તથી જાણ્યું.
બુદ્ધિસાગર અનુભવયોગે, સઘળું મનમાં આણ્યું આતમ ૧૧

ઓમ્ શાન્તિઃ ભાદરવા વદી. ૯.

મુ૦ રાંદેર.

૬

મનને શિખામણ.

ગાળી રાગ.

માન શિખામણ મારી રે, મૂરખ મનવા તું.
માની નહિ દુનિયાદારી રે મૂરખ મનવા તું

જ્યાં ત્યાં મ્હારૂં મ્હારૂં કરીને મલકાયો,
[illegible] ન પાયો રે. મૂરખ, માન ૧

[illegible]
[illegible] મૂરખ, માન. ૨

[illegible]
[illegible] મૂરખ, માન ૩

[illegible]
[illegible] મૂરખ, માન ૪

[illegible]
[illegible] મૂરખ માન. ૫

[illegible]
[illegible] મૂરખ માન. [illegible]

[illegible]
[illegible] મૂરખ માન [illegible]

[illegible]
[illegible] મૂરખ, માન [illegible]

[illegible]
[illegible] મૂરખ માન [illegible]

યોગ પદ,

ઓધવજી સંદેશો કહેજો શ્યામને.

સાચા યેગી સાધો અનુભવ યોગને,
બાળી નાખો મોહ વૃક્ષનું મૂળ જો.
તૃષ્ણા ત્યાગ્યા વણ ત્યાગી તરકટ કહ્યા,
ઢાંગ ધતીંગે સાધુપણું અહો ધૂળ જો. સાચા—૧
વિષયવાસના વિષને વેગે વામજો,
માન મહત્તાથી રહેજો ઝટ દૂર જો.
હું ને મ્હારૂં મમતાની એ વાસના,
ટળતાં પ્રગટે શાશ્વત સુખ ભરપૂર જો. સાચા—૨
સુરતા સાધો ત્રિપુટીને બ્રહ્મરન્ધ્રમાં,
નાભિ કમળમાં સુરતા પહેલી રખાયજો.
સિદ્ધિયોના લોભે લેપાશો નહીં,
અખંડ અજરામર આનંદ સુહાય જો. સાચા—૩
અસંખ્યપ્રદેશે દ્રષ્ટિ વાળો વેગથી,
સોહં સોહં સમરો આતમરામ જો
રાગ દ્વેષને ત્યાગી મન શુદ્ધિ કરો,
પુણ્ય પાપની વાંછાનું નહિ કામ જો, સાચા—૪
બાહ્ય ઉપાધિ ખટપટ લટપટ ત્યાગીને.
આત્મજ્ઞાનથી સેવો નિર્મળ દેવજો.
નિઃસંગતાના ભાવે નક્કી પામશો,
સહજ શુદ્ધ જે અનુભવ અમૃત મેવજો. સાચા—૫
સમતાભાવે સાધો મહજાનન્દને.
માનવ ભવનું ફળ એહિજ નિર્ધારજો
બુદ્ધિસાગર અનુભવયોગે પામીને
રત્નત્રયી શિવ નગરી જઇ વ્યાપશો જો. સાચા—૬

પુન

સાધુ.

રાગ ઉપરનો.

સાધુ લક્ષણ, સાચાં સમજો સાનમાં,
સમતા દરિયા, જ્ઞાનથી ભરિયા બેશજો.
સુખ દુઃખ આવે સમભાવે વર્તે સદા,
કર્મોદયથી કરે નહીં કદી ક્લેશજો. સાધુ. ૧
માન અને અપમાનમાં સમભાવે સદા,
લાભાલાભે સમભાવે મુનિરાયજો
દીવાની દુનિયાથી [illegible] નહીં જરા,
[illegible] આવે મનથી નહીં [illegible] સાધુ. ૨
[illegible] માયાને કદીય ન મોહતા,
કપટ [illegible] નહીં [illegible]
[illegible]
[illegible] સાધુ. ૩
[illegible]
[illegible]
[illegible]
[illegible] સાધુ ૪
[illegible]
[illegible]
[illegible]
[illegible] સાધુ ૫
[illegible]

સાલંબન ને સાધે સાદરભાવથી,
જ્ઞાન ધ્યાનમાં રહેતા બહુ ગુલતાનજો સાધુ ૬
ઉચ્ચમના થઇ ઉપદેશે છે ધર્મને,
સમભાવે ભોગવતા કર્મના ભોગજો.
નિંદા, લવરી ઇર્ષ્યા, ચાડી, ત્યાગતા,
શોક કરે નહિ ઉદયે આવે રોગજો. સાધુ. ૭
જિન વાણીને ભણતા ગણતા પ્રેમથી,
પરના અવગુણ બોલે નહીં, તલભારજો.
પ્રાણાન્તે પણ પરના દોષો નહીં કહે.
હાથ ધરે જે ક્ષમાતણું હથિયારજો. સાધુ ૮
દોષીને પણ દોષી એમ ન બોલતા,
સાગરપેઠે ગંભીરતા ધરનારજો.
વૈરાગી ત્યાગી સોભાગી યોગી છે,
સંત મહંત ભદંત મુનિ અણગારજો. સાધુ ૯
વૈર વિરોધને ઝઘડા ટંટા ટાળતા,
રાગ ગુણીનો. કદીય ન દેતા ગાળજો.
બુદ્ધિસાગર, ધન્ય ધન્ય તે મુનિવરા.
દર્શન દીઠે સેવે મંગળ માળજો સાધુ ૧૦

સુરત

સર્વધર્મસાર,

રાગ ઉપરનો

સર્વ ધર્મનો સાર કહું છું સજ્જનો,
સમતા રાખો રાગ તજી વળી દ્વેષજો.
ક્રોધ કપટ ઇર્ષ્યા અભિમાનને ત્યાગીએ,
અહંમમત્વના ટાળી નાંખો ક્લેશજો. સર્વ ધર્મ ૧

દોષીપર પણ કરૂણાદૃષ્ટિ કીજીએ,
સદ્ગુણી પર ધરીએ સદ્ગુણ રાગજો.
પક્ષપાતને ત્યાગી તત્ત્વ વિચારીએ
નિંદા લવરી દેવનો કીજે ત્યાગજો સર્વ ધર્મ ૨

વૈર વિરોધને વિરૂદ્ધ કૃત્યથી વેગળા.
પરની હાંસી ત્યજીએ ભજીએ દેવજો
મન વચન કાયાથી હિંસા ત્યાગીએ,
સાચું બોલી કીજે સંતની સેવજો સર્વ ધર્મ ૩

પરનું બુરૂ પ્રાણાંતે પણ ત્યાગીએ,
મનમા ધરીએ દયાધર્મ જયકારજો
પાખંડ વૃત્તિને પરિહરીએ જ્ઞાનથી,
પરોપકારથી કીજે જગ ઉદ્ધારજો સર્વ ૪

પરદારા પરધન પરધર્મ મન ત્યાગીએ,
રાખો ગરૂની સાથે નિર્મળભાવજો
આતમ તે પરમાતમ જાણી નિરખીએ,
તજી કૃપણતા કીજે સહુની સેવજો સર્વ ૫

દુઃખ ન દેવું જગ માંહે પશુ કોઇને
ગર્વ ન કરીએ મોટા સાથે વાદજો
અવસર જાણી દિનકર ધર્મને આદરીએ,
[illegible] સર્વ [illegible]

સાચું તે મ્હારૂં માનીને ચાલીએ,
વિનય કરો મોટાનો નરને નારજો.
હાનિકારક દુષ્ટ રીવાજો ત્યાગીએ,
કડવી વાણી બોલો નહિ તલભારજો સર્વ ૭

સહુનું સારૂ ઇચ્છો સજ્જનતા ધરી,
મનની સ્થિતિ સદા ધરો સમતોલજો,
ન્યાય નીતિથી જરા ન રહીએ વેગળા,
ઉચ્ચ ધર્મથી શાશ્વતસુખ રંગરોળ જો. સર્વ ૮

મનની શુદ્ધિ રાખો પરભવ શુદ્ધતા,
દાન શીયળ તપ ધર્મ ખરો જયકારજો,
ઉત્તમ બોધે કીજે આતમ ઉચ્ચતા,
ઉત્તમ બોધે મુક્તિ શિઘ્ર થનારજો. સર્વ ૯

નિત્ય સુખની પ્રાપ્તિ કરવા પ્રેમથી,
ઉદ્યમ કરશો ધરી ધર્મનો સારજો.
બુદ્ધિસાગર, સિદ્ધિ સમતા ભાવથી,
ષડ્ દર્શનમાં જોશો કરી વિચારજો. સર્વ ૧૦

સુરત.

ગર્વસંગ્રહ.

રાગ ઉપરનો

[illegible]

સાચું તે મ્હારૂં માનીને ચાલીએ,
વિનય કરો મોટાનો નરને નારજો.
હાનિકારક દુષ્ટ રીવાજો ત્યાગીએ,
કડવી વાણી બોલો નહિ તલભારજો સર્વ ૭

સહુનું સારૂં ઇચ્છો સજ્જનતા ધરી.
મનની સ્થિતિ સદા ધરો સમતોલજો,
ન્યાય નીતિથી જરા ન રહીએ વેગળા,
ઉચ્ચ ધર્મથી શાશ્વતસુખ રંગરોળ જો. સર્વ ૮

મનની શુદ્ધિ રાખો પરભવ શુદ્ધતા,
દાન શીયળ તપ ધર્મ ખરો જયકારજો,
ઉત્તમ બોધે કીજે આતમ ઉચ્ચતા,
ઉત્તમ બોધે મુક્તિ શિઘ્ર થનારજો. સર્વ ૯

નિત્ય સુખની પ્રાપ્તિ કરવા પ્રેમથી,
ઉદ્યમ કરશો ધરી ધર્મનો સારજો.
બુદ્ધિસાગર, સિદ્ધિ સમતા ભાવથી,
ષડ્ દર્શનમાં જોશો કરી વિચારજો. સર્વ ૧૦

સુરત.

વૈરાગ્ય.

રાગ ઉપરનો.

ચેત ચેત જાગીને ઝટપટ જીવડા,
મોહ ઉંઘમાં આયુષ્ય એળે જાય જો.
ઉંઘે ઉંઘવું જન્મ જરાના દુઃખમાં,
કાળ અનાદિથી ભવમાં ભટકાય જો   ચેત—૧
દેહાધ્યાસે દુઃખ અનંતા પામીયો.
દેહાધ્યાસને છોડી દે મહાદુઃખ જો
મ્હારૂં જગમાં જન ન કોઈ જણાય છે
મ્હારૂં મ્હારૂં કરતા દુઃખ અપાર જો   ચેત—૨
જે દેખે તે જડ છે તેમાં તું નહિ,
કેવળી ભાખે સત્ય વચન સુખકાર જો
શુદ્ધ સ્વરૂપી આતમ એકજ તું અરે.
મોહનું ધ્યાને ઉતરે તું ભવપાર જો   ચેત—૩
ક્ષણના ખુશી દુનિયાના શું દોડતો
ભણવું ગણ્યું શા માટે કરતો જુગ જો
અજ્ઞાનતાથી સુખડાં નહિ નપજે,
પકડી લેને ધર્મ તત્વનું ખુગ જો   ચેત—૪
આધિ વ્યાધિ ઉપાધિ બહુ જગમાં છે,
તેથી ડરે શા તું ધરીને ધર્મ જો.
દીવાની દુનિયાથી ડરે રહી સદા,
છિંક છિંક તું બાંધ્યાં સઘળાં કર્મ જો.   ચેત—૫
કનક કાન્તાની માયામાં દુઃખ છે,

શા માટે તું પરમાં ધરતો રાગ જો.
સઘળું છોડી ચાલીશ ક્ષણમાં માનજે,
લાવ લાવ અરે મનમાં ઝટ વૈરાગ જો. ચેત—૬
રત્નત્રયીનું સ્થાનક શાધન સુખમયી,
આતમ તું પરમાતમ ધ્યાને હોય જો.
બુદ્ધિસાગર અવસર પામી ચેત જો,
આતમ ધ્યાને નડે ન કોને કોય જો. ચેત—૭

સુરત.



માયા,

રાગ ઉપરનો.

માયા મહા મસ્તાનીરે. દુનિયા કીધી સર્વ દીવાની.
બણીઠણીને પંડિત ભૂલ્યા, હાથ ન રહી હુંશિયારી. માયા ૧
જોગી ભૂલ્યા ભોગી ભૂલ્યા, તપસી ગયા પણ લપસી.
વિશ્વાસી સન્યાસી ભૂલ્યા, માયાની પણ ખપ શી ? માયા ૨
બાવા ભુલ્યા બાવી ભૂલી, સાધુ પણ સપડાયા.
લંગોટા નંગોટા ભૂલ્યા, પરીક્ષકો પકડાયા. માયા ૩
ડહાપણના દરિયા કેઇ ડુલ્યા, પુરાણી પણ પડીયા.
કવિયોને કેઈ કાળા કીધા, સાધુ થઈ કેઇ સડીયા. માયા ૪
રંકને રાજા ન્હાના મોટા, ઇન્દ્ર ચન્દ્ર લપટાયા.
માયાએ મુનિયોને છળીયા. બળીયાને બીવરાયા. માયા ૫
યુવાનને અથડાયા ભવમાં, ભ્રમ જ્ઞાનિને ભારી,
ખાખી બાવા જગમાં ચાવા ગયા ઉમર તે હારી. માયા ૬
ત્યાગી વૈરાગી પણ પડીયા કોઈ ન રહીયા ખાલી.
શુદ્ધાવાસીને ગભગયા, રહ્યા હાડ સહુ હાલી. માયા ૭
માયા છે મસ્તાની મોટી, વશ કીધા જગ પ્રાણી.
બુદ્ધિસાગર, ધ્યાન ધરે સુખ, માયાની ધુળધાણી. માયા ૮

સુરત.

સમતા.

રાગ ઉપરનો.

સુંદર સમતા સાચીરે, રહેશો તેમાં રાચીરે.
સમતાથી શાશ્વત છે સુખડાં, મનના પાપ મટાવે;
નિર્મળ મનડું થાવે, જલદી, કર્મ કલંક હટાવે. સુંદર. ૧
સમતા જ્યાં મમતા નહીં સમજો. મુક્તિ સહુને મળશે.
સમતાયોગે સાધુપણું છે, તનના તાપો ટળશે. સુંદર. ૨
સમતા ક્રોધ હઠાવે સઘળો, મમતાકો મન છાજે.
નીચ ઉંચનો ભેદ ન નિરખે, ગગન ગઢે જઈ ગાજે. સુંદર. ૩
અન્તર્મુહૂર્તમાંહિ આપું, સર્વ જનોને સિદ્ધિ
મુજ સેવ્યાથી નિશ્ચય મળશે, રત્નત્રિક ક્ષાયિક ઋદ્ધિ. સુંદર. ૪
નાત જાતના ભેદથી ન્યારી, વેર ઝેરને વારે.
કપટવલ્લિનું મૂળજ કાપે, કુમતિ મનથી કાઢે સુંદર. ૫
શુભાશુભ સંકલ્પ નમાવે, મનડું મલીન મટાવે
આશાના છેદે અંકુરો, હઠના વાદ હટાવે સુંદર. ૬
સમતા અમૃત ચાખ્યું સજ્જન, ગળિયા પ્રેમ ધરીને
અલખ ખુમારી અવિચળ આપે, દુઃખને શોક હરીને. સુંદર. ૭
સમતાની સુંદર શિખામણ, સજ્જન મુનિવર માને
નિંદા કુથલી દૂર નિવારી, સુખ લહે છે ગાને સુંદર. ૮
વૈરાગી ત્યાગી સૌભાગી, રહે સમતામાં રાજી
જ્ઞાની સમતા સહુને શિખવે, એશ છે તેહની તાજી સુંદર. ૯
કજીઆ કંકાસોને કાઢે, અનુભાવ વધારે.
નિર્મળ અંતર પરમાતમ લક્ષો, ગુરુ જીવોને તારે. સુંદર. ૧૦
અનંત સુખનું સાચું એકજ. મુક્તિ ઘર ઝટ મળશે.
બુદ્ધિસાગર સમતા સેવે, ગુણ એમ સહુ વળશે. સુંદર. ૧૧

ગુ-૧

॥ વિષયોલ્લાસમાં ॥

વૈકુંઠ મારગ છે વેગળોરે—એ રાગ.

વિરૂવી વિષયની વાસનારે, સ્વપ્નામાં નહિ છુટે હો લાલ.
આશા અંતરમાં ઉઠી વસેરે. દાવાનળ સમ દુઃખ હો લાલ. વિરૂવી. ૧
ઘડી ઘડીમાં રંગ ઘણા હુવેરે, જબરૂ ઇચ્છો જોર હો લાલ.
ડહાપણના દરિયામાં દેવતારે, દુઃખ વાદળ ઘણાં ઘોર હો લાલ. વિરૂવી. ૨
ભમરા પેઠે મનડું બહુ ભમેરે, લેશ નહિ મનમાં લાજ હો લાલ.
વેદોદય સંસ્કારો વેગથીરે, પ્રગટી કરેતા કાજ હો લાલ. વિરૂવી. ૩
ઉનાળામાં બી ઉનાં હુવેરે, દ્રષ્ટિએ ન દેખાય હો લાલ.
વૃષ્ટિ મેઘની વરસતાંરે, પ્રગટ અંકુર પ્રગટાય હો લાલ. વીરૂવી ૪
સાધુ સન્યાસીને સંતનેરે, વિષય કરાવે ચેડ હો લાલ.
કામ ઉદયથી કાળાં કર્મછેરે, કરે ન રાખે કેડ હો લાલ. વીરૂવી. ૫
સમજાવ્યું મન શાહુપણું ભજેરે, ક્ષણમાં અટકે અહાર હો લાલ.
લાજ ન રાખે લક્ષપતિવણીરે, ત્રાધું શીલ ઘરનારી હો લાલ. વિરૂવી. ૬
યોગીને ક્ષણમાં ભોગી કરેરે, લાજ ન રાખે લેશ હો લાલ.
ધર્મની સમજણ નાખે ધૂળમાંરે, કુડી ચિંતા કલેશ હો લાલ. વિરૂવી. ૭
નર શુરા યોગી નપુંસક હુવેરે, લાગે લલના પાય હો લાલ.
પ્રતિજ્ઞાઓ પડતી મૂકતારે, કામે કર્મ કરાય હો લાલ. વિરૂવી. ૮
બાચક ધૂમાડાના બહુ ભરેરે, પણ આવે નહિ હાથ હો લાલ.
ખસને ખણતાં સુખ ન સમછેરે, અંતરની નહિ ખાત્રી હોંશ હો લાલ. વિ૰ ૯
બળ્યું ગળ્યું બલાનું ભોગથીરે, તપસી તપસી નાથ હો લાલ.
કીડા જેવા કામના કર્મથીરે, ખાતા દુઃખના ખાય હો લાલ. વિરૂવી. ૧૦
ધન્ય ધન્ય વિષય વામનારા જ્ઞાનીને, અહાહું ચઢને એહ રે લાલ.
બુદ્ધિસાગર આતમ જ્ઞાનથીરે, કામના નાશ કરેશ હો લાલ. વિરૂવી. ૧૧

મુન્ત.

જીવનની અસ્થિરતા.

રાગ ઉપરનો.

જીવડા ઝટપટ જાગુરે, અંતે ખટપટ થાશે ખોટી;
ઊંઘ્યું સપનું નાથ ન આવે, લાભ નહિ લંગોટી. જીવડા ૧
કપટ કળા કેળવશે કોટી, પણ સહુ જાવું છોડી;
લોભે લક્ષણ લાંબા ખોયાં, દુઃખ આવે દોડી. જીવડા ૨
આથડીઓ ઉંધા થઈ અવળા, પરની નંદે પંચાતો;
ખટપટના ખાડાને ખોદી રીને દુઃખડા પાતો. જીવડા ૩
પરનું ભુંડ [illegible], [illegible] પોતાનું થાતું;
ઉદર ખાતર ખુન [illegible], જીવન નિષ્ફળ જાતું. જીવડા ૪
આખો દીવસ નહિ અવકાશ, [illegible] ધાવે,
જુઠું બોલે જુઠું તોલે પાપ [illegible] પાવે. જીવડા ૫
રચી પચીને [illegible], [illegible] અને ગાજી,
અનંત ચાલ્યા અનંત ચાલે, ક્ષણિક ઋદ્ધિ નહિ છાજી. જીવડા ૬
બેટા બેટી બાના બાપી, [illegible] કરશે.
મ્હારૂં મ્હારૂં પડી નહિ નહિ, [illegible] તરશે. જીવડા ૭
પુત્ર પુત્રીઓને પરણાવ્યાં, [illegible] લખાવ્યાં,
ખાટ ખાટલા પાટ [illegible] પડી નહિ નહિ જાવા જીવડા ૮
માલ ન અંતે [illegible], [illegible] આપ્યું,
ચમડી ચમડી ચુથાશે [illegible] મન ગોખ્યું. જીવડા ૯
મનમંદિરમાં [illegible] જાણી [illegible] છોડો,
અનુભવ કરશો [illegible], મુક્તિ માનવા દોડો. જીવડા ૧૦
મનની ચંચળતાને મારી, જીવન સફળ સુધારી;
બુદ્ધિસાગર શાશ્વત શાંતિ, પામો નરને નારી. જીવડા ૧૧

સુરત.

સ્વપ્નવત્ સૃષ્ટિ.

રાગ ઉપરનો.

સૃષ્ટિ આ સ્વપ્ના જેવીરે, જેવા પાણીના પરપોટા;
ફાંફાં મારે દોડ કુદી, ખેલ થશે સહુ ખોટા. સૃષ્ટિ ૧
ઝાકળનું જલ અળપાશે ઝટ, વાર ન વાદળ ગોટો;
એવું સઘળું જરૂર જાશે, થાય શું મનમાં મોટો. સૃષ્ટિ ૨
જન્મ્યા ત્હેને જરૂર જાવું, જરા વારમાં જોતાં:
રાવ રંકને રાણા ચાલે, ચાલે પુણ્ય પનોતાં. સૃષ્ટિ ૩
ખેલ ફરે છે ક્ષણ ક્ષણમાંહિ, જોતાં વિણશી જાશે.
મ્હારૂ મ્હારૂ શું મન માને, પાછળથી પરતાશે. સૃષ્ટિ ૪
આભું વિજલીનું અજવાળું, વિણશે વાર ન લાગે;
જલ બિંદુ પંકજપર જેવું, જાણી જોગી જાગે. સૃષ્ટિ ૫
પ્યારૂ કુટુંબ માન્યું પ્રાણી, અંતે તે અળપાતું;
પરભવના મારગને પકડીશ, કરી કર્મનું ખાતું. સૃષ્ટિ ૬
મન ચાહે તે માની લેતું. દુનિયામાં થઇ ડાહ્યો;
અલખ ખલકમાં અમર રહે નહિ, પાણીનો પડછાયો. સૃષ્ટિ ૭
ચેલા ચેલી જાશે ચાલી, ફુલ ન મનમાં ફાલી;
પુણ્ય પાપ ભોગવશે પોતે, દાઠ તજી દે હાલી. સૃષ્ટિ ૮
લડતો વડતો લક્ષ્મી લોભે, પાછળ પોકો પડશે;
સ્વાર્થતણી મારામારી સહુ, નકકી અંતે નડશે. સૃષ્ટિ ૯
વહેતું નદીનું પાણી વ્હેલું, ખરખર થાશે ખાલી:
છેલ છબીલા દોગાલા સહુ, ઉઠયા અંતે ચાલી. સૃષ્ટિ ૧૦
સમજુને શિખામણ સઘળી, વળશે શિવપુર વાટે;
બુદ્ધિસાગર અવસર પામી, ચેતો શિવસુખ માટે. સૃષ્ટિ ૧૧

સુરત.

શિખામણ.

રાગ ઉપરનો.

સમજ મન જીવડા સમજુરે, મોહે શા માટે મકલાનો;
પરને પોતાનું માને પણ, ખત્તા ખુબ તું ખાતો. સમજ. ૧
જડની માયા જળની છાયા, વાદળ છાયા જેવી,
ખોટાને મોટું માને પણ અંતે વાદળ જેવી. સમજ. ૨
ભૂલી નિજ જાતિને ભુંડા, દીન થઇ કેમ ટોટે,
પરથી તોડે તે નિજ જોડે, ચડશે શિવ વરઘોડે. સમજ. ૩
ઝડપવારમાં કાળ ઝપાટો, લાગે શુ લલચાયો,
અન્તરમાંહિ સુખડાં અવિચળ, બાહિર શુ ભરમાયો. ? સમજ. ૪
બાહિર શોધે વધ્યું ન બુડથળ, હાથન આવ્યો હીરો;
પરખી લે ચેતનને પરગટ, સમતા સુખ સનૂરો. સમજ. ૫
મોહથકી ભવમાં છે મરવું, ત્યાગે તુર્ત ઉગરવું;
મનુ આર્યાથી રહે ન મરવું, લ્હેલા શિવ સુખ વરવું. સમજ. ૬
ઉલટી આંખે દેખી લો નિજ, ઝગહળ ઝળકે જ્યોતિ;
અગ્નિ કાષ્ટતણા છે અંતર, છીપ વિષે જેમ મોતિ. સમજ ૭
આ નહિ ગાંડો ઘડી ઘડીમાં, તું છે આતમ હીરો;
બુદ્ધિસાગર અવસર પામી ઢીલ ન કર થઈ ધીરો. સમજ. ૮

સુરત.

માયામાં મકલાયો.

રાગ ઉપરનો.

માયામાં મકલાઇ મુંઝીઓરે, જપિયા નહિ જીનદેવ હો લાલ. માયા.
પૈસા માટે પાપ કર્યાં પુરારે. તજી ન ભુંડી ટેવ હો લાલ-માયા ૧
જુઠું બોલ્યો ઝાઝું જાણીનેરે, ચોરીમાં ચતુરાઇ હો લાલ.
મૈથુન લંજ્જા છોડી સેવીઆરે. હૃદયમાં દરખાઇ હો લાલ-માયા ૨
પરિગ્રહની તૃષ્ણામાં પેશીઓરે કીધાં પાપ ક્રોડ હો લાલ.
અભક્ષ ભક્ષણ અવળી ચાલમાંરે, જડે ન જગમાં જોડ હો લાલ-માયા ૩
નિંદા કીધી પરની નેહથીરે, જોયું ન પાછું જરાય હો લાલ.
દગા પ્રપંચો કીધા દોડીનેરે, મમતામાંહિ મરાય હો લાલ-માયા ૪
આડો અવળો ઝાઝું આથડયોરે, ભમિયો ભવ અનંત હો લાલ.
લક્ષ્મી લાલચમાં લથડયો ઘણું રે. કામ તણો નહિ અંત હો લાલ-માયા ૫
કામ વિષયથી દેખી કામિનીરે. સ્વારથમાંહિ અંધ હો લાલ.
ધાર્યા નહિ પરમાતમ ધ્યાનમાંરે, ઢોંગ ધત્તિંગે ધ્યાનરે હો લાલ-મા ૬
ઉચ્ચ થયો નહિ જગ ઉપયો ઘણું રે, મેલ્યો ન માન મરોડ હો લાલ.
સન્ત સમાગમ ક્ષણ નવિ સેવિયોરે. કીધાં કુડાં કોડ હો લાલ-માયા ૭
ભમતો ભૂતની પેઠે ભ્રાંતથીરે. ગ્રહ્યું ન આતમ જ્ઞાન હો લાલ.
રાગ દ્વેષને નહિ રોકિયારે, ધર્યું ન આતમ ધ્યાન હો લાલ. માયા ૮
પરમાતમથી કીધી ન પ્રીતડીરે. દયા ન કીધી દીલ હો લાલ.
લથડયો લાખ ચોરાશી યોનિમાં રે, ધર્મમાં કીધી ઢીલ હો લાલ. માયા ૯
દશ દૃષ્ટાંતે પામી દોહ્યલોરે, માનવનો અવતાર હો લાલ.
બુદ્ધિસાગર ધર્મ ધર્યા થકીરે, જગમાં જયજયકાર હો લાલ. માયા ૧૦

સુરત.

———

મનના વિકારો ત્યાગો.

[illegible] રાગ.

[illegible]
રાગ દ્વેષ [illegible]
[illegible] મનના ૧
[illegible]
[illegible] મનના ૨
[illegible]
[illegible] મનના ૩
[illegible]
[illegible] મનના ૪
[illegible]
[illegible] મનના ૫
[illegible]
[illegible] મનના ૬
[illegible]
[illegible] મનના ૭
[illegible]
[illegible] મનના ૮
[illegible]
[illegible] મનના ૯
[illegible]
[illegible] મનના ૧૦
[illegible]
[illegible] મનના ૧૧

કર્મના દોષો પરિહરવા.

જીવલડા ઘાટ નવા શીદ ઘડે. એ રાગ.

કર્મના દોષો સહુ સંહરૂં, તદા હું અજરામર થઇ ઠરૂં.
હું ને મ્હારૂં સહુ પરિહરવું, મિથ્યા મન મોહાઇ;
અભિમાનતોરે અથડાવું, ટળે વિકલ્પો વધાઇ. તદા૦ ૧

ગાળ દીધાથી ક્રોધ ન પ્રગટે, કીર્તિ કલંકમાં સમતા;
પરિગ્રહ વર્તે આવે તોપણ, મન પ્રગટે નહિ મમતા તદા૦ ૨

માન અને અપમાનની વેળા, હર્ષ શોક નવિ પ્રગટે;
સુખ દુઃખ આવે સમતા સાચી, શુદ્ધ વિચારો ન ઘટે. તદા૦ ૩

કામ ન પ્રગટે જે મહાકુટો, આશા મન નહિ આવે;
સંકટ આવે મનની શાંતિ, થોડો લોભ ન થાવે. તદા૦ ૪

કોઇક પૂજે કોઇક ધુજે, નિંદા કરતા નગણા;
રાગ દ્વેષે રંગાવું નહિ, ધ્યાન વિચારો સગણા, તદા૦ ૫

મિથ્યામતમાં નહિ મુંઝાવું, મનમાં નહિ મકલાવું;
દોષીનો પણ દોષ ન ભાખું, નિંદા નહિ મન લાવું. તદા૦ ૬

પુદ્ગલમાંહિ, પ્રેમ ન ઉપજે, દેહાધ્યાસ ટળાશે;
બધા વિકલ્પો મનના બળશે, ભક્તિમાંહિ ભળાશે. તદા૦ ૭

જ્ઞાન ધ્યાનમાં શુદ્ધ રમણતા, શુદ્ધ સમાધિ સમાવું;
પરતે પોતાનું નહિ ભાસે, ધ્યાન ધારણા ધ્યાવુ, તદા૦ ૮

ઉચ્ચ નીચનો ભેદ રહે નહિ, એકમેકતા કરૂં;
બુદ્ધિસાગર પરમાતમ પદ, સહેજે ક્ષણમાં વરૂં. તદા૦ ૯

સુરત.

નકામો કેમ આથડે છે.

રાગ ઉપરનો.

અરે જીવ અમથો શું આથડે, લાલચું લોભથકી શીદ લડે.
ધમંધમામાં દૂરી પડીને, અર્થ વગર આખડે;
કપટકળામાં થઈને કાળો, ચાર ગતિ અડવડે. લાલચું૦ ૧
હરદમ હડકાયાની પેઠે, લુબ્ધ થઈ લડથડે;
પ્રતિબિંબ દેખી દરપણમાં, ભમરો બહુ ભડભડે. લાલચું૦ ૨
પ્રમાદમાં પોઢીને પામર, નિજધન ખોવે ખરે;
અજ્ઞાને બનીઓ તું અંધો, જરા ન લક્ષ્મી જડે. લાલચું૦ ૩
મર્કટવત્ મનમાં મલકાયો, ગાજે ઘનની પરે;
અભિમાન રાવણનું આણ્યું. ધર્મ જરા નહિ ધરે. લાલચું૦ ૪
છેલ છબીલો બનીઓ છાકી, બની ઠણી ઠણુ ઠણે;
ઉંદર બિલાડીની દાટે, હેલામાહિ હણે. લાલચું૦ ૫
મોહ મદિરા ઘોર ઘેનમાં, જ્ઞાની શિખ નહિ ગણે;
આપ મતિલો અવળચંડ થઈ, ઉંધા દડો ચણે. લાલચું૦ ૬
ક્રોધે કાળા સર્પની પેઠે ફોગટ શું ફણફણે;
બારમેહાની પેઠે બુડથલ, બાળીને બણબણે. લાલચું૦ ૭
મગર પેઠે ગ્રહ્યું ન મૂકે, વૈરાગે નહિ વળે;
સારૂં પરનું સહન કરે નહિ. બગલા પેઠે બળે. લાલચું૦ ૮
ભ્રાંતિમાં ભરમાયો બુદ્ધ, ચોખ્ખા પંથે ન ચડે;
ગાડી વાડી લાડી ઘરમાં, રાજી થઈ રડવડે. લાલચું ૯
મનના મોજીલા મૂરખડા. ઘાટ ઘણા શીદ ઘડે;
અણધાર્યું જાવું છે ઉઠી, પાછળ પોકે પડે. લાલચું૦ ૧૦
ચેન ચેન જીવલડા ઝટપટ, શાને દુઃખમાં સડે;
બુદ્ધિસાગર થાના બનીઓ, સુખડાં સમજાવડે. લાલચું૦ ૧૧

સ્તવન

આત્મદર્શન માટે પ્રબોધ.

જીવડા જાગીનેરે જોગી, એ રાગ.

નયણે નિરખી હર્ષે નિત્ય નિર્મલ, આતમા અવિહડ સદા;
જ્ઞાની ગુરુગમ મેળવીને, કર્મને હણીએ મુદા. નયણે૦ ૧
અસંખ્ય પ્રદેશી શુદ્ધ નિશ્ચય, અનંત ગુણ આધારજી;
ચેતન, જીવ, ને પુરુષ, બ્રહ્મએ, નામ તેનાં ધાર. નયણે૦ ૨
દેહમાં પણ દેહથી ભિન્ન, નિશ્ચયનય કર ખ્યાલજી;
રાગ દ્વેષને જીતવાથી, હોવે મંગલ માલ. નયણે૦ ૩
સમ્યક્ સર્વને જાણવું એ, જ્ઞાન લક્ષણ એશજી;
સમ્યક્ સર્વને દેખવું એ, દર્શન ગુણ હમેશ. નયણે૦ ૪
સર્વ ગુણની સ્થિરતા એ, ચારિત્ર લક્ષણ સત્યજી;
અનંત આનન્દ આતમામાં, સહજ પ્રગટે કૃત્ય. નયણે૦ ૫
સર્વ કર્મ આવરણ છેદે, નિર્મળ આતમ થાયજી.
અનંત દુઃખનો નાશ થાવે, અનંત સુખમય સમાય. નયણે૦ ૬
ખુદા વિષ્ણુ શિવ પોતે, સંગ્રહ નયથી સત્યજી
આત્મદૃષ્ટિ આદર્યાથી, મિથ્યા ઉતરે [illegible] નયણે૦ ૭
સોહં સોહં ધ્યાન લાગે, સત્ય સમાધિ સારજી.
બુદ્ધિસાગર આત્મભાવે, નિત્ય શુદ્ધ નિર્વાણ. નયણે૦ ૮

પૂર્ણ

શિષ્યોપદેશ.

ગઝલ.

અરે ઓ માનવી મોટા, હજુ નહિ વાળ મન ગોટા;
થનારૂં તે થશે ત્હારૂં, વિચારી એજ નિર્ધાર્યું. ૧
ઠગાતો નહિ ઠગોથી રે, અવિચારી થતો ના તું;
હજી છે હેત હૈડામાં, જીગરથી જોઇ લે જાગી. ૨
" હજી ત્હારી હજી મ્હારી, અમર આશા છુપાઇ છે;
ઘડી એ વાત વિશ્રામી, સદાની એ છવાઈ છે. ૩"
" મળેલો બોધ લેજે તું, ગણી લેજે એ પોતાનો;
નહિ છાનો નહિ નાનો, હજી એ પ્રેમ મસ્તાનો. ૪"
અમારી વાત ભૂલી જા, ગ્રહી લે સત્ય પોતાનું;
તમારાં દીલનાં દર્દો, નથી સહુ મુજથી છાનાં. ૫
" ક્ષણિક જે જિસ્તના રંગી, હમેશ તેના નહિ સંગી;
સદા તું રાખ હુંશિયારી, તજી દે ભૂલ પોતાની. ૬"
વિચારી વેણને વદવાં, સજી લે સંગ સારાની;
ગ્રહી લે સત્ય તે મ્હારૂં, તજી દે સંગ ખોટાની. ૭
" કરી તું પ્રેમથી મળશે, હઠીલા છોડી દે હઠને;
કુસંગી સંગ દોષોથી, કુસંગી ના કદી થાતો. ૮"
હજી આશા બહુ લાંબી, હજારો દીલમાં ધારી;
વિવેકે સહુ વિચારીને, ગ્રહી લે સત્ય જે ત્હારી. ૯
ખરૂં તેતો જણાવ્યું મેં, અલખની વાતમાં પ્યારા;
હજી તું મોહ મકલાઈ, ખરાને જૂઠ જાણે છે. ૧૦
" ઘણા રંગો ઘડીના જે, ઉડે જે દીલમાં ખોટા.
શમાવી તું સુખી થાજે, દુવા એ દીલની મ્હારી. ૧૧"
" અહો ભલે ગાજશે ગગને, તથાપિ હું નહિ છોડું:
અમર એ પ્રેમની આશા, ધરી લે તો ધરી લે તું. ૧૨"
" દુઃખીનું દર્દ એ ટાળે, શિખામણ પ્રેમથી ગાજે,
બુદ્ધિધિ સંતની શ્રદ્ધા, ગ્રહી લે તો ગ્રહી લેજે. '

શિષ્યને લખેલ પત્ર.

ગઝલ.

ભણાવ્યું મ્હેં ભલી રીતે, તથાપિ તું રહ્યો દૂરે;
મનુષ્યરે મોહમાં મુંઝયો, ખરો રસ્તો નહિ સુઝયો. ૧
વહ્યો શું મ્હેમની વાટે, ઠર્યો નહિ તું ખરા હાટે;
બળ્યો નહિ તું ભલા ભાવે, ડર્યો નહિ દુઃખના દાવે. ૨
હજી તું ચેતી લે હાથે, સજી લે સત્યને સાથે;
થજે તું પ્રેમનો દરિયો, ભલા ભાવે સદા ભરિયો. ૩
વિચારી સત્યને વદવું, કદી નહિ દ્વેષથી લડવું;
હરામી ના થવું હોશે, બુરૂ ના બોલવું રીસે. ૪
નદાનું સુખ લે સાચું, તજી દે દુઃખ જે કાચું;
તજી દે તું હઠીલાઇ, ભજીલે ને ભલાઇ તું. ૫
નરલાઇ મજી સારી, અદેખાઈ તજી ખારી,
તજી દે રાગની આંધિ, ત્વરિત તું થાવ શિવ પંથી. ૬
ગુરૂના જ્ઞાનને મડજે, થએલા દુઃખને હડજે;
ધીરજ ને ધારી લે ધીંગ, ચડેલા હાથના હીરા. ૭
પડે કંઇ દુઃખના પથરા, તથાપિ સામ્યતા ધરજે;
વિચારોના વમળમાંહિ, વિચારી કૃત્ય સહુ કરજે. ૮
તજીશ નહિ સત્ય પોતાનું, કદી ના સત્ય રહે છાનું;
અલખની ધુનને ધરજે, પ્રગટ સહુ પાપ પરિહરજે. ૯
સદા તું ધ્યાનમાં રહેજે, કોઇને કાંઈ ના કહેજે;
અગમની એ નિશાની છે, પરં ધ્યાને પિછાની છે. ૧૦
જગત એ સ્વપ્નની માયા, પડેલા પાણી પડછાયા,
અમર તું આતમા જ્ઞાની, અનંતા ગુણની ખાણી. ૧૧
વિચારી દેહમાં વળગ્યો, અનંતિ યોનિમાં ભટક્યો;
"બુદ્ધ્યબ્ધિ સત્ય એ ગાયું, પરાધ્યાને જે પરખાયું. ૧૨

શિષ્યને સત્પત્ર.

ગઝલ.

અરે ઓ તત્ત્વના પ્યાસી, વિચારી શિષ્ય લે વહેલું;
અનુભવની કસોટીમાં, લખાયું પત્ર આ પહેલું. ૧
"ખરી જ્યાં પ્રેમની ખૂબી, નથી ત્યાં વ્હેમની વકી;
ભલી ભક્તિ ભરેલી જ્યાં, નથી નિઃસ્નેહ ત્યાં નકી. ૨"
"ખરો જ્યાં પ્રેમનો ઉભરો, છુપે નહિ તે છુપાવાનો;
પડે જો પ્રાણ તોપણ તે, જીગરથી તે જણાવાનો. ૩"
"અચળ ત્યાં દીલની એકી, સ્વભાવે છે દુઃખે દુઃખી;
ભલામાં ભાગ લેવાને, સહજથી છે સુખે સુખી. ૪"
"કહ્યાથી નહિ કદી કડવું, સહુ જ્યાં પ્રેમ ત્યાં મીઠું;
નથી ત્યાં દોષની દૃષ્ટિ, દિઠેલું પણ નથી દીઠું. ૫"
"મળીને દિલ રંગાયા, નથી ત્યાં ભેદ દુનિયાનો;
જગતનું રાજ્ય જાન્હમમાં. કદી ના પ્રેમ જવાનો. ૬"
"ફકીરી કે અમીરીમા, જરા નહિ ભેદની ભ્રાંતિ;
શરીરે ભેદ પણ શાનો, ઉદય પ્રેમે છે ઉત્ક્રાન્તિ. ૭"
નથી ત્યાં લોકની લજ્જત, નથી ત્યાં ભેદની ભીંતિ;
નથી ત્યાં સ્વાર્થની છાયા, મળે જ્યાં જ્ઞાનિની પ્રીતિ. ૮
"ખરી પ્રીતિ ખરી ભક્તિ, ખરી રીતિ ખરી નીતિ,
ખરી ત્યાં ઐક્યતા જાગે, વિકારી સ્નેહ તો ભાગે. ૯"
અમારૂં દીલ એવું છે, નથી પ્રશ્ન પુછાવાનો;
વિનેયોની કસોટીમાં, ખરો પ્રેમજ જણાવાનો. ૧૦
"નથી પૂછા નથી ચર્ચા, સ્વયં એ ઉત્તરો આપે;
"બુદ્ધ્યબ્ધિ" પ્રેમની ખૂબી, કસોટીની ખરી છાપે. ૧૧"

સુરત.

એકશ્રદ્ધાળુ શ્રાવકને લખેલા પત્ર

ગઝલ.

પ્રવાસીરે જગતનો તું, ખરાને ખોળજે જ્ઞાની;
અલખની ધુન લગાવીને, તજી દેને જ નાદાની. ૧
"છળાશે એ ખરી શાન્તિ, બુઝાશે સર્વ ભવ ભ્રાન્તિ;
ઉદય ત્યાં અનન્તની વહ્નિ, નથી અહિં આત્મમાં નહ્નિ. ૨";
અહિં ના ગર્વને ભગવું, અહિં ના ભાવમાં ભગવું;
અહિં ના ઉપ જવાની, નહિ અહિં દ્વેષ ખાવાની. ૩
નથી અહિં જન્મ કે મરવું, નથી અહિં ખાગ કે કરવું;
મન [illegible] ધુમનો ભોગી અહિં હું જ્ઞાનનો યોગી. ૪
[illegible] નથી શાન્તિ જણાવાની,
[illegible] જ્યોતિ જણાવાની. ૫
[illegible] વિચારી લે;
[illegible] નહિ [illegible]. ૬
[illegible] આવી;
[illegible]. ૭"
[illegible];
[illegible] નહિ જણાવું. ૮"
[illegible];
[illegible]. ૯
[illegible],
[illegible]. ૧૦"
[illegible] માની,
[illegible] નહિ [illegible]. ૧૧
[illegible]

અમારી દૃષ્ટિ.

ગઝલ.

વિચારી બોલવું સારૂં, વિચારી બોલવું પ્યારૂં;
દયાની દૃષ્ટિને પરખી, દયાની રીતિ અનુસરવી. ૧
"જગત્ શ્મશાન જગાવીને, અલખનાં ગાન ગાવાનાં;
પરં જ્ઞાને પરં ધ્યાને, જગતનાં લોક જગાવાનાં. ૨"
અમારા દેહનો દીવો, પ્રકાશી સર્વમાં થાશે;
અમારી દિવ્ય ચક્ષુઓ, પ્રગટતાં સર્વ પરખાશે. ૩
અમારે એક આનમનું, ખરૂં લક્ષ્ય લગાવાનું;
જીવોને આત્મદૃષ્ટિથી, સદા જોવા સદા સરખા. ૪
ભણીશું એ ભણાવીશું, કહીશું એ કહાવીશું;
અમારી આત્મની દૃષ્ટિ, કરે છે શાન્તિની વૃષ્ટિ. ૫
ભૂલીશું ને ભૂલાવીશું, હમારે એજ કરવાનું;
અમર આશા ખરી શાન્તિ, હમારે એજ ધ્યાવાનું. ૬
"ભૂલીશું દોષના ભારા, હમારૂં સાધ્ય છે સાચું;
હમારૂં સાધ્ય અંતરનું, સદા રાચું સદા માચું. ૭"
"તજી ભોગોતણી આશા, ગણી આ સૃષ્ટિ સ્વપ્નાની;
ક્ષણિકમાં સત્યની આશા, તજી તે જાણતાં જ્ઞાની. ૮"
"અમારૂં દિલ મસ્તાની, ફકીરીમાં ગ્રહી શાન્તિ;
નથી રાગી નથી દ્વેષી, ખરી ખુબી ન ભૂલાતી. ૯"
"નથી લેવું નથી દેવું, સ્વભાવે સર્વના સહુ છે;
ચિદાનન્દી અમર યોગી, અમારે, વિત્ત એ બહુ છે. ૧૦"
"ભૂલેલું એ જણાયું છે, હવે તો એહને લઈશું;
બુદ્ધયબ્ધિ સત્ય સેવીશું, અમારા ધર્મમાં રહીશું. ૧૧"

સુરત.

મ્હારી સહજ ઉદાસીનતા

ગઝલ.

“કહું તો શું ગયો તો શું, થયો તો શું ગયો તો શું;”
નથી કંઈ હું જણાયું કંઈ, સદા હું છું સહજ રૂપે. ૧
કહો એ જ્ઞાન મ્હારે શું, કહો એ દેવ મ્હારે શું;
કહો વૈરાગ્ય મ્હારે શું, કહો ભક્તિ તો મ્હારે શું. ૨
ગમે તે માનશે દુનિઆં, તથાપિ તોય મ્હારે શું;
કહે સાધુ તો મ્હારે શું, કહે ડાહ્યો તો મ્હારે શું. ૩
કહે કપટી તો મ્હારે શું, કહે ઢોંગી તો મ્હારે શું;
કહે ભોળો તો મ્હારે શું, કહે શાણો તો મ્હારે શું. ૪
કહે યોગી તો મ્હારે શું, કહે ભોગી તો મ્હારે શું;
કહે જ્ઞાની તો મ્હારે શું, કહે ધ્યાની તો મ્હારે શું. ૫
કહે કામી તો મ્હારે શું, કહે સ્વામી તો મ્હારે શું;
“નથી તે હું ન થવાનો, ખરો તે હું ન જવાનો.” ૬
“કહો દૃષ્ટિ જે દૃષ્ટાની, કહો વૃત્તિ જે વક્તાની;
કહે વૃત્તિથકી તેવો, તથાપિ હું ન તેવો છું” ૭
“ભલે ખોટો જગત્ મીઠું, ભલે ખોટો જગત ખારૂં.
"ટરે નહિ ભાવીનું ધાર્યું, કરે ચિન્તા વળે નહિ";
તજી હે ચિત્ત, [illegible], થવાનું તે થશે ત્હારૂં." ૧
"પ્રભુનું કૃત્ય કરશે પ્રભુ, પ્રભુનું કર્મ પ્રભુ પાસે;
[illegible] વળે નહિ ધ્યારણું કિંચિત્." ૨
યથા બુદ્ધિ સમજશોરે જુવો પ્રભુ જાણશે નહીં;
નિમિત્ત [illegible] થવાનેરે. ઉપાદાને રહેશાને ૩
" [illegible] તૃણ તુને ઘણા આવે;
[illegible] સમજ છે શક્તિ અનુસારે. ૪
[illegible] વિચારે જ્ઞાનિયો હવે
[illegible] અધિકના ધર્મની ક્યાંથી ? ૫
[illegible] છે [illegible] પડે છે નિજ પાત્રોમાં;
[illegible] નથી [illegible] દોષ, વાનિનો." ૬
[illegible] બોધ લેવામાં
[illegible] નથી [illegible] વધુનો." ૭
[illegible] અધિકતા ન્યૂનતા, જાણે.
[illegible] કરી તે પાવના લેકે." ૮
[illegible] જતી કૃત્ય મ્હારી એ;
[illegible] નિશ્ચિત મનથી" ૯
[illegible] મનસ્થિરતાથી સારી
[illegible] તે ન જોવાનું." ૧૦
[illegible] બજાવાનું;
[illegible] ફરી ઘણાં કૃત્ય કરવાનું. ૧૧
[illegible] થયા થકે;
[illegible] છે. ૧૨
[illegible] ચાલ ત્યારમાં.
[illegible] ૧૩

[illegible]

મ્હારૂં સ્વરૂપ.

ગઝલ !.

નથી હું કે નથી તું એ, નથી મ્હારૂં નથી ત્હારૂં;
પરિણમતું યથાપાત્ર, નથી ત્યાં દોષ, વસ્તુનો ૧
ખરૂં જોવાય નહિ ત્યાં તો, ખરે એ દોષ, દ્રષ્ટિનો;
અરે અજ્ઞાનના યોગે, ખરૂં નહીં જાણતા જીવો ૨
ખુરે અજ્ઞાનનો પડદો; જણાતી નહિ ખરી વસ્તું;
સહુ આવરણને છેદે, ખરી સર્વજ્ઞની દૃષ્ટિ. ૩
અધુના જે જણાતું નહિ, જણાશે એ સહુ ત્યારે;
ધીરજ ધર શાસ્ત્રને આગળ, જણાશે શુદ્ધ સિદ્ધાંતો. ૪
કરીને યોગ્યતા પ્રાપ્તિ, મળે તેથી ખરી શક્તિ;
સ્વયં તે આવશે પાસે, ઉતાવળથી વળે નહિ રે. ૫
સમય આવે થશે સિદ્ધિ, તથાપિ ઉદ્યમે રહેવું;
નથી શંકા નથી ઝઘડો, નથી ચાંચલ્યતા, મનની. ૬
ઠરૂં સમતાથકી સર્વે, દશા એ આત્મની મ્હારી:
મહા ઇચ્છું સદા ધ્યાવું. અન્ય સાધ્ય કરવાનું ૭
" અપૂર્ણ પૂર્ણતા પામે, ઘટાતું પૂર્વમાર્ગોથી,
ચિદાનન્દી સ્વયં આત્મા, અંકાશાદપિ સરખો." ૮
નથી ત્યાં અન્ય મેળાપી, સ્વયં આનન્દનો દરિયો.
નથી લેવું નથી દેવું. સ્વરૂપે નિત્ય રહેવાનું. ૯
મળ્યું મળશે મળે છે એ, સ્વધર્મે ઉન્નતિ મ્હારી,
ગણ્યું નક્કી ખરૂં એ છે, વિદાનંદ સ્વ દર્શનનું ૧૦
અનુભવ સત્ય દેખાડે. જિનાગમ એ જણાવે છે.
શુદ્ધોપયોગ મસ્ત ચારિત્રે, બુદ્ધિ[illegible] ૧૧

[illegible]

મ્હારી આત્મોન્નતિમાં કર્મની સહાયતા કે વિનાશતા?

ઝગડ.

મહાન્ગે નહિં અહીં સુધી, પ્રભુનો પાર તેહાને
જગમાં મહાન આગી હોં, મટેશાને અરે પાડે ૧
પ્રભુથી ભિન્નતા માને, અરે આ ભિન્ન નું નામ;
મનાવ્યાથી મનાતું નહિ, રહી આ કર્મ નું જડી ૨
કર્યાં ભિન્ન મ્હને [illegible] પણ ભિન્ન નાંખે છે.
કર્યો અપરાધ નહિં ન્હારો, ખમાવું દૂર થા જડી. ૩
અરે જડ પણ ચેતનગ, દબાવે છે મ્હને હાથી.
હઠે છે [illegible] મુજથાક કે ? છે તે. ૪
કર્મથી પ્રાપ્ત [illegible] અન્તરે [illegible] થાતું;
સ્વકીયવીર્યવૃદ્ધિથી, ખસે છે દૂર નું નક્કી. ૫
બને ત્યાં સુધી [illegible] કરે છે કર્મ મુજ સાથે;
સ્વકીયવીર્યવૃદ્ધિથી, ખરે છે [illegible]. ૬
કર્યું ધાર્યું અરે [illegible], રિબાવી દુઃખ દીધું હોં;
ભમાવ્યો [illegible] અનુભવમાં, [illegible] પણ [illegible] મુજને ૭
કર્યાં જે કર્મ ભોગવવાં, [illegible] પ્રારબ્ધ તું છે એ;
[illegible] નહિ લાજ [illegible] પલકમાં [illegible] તજીએ ૮
મ્હને નિશ્ચય થયો નક્કી પ્રખરમહુસાગ્રપનાગભી;
કરીશે [illegible] તે [illegible], [illegible] નહીં ડરતા. ૯
સ્વભાવે સદ્ગુણો [illegible] છે પ્રકાશે કર્મ ટળવાથી;
સહજ આનંદ રસમાં હું, [illegible] ભાળી. ૧૦
સ્વયં બળીયા થયા [illegible], કરીશું પૂર્ણતા બાજની;
રહે નહિ કર્મ પરમાણુ, ખરી આ સાધ્યની સિદ્ધિ. ૧૧
મ્હને મ્હારૂં ત્હને ત્હારૂં, [illegible] હું વિભાવે છું;
ચિદાનન્દી સ્વયં હું છું, [illegible] વ્યક્તિતા સાધું. ૧૨

સુરત.

મ્હારૂં સત્ય સ્વરૂપ અને જગત્ સ્વપ્નવત્.

ગઝલ.

"મ્હને મ્હારૂં થયું સ્વપ્નું. નથી તું કર્મ પોતાનું
મ્હને મ્હારી પ્રવૃત્તિનું, થયું સ્વપ્નું હવે નક્કી." ૧
"થયું વિજ્ઞાન મ્હેં મ્હારૂં, થયું નક્કી હવે ન્યારૂં;
નથી સારી હવે મ્હારી. મ્હને મ્હારી ખરી યારી." ૨
"સ્વયં જાણ્યો સ્વયં જોયો નથી મ્હારી હવે પરવા;
ભલું ઉપકારમાં સાથી, અરે અપકારમાં સાથી." ૩
"અરે ઉપકાર ને માટે ખરી વ્યવહારમાં પરવા;
અહો શાતા અશાતાનું, ક્ષણિક સ્વપ્નું જણાવે છે." ૪
પુન્યના સહાય આપે છે, ભલામાં ભાગ એ મ્હારો;
અહો તું ધન્ય !! શુભ કર્મ, અપેક્ષાએજ ઉપકારી. ૫
તથાપિ હોય તો પણ શું ? નથી મ્હારૂં અરે અન્તે;
તથી લેવું નથી દેવું સ્વભાવે હું સદા સુખી. ૬
પ્રગટતી સામ્યતા તુજપર, હશે તો શું ? જશે તો શું ?
અનુભવ સુખની લ્હેરી, સ્વભાવે સહુ પ્રગટતી એ. ૭
સ્વભાવે શું જ આશ્ચર્ય સ્વરૂપે એ સદા છે રે;
વિભાવિક વૃત્તિયોમાં હું !!! નથી નિશ્ચયથકી જોતાં. ૮
સદા જીવો અમર દીવા, બધામાં હું નથી સહુમાં
અખંડાનન્દની ધારા, અનંતિ જ્યોતનો યોગી. ૯
મ્હને ભાખ્યું કહ્યું તે સહુ, કરેલાં કર્મ નિર્જરવાં;
ખરા નિર્ણય કર્યો જ્ઞાને છુપાવ્યું નહિ છુપાવાતું. ૧૦
અનુભવ એ ભલો ભાગ્યો, હણીશું કર્મને તરશું;
સહજની ઝગહળે જ્યોતિ, બુદ્ધયબ્ધિ શુદ્ધ ઉપયોગે. ૧૧

સુરત.

અલખ ફકીરોની મસ્તાની.

ગઝલ.

"અમે ઉસ્તાદના ચેલા, ફકીરી વેષમાં ફરતા.
નથી દુનિયાતણી પરવા, અલખની ધુનમાં રહેતા; ૧
"જગાવીશું હૃદયગુફા. મુક્તવીશું વિકલ્પોને.
જગાવીશું ચિદાત્માને, નથી લેવું નથી દેવું;" ૨
હરાવીશું હકીકતને. કરાવીશું ખરી સ્થિરતા.
બજાવીશું ખરી સેવા, ક્રિયાયોગી સ્વપરમાટે; ૩
ભણીશું ને ભણાવીશું, ચડીશું ને ચડાવીશું.
કરીશું ને કરાવીશું. અમારૂં સાધ્ય સાધીશું; ૪
ક્રિયા યોગી બન્યા બનશું, બનીશું સામ્યતા યોગી.
ખરેખર જ્ઞાનના યોગી, થયા કિંચિત્ પુરા થઇશું; ૫
થઇ અધ્યાત્મમાં નિષ્ઠા, કરીશું ધર્મ વ્યવહારો.
અલખના દેશમાં જાવા સજીશું સાધનો સર્વે; ૬
"અખણ્ડાનન્દ લેવાને, કરી તન્મયતા લહીશું.
કરીને જ્ઞાનની હોળી, કરેલાં કર્મ બાળીશું;" ૭
સરોવર સામ્યતા ઝીલી, સદા નિર્મલ બનીશું રે.
અમારી સૃષ્ટિ અન્તરની, જુવે છે વીરના ભક્તો; ૮
"અમારી શક્તિથી તરશું, ત તાં સહાય આપીશું.
ખપાના દુઃખમાં ભાગો, લઇશું દુઃખ ટાળીશું;" ૯
"જણાવીશું જીનાજ્ઞાને, પ્રભુના પન્થમાં વહીશું.
કરી હયો ચાહે તે દુનીયા, અમારે વીરનું શરણું;" ૧૦
'ગ્રહણ કરવા ગુણો સર્વે, તજીશું સર્વ દોષોને.
બુદ્ધયબ્ધિની ફકીરીમાં, અમીરી શાહેનશાહી છે;" ૧૧

સુરત.

અમારો ધર્મફેલાવવા કરેલી પ્રતિજ્ઞા.

ગઝલ

'અમારો ધર્મ ફેલાવા. દિધી છે પ્રાણ આહુતિ;
ઝુકાયો છું કરી આ ટેક, અમારી એ પ્રતિજ્ઞા છે" ૧
"જન્મ્યો છું વીરનો ચેલો, બનાવીશું સકલ વીરો.
કર્યું અર્પણ જીવન સઘળું, અધિક નહિ ધર્મથી બીજું." ૨
"ખરા જૈનો બનાવાને, કરીશું કોટી ઉપાયો:
જગાવીશું જગજંતુઓ, કરીશું ધર્મનો ઉદ્ધાર.' ૩
"ડરીશું નહીં કદ વ્યાધી, ડગીશું નહિ ભમાવ્યાથી;
પદેશ ઢોલ પાળીશું, ગજાવીશું, જગત્ સઘળું. ૪
"બનાવીશું બધાને જૈન, પ્રભુનાં તત્ત્વ દેખાડી;
બની બહાદૂર બજાવીશું, બુદ્ધયબ્ધિ ધર્મની સેવા" ૫

સુરત.

શ્રી જ્ઞાનદીપિકા.

ॐ श्री संखेश्वरपार्श्वनाथाय नमः

नत्वा संखेश्वरं पार्श्वं, विद्यादेवीं गुरुं तथा;
स्वार्थं परोपकाराय, क्रियते ज्ञानदीपिका ॥१॥

દુહા.

શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ, પદપંકજ નમી તાસ;
સરસ્વતિ ભગવતી ભારતી, હૃદયે કરજો વાસ. ॥ ૧ ॥
સમકિતદાયક ગુરૂતણો, અતિ અનત્પિ ઉપકાર;
તેહતણા ચરણે નમી, કરશું રચના સાર. ॥ ૨ ॥
જ્ઞાનથકી સુખ સંપજે, જ્ઞાને કર્મ કપાય;
સત્યાસત્યવિવેક પણ, જ્ઞાનથકી પ્રગટાય. ॥ ૩ ॥
દુઃષમ કાળ આધાર છે, જીનપ્રતિમા ને જ્ઞાન;
જ્ઞાનવિના જગ જીવડા, જાણો પશુ સમાન. ॥ ૪ ॥
ભવ્યજન આધાર છે, રૂડું નિર્મળ જ્ઞાન;
પ્રાપ્તિ કરવા તેહની દીજે સદ્ગુરૂ માન. ॥ ૫ ॥

ચતુર્ગતિરૂપ સંસારમાં જીવ અનાદિ કાળથી ભટકે છે. અને એકેંદ્રિયાદિક શરીરની પ્રાપ્તિ પુનઃ પુન કરે છે અનંત પદાર્થોને ભ્રાન્તિથી સ્વકીય માને છે. અને અજ્ઞાનયોગે અસત્યને સત્ય માને છે અને સત્યને અસત્ય માને છે દુર્લભ મનુષ્ય જન્મ પામી કર્તવ્ય પદાર્થ [illegible] કરવા ને વિવે-

બીજું લક્ષણ નથી. કર્તવ્ય કાર્ય તેજ કે જે કરવાથી આત્મા સ્વરૂપ સમજી અજ્ઞાનરૂપ આવરણ દૂર કરી સ્વસ્વરૂપે તદાકાર થઇ રહે. અને જન્મ, જરા મરણનાં દુઃખ દૂર થાય. અને અમર, અખંડ, અચલ, અમૃત, પરમાત્મ પદની પ્રાપ્તિ થાય.

એ પરમાત્મપદની પ્રાપ્તિમાટે પ્રથમ સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. સમ્યગ્જ્ઞાન, અનાદિકાળથી શ્રીતીર્થંકરાદિ મહાપુરૂષોના મુખમાંથી નીકળી સદ્સપુરૂષોને પવિત્ર કરે છે. સમ્યગ્ જ્ઞાન એક એવો સૂર્ય છ કે, ત્રણ ભુવનના પદાર્થો પણ તેનાથી જણાય છે. સત્યસૂર્ય જ્ઞાન છે. જ્ઞાનની વૃદ્ધિ માટે સત્પુરૂષોની સંગતિ કરવી અને તેમની વૈયાવચ્ચ કરવી, તેમની આજ્ઞામાં રહેવું, તન, મન, ધનથી જ્ઞાનીની સેવા માં હાજર રહેવું. કે જેથી અંતે સમ્યગ્જ્ઞાન, આત્મામાં પ્રગટ થાય. જેમ ગૃહમાં રત્નદીપક ગૃહમાં પ્રકાશ કરે છે, તેમ આત્મામાં ઉત્પન્ન થએલું જ્ઞાન પોતાના સ્વરૂપનો પ્રકાશ કરે છે. જગતમા અનેક જીવો સમ્યગ્જ્ઞાનના અભાવથી અજ્ઞાનરૂપમહાઘોરઅંધકારમાં ભટકે છે. અને સ્વપદને ઓળખી શકતા નથી સમ્યગ્જ્ઞાન, થયા બાદ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, અને સમ્યક્ત્વ અનંતર મુક્તિપદ પ્રાપ્તિ સહજ છે.

શુદ્ધદેવ, ગુરૂ, ધર્મની શ્રદ્ધા થયા વિના સમ્યક્ત્વની શ્રદ્ધા થતી નથી. સમકિત વિના સર્વ ધર્મ ક્રિયા મુક્તિ પ્રદા થતી નથી. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભનો ક્ષય થયા બાદ સમ્યક્ત્વની પ્રાપ્તિ છે. ચોથા ગુણઠાણે આવેલો જીવ સમ્યગ્ દૃષ્ટિ જાણવો.

સમ, સંવેગ, નિર્વેદ આસ્તિક્યાદિ ગુણો પ્રગટ થયા બાદ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. સમ્યક્ત્વ વિના જ્ઞાન પણ અજ્ઞાન તરીકે જાણવું. સમ્યગ્દૃષ્ટિની ધર્મક્રિયા મુક્તિ પ્રાપ્તિ માટે જાણવી. અજ્ઞાની

દોષ રહિત વીતરાગ ભગવાન્ તેજ સત્યદેવ છે. કારણકે, વીત રાગ,રાગ,દ્વેષ રહિત છે. અને તેથી તેમને અસત્ય બોલવાની જરૂર નથી. રાગ અને દ્વેષથી અસત્ય બોલી શકાય છે. વળી વીતરાગ ભગવંત કેવળજ્ઞાનેકરી ત્રિભુવનમાં સૂર્ય સમાન છે. તેથી તેમના જ્ઞાનમાં સર્વ પદાર્થો દ્રવ્ય, ગુણ, પર્યાય, ષટ્‌દ્રવ્ય આદિ પ્રમેયો આરિસામાં પ્રતિબિંબની પેઠે વિષયી ભૂત થાય છે, પણ જ્ઞેય પદાર્થોની પાસે જ્ઞાન કંઇ જતું નથી. જ્ઞાનવડે ભગવન્ ત્રણ ભુવનને પોતાનામાં વિષયીભૂત કરે છે.

પ્રશ્ન—હે સદ્‌ગુરૂ!!! આરિસામાં જેમ પ્રતિબિંબ મુખનું ભાસે છે, તેવી રીતે આત્મારૂપ આરીસામાં સર્વ વસ્તુઓનાં પ્રતિબિંબ પડતાં હશે ?

સદ્‌ગુરૂ—હે શિષ્ય પ્રતિબિંબ, રૂપી પદાર્થનું પડે છે. આદર્શ રૂપી છે, અને મુખ પણ રૂપી છે. તેથી રૂપી એવા મુખનું તદાકારવાળું પ્રતિબિંબ આરીસાની નિર્મળતાથી તેમાં ભાસ્યું. સમજવાનું કે રૂપી પદાર્થનું પ્રતિબિંબ પડે છે. અરૂપીનું પ્રતિબિંબ પડતું નથી. જેમ આકાશ અરૂપી છે, તેનું કોઇ પણ વસ્તુમાં પ્રતિબિંબ પડતું નથી, તેમ આત્માનું પણ કોઇ વસ્તુમાં પ્રતિબિંબિ પડતું નથી. આરિસામાં જેમ અન્યવસ્તુ પ્રતિબિંબિત થાય છે. જેમ આકાશ અરૂપી હોવાને લીધે તેમાં કોઈ વસ્તુનું પ્રતિબિંબ પડતું નથી, તેમ આત્મા પણ અરૂપી છે તેમાં અન્ય વસ્તુનું પ્રતિબિંબ પડતું નથી.

શિષ્ય—હે સદ્‌ગુરૂ!!! સર્વ વસ્તુ આત્મામાં ભાસે છે એમ તમે કહો છો, અને દૃષ્ટાંત આરીસાનું આપો છો તો આરીસાની પેઠે આત્મામાં પણ અન્યવસ્તુઓનાં પ્રતિબિંબ પડે છે, અને તેથી આત્મામાં ભાસ થાય છે. એમ માનવું કેમ ન જોઇએ?,

સદ્‌ગુરૂ—હે શિષ્ય !!! આરીસાનું દૃષ્ટાંત અમોએ આપ્યું તે એકદેશી છે. આભાસની સાદૃશ્યતાને લેઇ દૃષ્ટાંત આપ્યુ છે. કિંતુ

આરીસામાં અન્ય વસ્તુનો પ્રતિબિંબિત થાય છે તેમ આત્મામાં અન્ય વસ્તુઓ પ્રતિબિંબિત થતી નથી. રૂપીવસ્તુમાં રૂપીવસ્તુનું પ્રતિબિંબ પડી શકે છે. પણ અરૂપી એવા આત્મામાં રૂપીનું પ્રતિબિંબ પડી શકતું નથી. ' યથા આકાશમ્ ' છાયા પાડનાર રૂપી વસ્તુની છાયા પાડી શકે છે પણ અરૂપીની છાયા પાડી શકતો નથી, કારણકે, અરૂપી પદાર્થની છાયા પડી શકતી નથી. વર્ણ, ગંધ રસ અને સ્પર્શવડે યુક્ત એવા પર (પુદ્ગલ)ના સમૂહે કરી બનેલાં શરીર, તેનું પ્રતિબિંબ રૂપી પદાર્થમાં પડે છે. આત્માની જાતિ જુદી છે. આત્મા ચેતન અરૂપી અક્રિય છે. અને પુદ્ગલ રૂપી છે તેની જાતિ જુદી છે. પુદ્ગલ સક્રિય છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ ગુણો પુદ્ગલપરમાણુઓમા રહ્યા છે. પરમાણુઓ સક્રિય છે, તેથી પરસ્પર એક બીજાને મળવા રૂપ તથા વિખરવા (છુટા પડવા) રૂપ ક્રિયા કરે છે પરમાણુઓનાં સક્રિય ગુણ અનાદિ કાળથી છે. પરમાણુઓમાંથી ક્રિયગુણ કદાપિ કાલે નાશ થવાનો નથી. માટે પરમાણુમાં સક્રિયગુણ અનાદિ અનંત છે. પરમાણુ રૂપ પુદ્ગલમાં પાંચ જાતિના વર્ણ અનાદિ અનતને ભાગે છે. પરમાણુએ. અનંતા છે, અનંત પરમાણુઆઓમાં રહેલ જે વર્ણ તેના પણ ષટ્ગુણ હાનિ વૃદ્ધિ થયા કરે છે, વર્ણનેલેઈ થનારી ષટ્ગુણહાનિવૃદ્ધિ પરમાણુઓમાં નિત્યકાલ શાશ્વતી છે. પરમાણુઓમાં સુરભિગંધ અને દુર્ગંધ એ બે ગંધ અનાદિકાળથી છે, અને અનંતકાળ સુધી રહેવાના છે માટે તે બે ગંધ શાશ્વતા જાણવા, કોઈ પરમાણુમાં સુરભિગંધ, અને કોઈમાં દુર્ગંધ, કોઈ પરમાણુમાં અનંત ગુણો સુરભિગંધ, કોઈમાં અસંખ્યાત ગુણો સુરભિગંધ, કોઈમાં સંખ્યાત ગુણો, અનંતાના સ્થાને અસંખ્યાત અને અસંખ્યાતાના ઠેકાણે સંખ્યાત ગુણ સુરભિગંધ થાય છે. તેમ દુર્ગંધમાં પણ ક્રમશઃ કેવું.

પુદ્ગલ પરમાણુઓમાં પાંચ જાતના રસ રહેલા છે, તેમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ સદાકાલ પરિણમી રહી છે. પરમાણુ સ્કંધોમાં આઠ જાતના સ્પર્શ રહેલા છે. તેમાં પણ ષટ્ગુણહાનિવૃદ્ધિ સદાકાલ પરિણમી રહી છે. કેટલાક પરમાણુઓના બનેલા સ્કંધો પૃથ્વીશરીરરૂપે પરિણમે છે કેટલાએક પરમાણુઓના સ્કંધો જળ શરીરરૂપે પરિણમે છે. તેમાં શીતસ્પર્શની વિશેષકરી મુખ્યતા છે. કેટલાક પુદ્ગલ પરમાણુઓના સ્કંધો અગ્નિ શરીરરૂપે પરિણમે છે, તેમાં ઉષ્ણસ્પર્શની મુખ્યતા છે. કેટલાક પુદ્ગલસ્કંધો વાયુશરીરરૂપે પરિણમે છે. કેટલાક પરમાણુઓના બનેલા પુદ્ગલસ્કંધો વનસ્પતિશરીરરૂપે પરિણમે છે વિચિત્ર પ્રકારનાં વનસ્પતિઓનાં પણ શરીર છે. પૃથ્વીરૂપ શરીરમાં રહેનારા જીવોને પૃથ્વીકાયિક જીવો કહે છે અગ્નિરૂપ શરીર જેનું છે તેવા જીવોને અગ્નિકાયિક જીવો કહે છે ને જીવો ઉષ્ણ [illegible] છે. વાયુરૂપશરીરમાં વ્યાપીને રહેનારા જીવોને વાયુકાયિકજીવો કહે છે વનસ્પતિરૂપશરીરમાં વ્યાપીને રહેનારા જીવોને વનસ્પતિકાયિકજીવ કહે છે આ પ્રમાણે પુદ્ગલ પરમાણુઓના સ્કંધો વિચિત્ર શરીરરૂપે પરિણમ્યા છે, અને તે સર્વશરીર રૂપી છે અને તેમાં વ્યાપીને રહેનારા જીવો. નિશ્ચયનયે વિચારતાં તેના અરૂપી છે. પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેઉકાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક એ પાંચ પ્રકારના [illegible] કહે છે તેમને એક [illegible]

વનસ્પતિકાયજીવો બે પ્રકારના છે. સાધારણ અને પ્રત્યેક. તેમાં એક શરીરને વિષે અનંત જીવો હોય તે સાધારણ વનસ્પતિ જાણવી. આદુ, મૂળા, ગાજર, શકરકંદ, રતાળુ, પિંડાળુ ઇત્યાદિ સર્વ વનસ્પતિને ફુટતા ઝીણા અંકુરા તથા પાંદડાંની નાની કુપળો પાંચવરણી સેવાલ, ભૂમીફોડા, મોથ, થેગ સર્વ જાતનાં કોમળ ફળ, સેહુના પાંદડાં, કુઆર, ગલોના વેલો, ગુગુલી વૃક્ષ, અને છેદ્યાં ઉગે તે વૃક્ષ ઇત્યાદિ સર્વ સાધારણ વનસ્પતિ જાણવી. તેમાં અનંતા જીવો વ્યાપીને રહ્યા છે. તેને બાદર નિગોદ પણ કહે છે, સૂક્ષ્મવનસ્પતિકાયારૂપ કેટલાક પરમાણુપુદ્‌ગલસ્કંધો પરિણમે છે. તેની અંદર ઉત્પન્ન થનાર જીવોને સૂક્ષ્મ વનસ્પતિકાયિક જીવો કહે છે. એને સૂક્ષ્મ નિગોદ કહે છે. તે જીવો ચોદરાજમાં વ્યાપીને રહ્યા છે, જરા માત્ર પણ જગ્યા ખાલી નથી. પૃથ્વી આદિક પાંચ સૂક્ષ્મ અને બાદર શરીર રૂપે વર્ણ ગંધ, રસ અને સ્પર્શ વિચિત્ર પ્રકારના ધારણ કર્તા પુદ્‌ગલ સ્કંધો જીવોને રહેવાના શરીર રૂપે પરિણમી રહ્યા છે. કેટલાક પુદ્‌ગલ સ્કંધો દ્વીન્દ્રિય જીવના શરીરરૂપે પરિણમે છે. કેટલાક પુદ્‌ગલ સ્કંધો ત્રીન્દ્રિય જીવોના શરીરરૂપે પરિણમે છે. કેટલાક પુદ્‌ગલ સ્કંધો ચતુરિન્દ્રિય જીવોના શરીરરૂપે પરિણમે છે. કેટલાક પુદ્‌ગલ સ્કંધો દેવતાના ભવપ્રત્યયિક વૈક્રિય શરીરરૂપે પરિણમે છે, કેટલાક પુદ્‌ગલ સ્કંધો દેવતાના ઉત્તરવૈક્રિયશરીરરૂપે પરિણમે છે, જેવાં જેવાં રૂપ કરવાં હોય તેવા આકાર રૂપે દેવતા પુદ્‌ગલ સ્કંધો ગ્રહણ કરીને પોતાની શકિતવડે ઉત્તર વૈક્રિય શરીરરૂપે પરિણમાવે છે. નારકીના જીવો અશુભ વર્ણ ગંધ, રસ અને સ્પર્શવાળા પુદ્‌ગલોને સ્વશક્ત્યા ગ્રહણ કરી પોતાના શરીરરૂપે પરિણમાવે છે. સાતે નરકમાં નારકી જીવોનાં શરીર જુદા જુદા પ્રકારનાં છે, તેમના પ્રત્યેક શરીરમાં રહેલા વર્ણ ગંધ, રસ અને સ્પર્શ પણ જુદા જુદા પ્રકારના

છે. અને તે આશ્રી ષટ્ગુણહાનિ વૃદ્ધિ. નારકી જીવોના શરીરમાં સમયે સમયે થઇ રહી છે.

જળચર, સ્થળચર, ખેચર, ઉરપરિસર્પ અને ભુજપરિસર્પ, એ તિર્યંચના ભેદો છે. મત્સ્ય, મગર, ગ્રાહ, દેડકાં, કાચબા એ જળમાં રહેનાર તિર્યંચ છે. ગૌ, મહિષી, ગર્દભ, અજા, બિલાડી, ખચ્ચર ઉંટ, સિંહ હાથી વિગેરે સ્થળચરના ભેદો છે. ચકલી મેનાં, પોપટ, વાયસ, સારસ, સમળી, ધુવડ, ભારંડ પક્ષી ઇત્યાદિ ખેચર તિર્યંચના ભેદો છે. પેટવડે ચાલે તેને ઉરપરિસર્પ કહે છે. સાપ અજગર વિગેરે તેના ભેદો છે. ભુજાવડે ચાલે તેને ભુજપરિસર્પ કહે છે. નકુલ, વિગેરે તેના ભેદો છે. પ્રાયઃ પાપની બાહુલ્યતાથી જીવ તિર્યંચની ગતિ પામે છે. કેટલાક પુદ્ગલ સ્કંધો મત્સ્ય જીવના શરીરરૂપે પરિણમે છે. મત્સ્ય જીવનાં શરીર પણ અનેક પ્રકારનાં છે. કોઈનાં નાનાં શરીર હોય છે, કોઈનાં મોટાં શરીર હોય છે મત્સ્ય શરીર યોગ્ય પુદ્ગલોને સ્વશક્ત્યા ગ્રહણ કરી પોતાના શરીરરૂપે પરિણમાવે છે જ્યાં સુધી તે શરીરમાં જીવ વ્યાપીને રહેલો હોય છે ત્યાં સુધી તે સચિત્ત પુદ્ગલો કહેવાય છે, કેટલાક પુદ્ગલ સ્કંધો મગર જીવના શરીર રૂપે પરિણમે છે. મગરનો જીવ, સ્વશક્ત્યા પોતાના શરીર યોગ્યપુદ્ગલોને આહારાર્થે ખેંચી શરીર આદિ રૂપે પરિણમાવે છે. મગરનાં શરીર પણ અનેક પ્રકારનાં છે. તેમાં પણ ષડ્ગુણ હાનિ વૃદ્ધિ સમયે સમયે પરિણમી રહી છે. અહો! મગરનો જીવ કેવાં કેવાં પુદ્ગલો ગ્રહણ કરેછે? કેટલાક પુદ્ગલસ્કંધો તો મગરની ચામડીરૂપે પરિણમે છે કેટલાક પુદ્ગલો દાઢ રૂપે પરિણમે છે, કેટલાક પુદ્ગલસ્કંધો લોહી માંસ. હાડ રૂપે પરિણમે છે, એ સર્વ, મગરના જીવે બાંધેલાં જે કર્મ તેહથી બને છે. પાપકર્મોદયથી મગરનો અવતાર પ્રાપ્ત થાય છે. ગ્રાહ નામનું જંતુ, વિશેષ પાણીમાં થાય છે. ગ્રાહનો જીવ

પોતાના શરીર યોગ્ય પુ ગલોને ગ્રહણ કરી શરીરરૂપે પરિણમાવે છે. શ્રાહના જીવો અનેક છે. તે જીવો પણ કર્મના યોગે તેવાં શરીર પ્રાપ્ત કરે છે, પોતાનું આયુષ્ય સંપૂર્ણ થએ છતે શરીરનો ત્યાગ કરી અપર શરીરમાં જીવ કર્મના યોગે પ્રવેશે છે. કેટલાક પુદ્ગલ સ્કંધોને દેડકાના જીવો ગ્રહણ કરી પોતાના શરીર રૂપે પરિણમે છે. ગર્ભજ અને સમુચ્છિત્ર એ બે પ્રકારનાં દેડકાં થાય છે. કેટલાક પુદ્ગલ સ્કધો કાચબા (કચ્છપ)ના શરીરરૂપે પરિણમે છે. કેટલાક પુદ્ગલ સ્કંધો કઠીણ ચામડી રૂપે પરિણમે છે, કેટલાક પુદ્ગલ સ્કંધો સતિ સ્કંધોને કાચબાનો જીવ આહાર તરીકે પરિણમાવે છે, કેટલાક પુદ્ગલોને કાચબાનો જીવ વિષ્ટા તરીકે પરિણમાવી બહાર કાઢે છે. એમ ચાચબાનું શરીર સર્વ પુદ્ગલનુંજ છે, સુખ દુઃખાદિ શરીર દ્વારા થતી ચેષ્ટાથી કાચબાનો જીવ જણાય છે,

કાચબા અનેક હોય છે, તે સર્વને કર્મના યોગે વિચિત્ર પ્રકારનાં દુઃખો હોય છે. કેટલાક કાચબા મૃત્યુ પામે છે, કેટલાક ઉત્પન્ન થાય છે, એમ સદાકાળ એ પ્રમાણે બન્યા કરે છે. કેટલાક પુદ્ગલસ્કંધોને ગાયનો જીવ આહારાર્થમ ગ્રહી પોતાના શરીર રૂપે પરિણમાવે છે, ગાયનું બાલ નાનું પેટમા હતું તે બહાર નીકળ્યા બાદ પ્રતિદિન દૂધ પીતુ તથા ઘાસ ખાતું પ્રતિદિન વૃદ્ધિ પામે છે, ગાયનું બચ્ચું, સચિત્ત ઘાસ અગર અચિત્ત ઘાસને ક્ષુધા વેદનીય મટાડવા આહારાર્થમ્ ગ્રહણ કરે છે, તે ઘાસનો ઝીણો ચુરો થઇ પેટમાં ઉતરે છે, ત્યાં તેના ઉપર સૂક્ષ્મ ક્રિયા પચાવવા રૂપ થાય છે, તે ઘાસના પુદગલોનું લોહી આદિ બને છે. અને અસાર પુદ્ગલોની છાણ બની બહાર નીકળે છે. પુદ્ગલોની વૃધ્ધિથી શરીર વૃધ્ધિ કરતુ ગાય તરીકે બને છે. ગાયો ગ્રામ્યારણ્યા બે પ્રકારની કહેવાય છે. એક ગામમા રહેનાર અને બીજી હિમાલય આદિ પર્વતના ચમરી ગાય થાય છે તે, ગાયો અનેક છે. ગાયપ્રતિ ભિન્ન

ભિન્ન કર્મ કહ્યાં છે, ગાયનું [illegible] પણ પુદ્‌ગલમય છે, [illegible] પણ પુદ્‌ગલના બનેલા છે, દાંત પણ પુદ્‌ગલના છે. એમ આખે જે જે દેખાય છે તે સર્વ પુદ્‌ગલ છે. શર્મચક્ષુથી પુદ્‌ગલ દેખી શકાય છે. કેટલાક પુદ્‌ગલ સ્કંધો જીવના શરીર [illegible] પરિણમે છે [illegible], અને જીવનું શરીર પુદ્‌ગલનીજ બનેલું છે [illegible] બનવાનું મુખ્ય કારણ કર્મ છે. અને [illegible] છે. આત્માની અશુદ્ધ પરિણતિના [illegible], અને એ અશુદ્ધ પરિણતિ [illegible] કર્મયોગે વાયુ, ગંધ, રસ અને [illegible] નહીં વાયરી સ્વશક્ત્યા પોતાના શરીર [illegible] ના, [illegible], વાયસ, ભારંડપખી વિગેરેનું [illegible] પાણી ભરાવે છે તેના [illegible] ની અંદર જીવ રહેલા [illegible] છે, અને તે આકાશમાં [illegible] સિવાય નહીં ઉપનું નથી. [illegible] દેખવામાં આવે છે. [illegible] બને છે. કેટલાક પુદ્‌ગલ [illegible] જીવ [illegible] પોતાના શરીરરૂપે પરિણમાવે છે. [illegible] જીવ પણ પુદ્‌ગલો આહારાર્થમ્ નહીં પોતાના શરીર [illegible] છે

મનુષ્યના [illegible] છે તેના શરીર પણ પુદ્‌ગલના બનેલા છે જીવના પ્રદેશો સાથે ક્ષીરનીરવત લાગેલાં પુદ્‌ગલો તે નચિત્ત પુદ્‌ગલો [illegible] છે [illegible] વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ [illegible] શરીર રૂપ પણ પુદ્‌ગલો પરિણમ્યા છે, છ [illegible] પુદ્‌ગલો પરિણમ્યા છે, પાચ શરીરરૂપે પરિણમેલા પુદ્‌ગલો [illegible] અન્યરૂપે પણ પરિણમે છે. [illegible] નરક, વૈમાનિક વિમાન [illegible] પર્વત પચ મેરૂપર્વત એ

સર્વ પુદગલથી અનંત છે. લોકાકાશમાં પુદગલ દ્રવ્ય વ્યાપીને રહ્યું છે. સંસારિક જીવોનાં શરીર રૂપે પુદગલ પરિણમે છે. પુદગલ પરમાણુ પણ અનંતા છે. તેમ જીવદ્રવ્ય પણ અનંત છે. તેની સંખ્યા જણાવે છે. ગર્ભજ મનુષ્ય સંખ્યાતા છે. સમૂર્છિમ મનુષ્ય અસંખ્યાતા છે. નારકી અસંખ્યાતા છે. દેવતા અસંખ્યાતા છે. તિર્યંચપંચેંદ્રિય અસંખ્યાતા છે, બેઇંદ્રિય અસંખ્યાતા છે. તેઇંદ્રિય અસંખ્યાતા છે. ચઉરિંદ્રિયઅસંખ્યાતા છે. તે થકી પૃથ્વીકાય અસંખ્યાતા છે અપકાય અસંખ્યાતા છે. તેઉકાય અસંખ્યાતા છે. વાઉકાય અસંખ્યાતા છે. પ્રત્યેક વનસ્પતિ જીવ અસંખ્યાતા તે થકી સિદ્ધના જીવ અનંતા. તે થકી બાદર નિગોદના જીવ અનંત ગુણા, બાદર નિગોદ તે કંદમૂળ. લસણ, ડુંગળી, આદુ, ગાજર, રતાળુ, પિંડાળુ, શકરીયાં, ગાજર, બટાટા વિગેરે જાણવી. સૂઈના અગ્રભાગ ઉપર જેટલું કંદમૂળ આવે તેટલામાં અનંતા જીવ કહ્યા છે, તે સિદ્ધના જીવથી અનંત ગુણા છે, અને સુક્ષ્મ નિગોદના જીવ સર્વથી અનંત ગુણા છે. તે સુક્ષ્મ નિગોદિયા જીવો કેવળ જ્ઞાન વિના દેખી શકાય નહીં. સર્વજ્ઞ વચનથી તેની પ્રતીતિ થાય. ચૌદરાજલોકનેવિષે નિગોદિયા જીવ વ્યાપીને રહ્યા છે. જેટલા લોકાકાશના પ્રદેશ છે, તેટલા નિગોદિયા જીવના ગોળા છે. તે એક એક ગોળામાં અસંખ્યાતા નિગોદ છે, નિગોદ એટલે અનંતા જીવનો પિંડભૂત એક શરીર તેને નિગોદ કહે છે, એકેક નિગોદ મધ્યે અનંતા જીવ છે, અતીતકાલના સર્વસમય, અનાગત કાલના સર્વસમય, વર્તમાન કાલનો એકસમય તેને ભેળા કરી અનંત ગુણા કરીએ એટલા એક નિગોદમાં જીવ છે. એક જીવના અસંખ્યાતા પ્રદેશ છે. એકેકા આત્માનાપ્રદેશે અનંતિ કર્મની વર્ગણા લાગી છે. તે એક એક વર્ગણા મધ્યે અનંતા પુદ્ગલ પરમાણુઓ છે. વર્ગણાઓ આઠ છે. ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ, ભાષા, શ્વાસોશ્વાસ, મનોવર્ગણા અને કાર્મણવર્ગણા એને આઠ વર્ગણાઓને રાગદ્વેષના યોગે દરેક સંસારી જીવો ગ્રહણ કરે છે. એ આઠ વર્ગણાઓ પુદ્ગલની બનેલી

આઠસ્પર્શી રૂપી પુદ્‌ગલ જે છે તેમાં કેટલાક દૃષ્ટિગોચરમાં આવે અને કેટલાક દૃષ્ટિગોચરમાં આવે નહીં. વાયુકાયના પુદ્‌ગલ તથા આહારક શરીરના ધુંધલા તે વિસ્રસા પુદ્‌ગલ અને છ પ્રકારના દ્રવ્યલેશ્યાના ઈત્યાદિકવરતુ આઠસ્પર્શી જે છે તે માંહેલા જે પુદગલના સ્કંધમાં કર્કશ અને ભારે સ્પર્શના પુદ્‌ગલ ઘણા હોય તથા સુકુમાલ, મૃદુ અને હલકા પુદ્‌ગલ ઘણા હોય તે દૃષ્ટિગોચરમાં આવે નહીં, એટલે આંખે કરીને દેખાય નહીં, ઉપરાંત ઔદારિક, વૈક્રિયઆદિ પ્રમુખ સર્વના પુદ્‌ગલો દૃષ્ટિ ગોચરમાં આવે છે. તે માટે આઠ સ્પર્શીરૂપી પુદ્‌ગલ દૃષ્ટિગોચરમાં આવે અને નહીં પણ આવે. પુદ્‌ગલ પરમાણુઆ અનંત જીવોના તથા તે મધ્યેથી એકેક જીવના જે અસંખ્યાતા પ્રદેશ તે થકી પણ અનંત ગુણા છે. સ્કંધ પણે અથવા છુટા પરમાણુપણે વધે તથા ઘટી જાય પણ પરમાણુ પુદ્‌ગલપણે જે સંખ્યા છે તેમાં વધઘટ થતી નથી.

દ્વયણુકાદિક જેટલા સ્કંધ છેતેસર્વેનું મૂલ કારણ પરમાણુ છે. એટલે સર્વ સચિત્ત તથા અચિત્ત સ્કંધોનું પરમાણુઆ કારણ છે. પણ એ પરમાણુનું કારણ કોઇ નથી, પરમાણુઆ સદા શાશ્વતા છે. પરમાણુઆ અનાદિકાલના છે. તેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ રહેલા છે. અને તેને વિષે પણ ષટ્‌ગુણ હાનિ વૃદ્ધિ થઇ રહેલી છે, પરમાણુ સૂક્ષ્મ છે, એક આકાશ પ્રદેશમાં અનંત પરમાણુઆ સમાય છે. પણ પરમાણુ મધ્યે બીજું કોઇ દ્રવ્ય સમાય નહીં. માટે પરમાણુ દ્રવ્ય સૂક્ષ્મ છે અને નિત્ય છે, જેટલા પરમાણુ દ્રવ્ય છે તે સ્કંધાદિ અનેક પણે પરિણમે, પણ પરમાણુ દ્રવ્ય કોઇ વિણસી જાય નહીં. એવા પરમાણુઆ છે. એક પરમાણુમાં એક રસ હોય, એક વર્ણ હોય, એક ગંધ હોય. અને લુખો, ચીકણો, શીત, ઉષ્ણ એ ચાર સ્પર્શ માંહેલા ગમે તે બે સ્પર્શ હોય. એવો એક પરમાણુ દ્રવ્ય છે અત્ર કોઇ શંકા કરે કે પરમાણુઓ આંખે દેખાતો નથી તો તે કેવી રીતે મનાય ?

તેનો ઉત્તર પરમાણુઆથી બનેલાં ઘટ, પટ, દંડ, ચક્રાદિક કાર્ય દેખાય છે, અડવાય છે, તે રૂપી છે તો તેના સંબંધનું કારણ પરમાણુઓ સૂક્ષ્મ છે. માટે આંખે દેખાતા નથી. જેમ વાયુ વાય છે, વૃક્ષ કંપાવે છે, પાંદડાં હલાવે છે, તે કાર્યને દેખી વાયુ છે એમ આપણે જાણીએ છીએ. તેમ ઘટનું કારણ પરમાણુઆ છે, એમ જાણવું. પરમાણુઆ રૂપી છે તો તે થકી બનેલા ઘટ, પટાદિક પદાર્થો પણ રૂપી થયા છે, અને આકાશ પ્રદેશ અરૂપી છે. તો તેનો અનંત પ્રદેશી સ્કંધ પણ અરૂપી છે. એમ સમજવું પરમાણુઓના દ્વયણુક ત્ર્યણુકાદિક સ્કંધ અનંતા છે તથા જુદા પરમાણુઆ કે જે દ્વયણુકાદિક સ્કંધ રૂપે નહીં પરિણમેલા તે પણ અનંતા છે. ને વળી સ્કંધમાં મળે છે તો બીજા સ્કંધમાંહેથી જુદા થાય છે. અસંખ્યાત તથા અનંતપરમાણુઓ મળીને સ્કંધ થાય છે. તે પણ અનંતા સ્કંધ જાણવા. તેએ જાતિના સ્કંધ એક આકાશ પ્રદેશ અવગાહે, એમ અસંખ્યાતા પ્રદેશ અવગાહે છે. પણ એક વર્ણાદિની અવગાહના અંગુલને અસંખ્યાતમે ભાગે અવગાહે, વધતી અવગાહે નહીં. અને અનંતિ વર્ગણા મળી અંગુલ, હાથ, ગાઉ, યોજનાદિકને માને અવગાહના થાય. દ્રવ્યાર્થિક નયેકરી એના પરમાણુઓ નિત્ય છે, અને પર્યાયાર્થિકનયથી [illegible] અનિત્ય છે કેમકે, પરમાણુમાં એકેક વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ પલટાય છે એ ભગવતી સૂત્રના [illegible] શતકના [illegible] કહ્યું છે [illegible]. એકેક પરમાણુમાં અનંતા અનંતા પર્યાય છે. એ [illegible] પદમાં છે.

વળી પુદ્ગલાસ્તિકાયના [illegible] ભેદ છે તેનું નિરૂપણ

પુદ્‌ગલમાં ૫ પાંચ વર્ણ ૨ બે ગંધ ૫ પાંચ રસ ૮ આઠ સ્પર્શ અને ૫ પાંચ સંસ્થાન રહ્યા છે.

વર્ણ પાંચ. ૧–કૃષ્ણ ૨ નીલ ૩ પીત ૪ રક્ત ૫ શ્વેત.
ગંધ બે છે. ૧–સુરભિ બીજો દુરભિ ગંધ.

રસ પાંચ છે-તિખો, કટુક, કષાયલો, ખાટો, મધુર

સ્પર્શ આઠ છે–ગુરૂ, લઘુ, મૃદુ, ખરસ્પર્શ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ, સંસ્થાન પાંચ છે:—

એક કૃષ્ણવર્ણમાં ૨ બે ગંધ રહ્યા છે. ૫ પાંચ રસ ૮ આઠ સ્પર્શ ૫ પાંચ સંસ્થાન એવં ૨૦ એ વીશને પાંચ વર્ણે ગુણતાં ૧૦૦ શત ભેદ વર્ણના થયા.

એક સુરભિગંધમાં પાંચ વર્ણ રહ્યા છે, તથા પાંચ રસ, આઠ પ્રકારના સ્પર્શ અને પાંચ સંસ્થાન એવં ૨૩ ત્રેવીશ દુરભિગંધમાં પણ ત્રેવીશ સરવાળે ૪૬ છેતાલીસ ભેદ ગંધના થયા.

એકતિખા રસમાં–પાંચ વર્ણ તેમજ સુરભિગંધ અને દુરભિગંધ, આઠ પ્રકારના સ્પર્શ અને પાંચ સંસ્થાન ગણતાં વીશ ભેદ થાય, પાંચે રસના મળી એકશત (સો) ભેદ થયા.

ભારે સ્પર્શ હોય ત્યાં લઘુ એટલે હલકો સ્પર્શ ના હોય, સુંવાળો જ્યાં હોય ત્યાં ખર એટલે બરસટ સ્પર્શ હોય નહીં. સ્નિગ્ધ એટલે ચોપડો સ્પર્શ જ્યાં હોય ત્યાં રૂક્ષ એટલે લુખો સ્પર્શ હેય નહીં. શીત સ્પર્શ જ્યાં હોય ત્યાં ઉષ્ણ સ્પર્શ હોય નહીં. એક ભારે સ્પર્શવાળા પુદ્‌ગલમાં લઘુ સ્પર્શ ટાળતાં મૃદુ, ખર, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ એ ૬ છ સ્પર્શ હોય.

એક ભારે સ્પર્શમાં ૫ વર્ણ ૨ ગંધ ૫ રસ ૬ સ્પર્શ ૫ સંસ્થાન મળવાથી ૨૩ બેલીસ થયા, તેને આઠ સ્પર્શે ગુણતાં એકસો ચોરાશી ૧૮૪ ભેદ થયા.

એક સંસ્થાનમાં પાંચ વર્ણ હોય, બે ગંધ હોય, પાંચ રસ, આઠ સ્પર્શ હોય એવં વીશ ભેદ થયા. તેને પાંચે ગુણતાં ૧૦૦ એક સો ભેદ સંસ્થાનના થયા.

૫ વર્ણના ૧૦૦ ભેદ, ગંધના ૪૬, રસના ૧૦૦ ભેદ, સ્પર્શના ૧૮૪ ભેદ, સંસ્થાનના ૧૦૦ એકસો ભેદ, સરવાળે પાંચસે ત્રીશ ભેદ ૫૩૦ પુદ્ગલાસ્તિકાયના થયા. તેમજ ધર્માસ્તિકાયના સ્કંધ, દેશ, પ્રદેશ તથા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ગુણ એ આઠ ભેદ તેમજ અધર્માસ્તિકાયના સ્કંધ, દેશ, પ્રદેશ તથા દ્રવ્ય ક્ષેત્ર, કાળ ભાવ અને ગુણ એ આઠ ભેદ થયા. આકાશાસ્તિકાય ના સ્કંધ, દેશ, પ્રદેશ તથા દ્રવ્ય, ક્ષેત્ર કાળ, ભાવ અને ગુણ એ આઠ ભેદ છે [illegible] નહીં હોવાને લીધે તેના સ્કંધ, દેશ પ્રદેશ નથી [illegible], કાળ અને ભાવ તથા વર્તના [illegible] પાંચ ભેદ થયા ચારના મળી [illegible] પાંચસે ત્રીશ ભેદમાં આ ચારના [illegible] અજીવના ૫૬૦ પાંચસો સાઠ ભેદ થયા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ એ [illegible] અજીવ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણ તેમનામાં નથી [illegible] છે

હવે પ્રથમ ધર્માસ્તિકાયનું સ્વરૂપ [illegible] ગતિ દ્રવ્યને ગમન ક્રિયામાં સહાય આપવી એ ધર્માસ્તિકાયનું લક્ષણ છે

ગમં વિશેષકે, જલમાં માછલીને ગતિ કરતાં જલ જેમ ગતિ સહાયક છે તેમ ધર્માસ્તિકાય પણ જીવ અને પુદ્ગલને ગતિ કરવામાં સહાયક છે, ધર્માસ્તિકાયના ચાર ગુણ છે. એક અરૂપી બીજો અચેતન ત્રીજો અક્રિય ચોથો ગતિસહાય ગુણ, એ ચાર ગુણ, ધર્માસ્તિકાયમાં અનાદિ કાળથી રહ્યા છે ધર્માસ્તિકાયના ત્રણ ભેદ છે. સ્કંધ, દેશ અને પ્રદેશ એનું સ્વરૂપ કેવલ જ્ઞાની સાક્ષાત્ જાણી શકે છે,

હવે અધર્માસ્તિકાયનું સ્વરૂપ કહે છે.

स्थितिपरिणतानां जीवपुद्गलानां स्थित्युपष्टंभहेतुः
अधर्मास्तिकायः स च असंख्यप्रदेशलोकपरिमाणः

સ્થિતિપણે પરિણમ્યા જીવ તથા પુદ્ગલ તેને સ્થિતિના કોઈ બાનો હેતુ તેને અધર્માસ્તિકાય દ્રવ્ય કહે છે. તે પણ લોકાકાશ પરિમાણ અસંખ્યાત પ્રદેશી છે. અરૂપી, અચેતન, અક્રિય અને સ્થિતિ સહાયક એ ચાર ગુણ તેમાં વ્યાપીને રહ્યા છે. એ અધર્માસ્તિકાય દ્રવ્ય સદા નિત્ય દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ છે અગુરૂલઘુ પર્યાયથી તેમાં ષટ્ગુણ હાનિવૃદ્ધિ થવાથી પર્યાયાર્થિકનયની અપેક્ષાએ અનિત્ય છે. અનંતા પર્યાય, અનંતા ધર્મ, અધર્માસ્તિકાયમાં રહ્યા છે

આકાશાસ્તિકાયનું સ્વરૂપ

सर्वद्रव्याणां आधारभूतः अवगाहकलक्षणानां जीवपुद्गलानां अवगाहोपष्टंभक आकाशास्तिकायः स च अनंतप्रदेशः लोकालोक परिमाणः तत्र जीवादयो वर्तन्ते स लोकः असंख्यप्रदेशपरिमाणः शेषः अलोकः केवलाकाशप्रदेशवृंदरूपः स च अनंतप्रदेशमानः

[illegible]
[illegible]

રૂપૂત તેને આકાશાસ્તિકાય દ્રવ્ય કહે છે. તેના પ્રદેશ અનંત છે. આકાશના બે ભેદ છે. ૧ લોકાકાશ. ૨ અલોકાકાશ. જે આકાશમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવ તથા પુદ્ગલ છે. તેને લોકાકાશ કહે છે. અલોકના પ્રદેશ અનંતા છે. અરૂપી, અચેતન, અક્રિય, અવગાહનાદાનગુણ એ ચાર ગુણ આકાશાસ્તિકાય દ્રવ્યના છે. દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ આકાશ નિત્ય છે. પર્યાયાર્થિકનયની અપેક્ષાએ આકાશ અનિત્ય છે. આકાશ શાશ્વતું છે, અનાદિ કાળથી છે અને તેનો અંત નથી માટે અનંત છે. તેમાં અનંતા ધર્મ અનંતા પર્યાય રહ્યા છે.

गाथा.

अधम्मदव्वं ठिइ, उवट्ठंभकारणं भणियं;
आगासं पुण ओगाह, दाणलिंगं मुणेयव्वं. ॥ १ ॥

હવે પુદ્ગલાસ્તિકાયનું સ્વરૂપ કહે છે.

पूरणगलनस्वभावः पुद्गलास्तिकायः स च परमाणुरूपः तेष लोके अनंताः एकरूपाः परमाणवः अनंताः द्वयणुका अप्यनंताः त्र्यणुका अप्यनंताः एवं संख्याताणुकाः स्कंधा अप्यनंताः असंख्याताणुकास्कंधा अप्यनंताः एकस्मिन् आकाशप्रदेशे एवं सर्वलोकेऽपि ज्ञेयं एवं चत्वारोऽस्तिकाया अचेतनाः

પુદ્ગલાસ્તિકાયનું એ પ્રકારે સ્વરૂપ કથન કર્યું છે. એ ચાર દ્રવ્ય અચેતન છે [illegible] ચેતન છે

ધર્માસ્તિકાયના ત્રણ ભેદ છે, એક સ્કંધ, દેશ અને પ્રદેશ દેખે. [illegible] અધર્માસ્તિકાયના ત્રણ ભેદ છે. એક સ્કંધ બીજો દેશ, ત્રીજો પ્રદેશ અને દેશ [illegible]

સ્તિકાયના ચાર પર્યાય છે. એક સ્કંધ બીજો દેશ ત્રીજો પ્રદેશ અને ચોથો અગુરૂ લઘુ. પુદ્ગલદ્રવ્યના ચાર પર્યાય છે. એક વર્ણ બીજો ગંધ, ત્રીજો રસ અને ચોથો સ્પર્શ અગુરૂ લઘુ સહિત. કાલ દ્રવ્યના ચાર પર્યાય છે. અતીતકાલ, અનાગતકાલ ત્રીજો વર્તમાનકાલ અને ચોથો અગુરૂલઘુ છે.

જીવનું સ્વરૂપ કહે છે.

चेतना लक्षणो जीवः चेतना च ज्ञानदर्शनोपयोगी अनंतपर्याय परिणामिकर्तृत्वभोक्तृत्वादिलक्षणो जीवास्तिकायः

ચેતના લક્ષણ, જીવનું છે. જ્ઞાન દર્શન,ઉપયોગ સ્વરૂપ ચેતના છે, અનંત પર્યાય તેનો પરિણામી કર્તા ભોક્તાદિક અનંત શક્તિનું પાત્ર તે જીવ જાણવો.

पन्नत्तं गाथा नाणंच दंसणं चेव, चरित्तं च तवो तहा;
वीरियं उवओगोय एवं जीवस्स लक्खणं ॥ १ ॥

ચેતના લક્ષણ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્યાદિક અનંત ગુણનું પાત્ર સ્વસ્વરૂપ ભોગી સ્વપરપ્રકાશક, સ્વસ્વરૂપાનંદ, અનંતગુણભોગી. [illegible]

[illegible]

[illegible]

રહિત થયો છતો જીવ ઉર્ધ્વગતિ કરે. એમ ચાર પ્રકારે એક સમેય માંહે જેની ઉર્ધ્વગતિ છે. એવા સિદ્ધ ભગવાનને પુનઃપુનઃનમસ્કાર કરૂં છું. સ્ફટિકરત્નમયીસિદ્ધશિલાના ઉપરે એક યોજનના ચોવીસમા ભાગે સિદ્ધના જીવ રહ્યા છે. એક સિદ્ધ આશ્રયી સાદિ અનંત સ્થિતિ છે. ત્યાં સિદ્ધના જીવોની અનેક પ્રકારની અવગાહના છે. જઘન્ય બે હાથના અને ઉત્કૃષ્ટ પાંચશે ધનુષ્યમાન શરીરના પણ સિદ્ધ થયા છે. સિદ્ધના દૃષ્ટાંત=મુક્તિનું સુખ કહેવા કોઈ સમર્થ નથી. તે સિદ્ધનું દૃષ્ટાંત અમારી બનાવેલી અનુભવ પચ્ચિશી વા અન્ય મહાગ્રંથોથી સમજવું, મુગાને ગોળ ખવરાવી પશ્ચાત તેની મીઠાશનું સ્વરૂપ પૂછીએ ત્યારે તે કરસંજ્ઞાએ બતાવે, પણ મુખથી મીઠાશ કહી ન શકે, તેમ સિદ્ધના સુખ અનંત જાણવા. તે સર્વ મુખથી કહી શકાય નહીં એક સિદ્ધની અવગાહનામાં અનંતાસિદ્ધની અવગાહના રહી છે જેમ એક ઘરમાં એક દીપકનો પ્રકાશ માઈ રહ્યો છે, અને તેમાં અનેક દીવા કરે તો તેનો પ્રકાશ પણ માય છે, તેમ એક સિદ્ધની જ્યોતિ માંહે અનંત સિદ્ધોની જ્યોતિ મળી રહી છે. [illegible]

અબંધક, અયોગી, અભોગી, અરોગી, અભેદી, અવેદી, અછેદી, અખેદી, અકષાયી, અસખાયી, અલેશી, અશરીરી, અનાહારી, અવ્યાબાધ, અનવગાહી, અગુરૂલઘુ, અપરિણામી, અપ્રાણી, અસંસારી, અમર, અપર, અપરંપર, અવ્યાપી, અનાશ્રિત, અકંપ. લોકાલોક જ્ઞાયક, શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ એવા સિદ્ધ ભગવાન છે. તેમને પુનઃ પુનઃ નમું છું. આઠ પ્રકારના કર્મક્ષયથકી સિદ્ધ પરમાત્માને આઠ ગુણ પ્રગટ થયા છે. જ્ઞાનાવરણીય કર્મના સંક્ષયથી અનંત જ્ઞાન પ્રગટ્યું છે, દર્શનાવરણીય કર્મના સક્ષયથી અનંત દર્શન પ્રગટ્યુ છે, જ્ઞાનનો વિશેષ ઉપયોગ અને દર્શન તે સામાન્ય ઉપયોગતરીકે જાણવું. સિદ્ધના જીવોને પ્રથમ જ્ઞાન અને પશ્ચાત્ દર્શન જાણવું, છદ્મસ્થ જીવોને પ્રથમ સામાન્ય ઉપયોગ અને પશ્ચાત્ વિશેષ ઉપયોગ જાણવો. વેદનીયકર્મના સક્ષયથકી અવ્યાબાધ સુખ પ્રગટે. દર્શન મોહનીય અને ચારિત્રમોહનીયના નક્ષયથી ક્ષાયિકભાવે સમ્યકત્વ અને સ્થિરતા પ્રગટે છે આયુષ્ય કર્મસંક્ષયથી સિદ્ધને અક્ષય સ્થિતિ પ્રગટે. સિદ્ધ પરમાત્મા કદાપિ કાળે સસારમાં અવતાર લઇ શકતા નથી. અને જે સસારમા અવતાર લે છે તે સિદ્ધો તરીકે જાણાવા નહીં. નામકર્મના સંક્ષયથી સિદ્ધ અમૂર્તપણું પ્રગટે છે. ગોત્રના નક્ષયથી અગુરૂલઘુગુણ સિદ્ધને પ્રગટ્યો છે. અંતરાય કર્મના સક્ષયથી સિદ્ધ પરમાત્મામા અનંત વીર્ય આવિર્ભાવરૂપે પ્રગટ્યું છે એ આઠ ગુણ સિદ્ધ પરમાત્માને સાદિ અનન્તમે ભાગે પ્રગટ્યા છે, એક સમયમાં ત્રણે કાલના સર્વ વિચારને સિદ્ધ ભગવાન જ્ઞાનેકરી જાણે છે. વિશેષ સિદ્ધનું સ્વરૂપ અનુભવ પરિચયથી જોવુ તથા સૂત્ર આદિ પવિત્ર ગ્રંથોથી જીજ્ઞાસુએ જાણવુ

સંસારી જીવનુ સ્વરૂપ.

કર્મ સહિત જે જીવો તેને સંસારી જીવો કહે છે. જીવના બે ભેદ છે. સયોગી અને અયોગી. અયોગી તે ચઉદમા ગુણઠાણે

વર્તતા જીવ જાણવા. સયોગીના બે ભેદ છે. ૧ કેવલી અને બીજો છદ્મસ્થ, સયોગી કેવલી તેરમા ગુણઠાણે વર્તનારા જાણવા. છદ્મસ્થના બે ભેદ. ૧ ક્ષીણ મોહી અને બીજો ઉપશાંત મોહી ક્ષીણમોહી તે બારમા ગુણઠાણે વર્તનારા જીવ જાણવા. ૨ સકષાયી સકષાયીના બે ભેદ છે. ૧ શ્રેણિપ્રતિપન્ન ૨ શ્રેણિરહિત. શ્રેણિરહિતના બે ભેદ છે. ૧ અપ્રમાદી, ૨ પ્રમાદી. પ્રમાદીના બે ભેદ છે. સર્વ વિરતિ અને દેશવિરતિ. સર્વવિરતિ તે છઠ્ઠાગુણઠાણે વર્તનારા મુનિરાજ જાણવા. અવિરતિના બે ભેદ છે. સમ્યગ્દૃષ્ટિ અવિરતિ અને મિથ્યા દૃષ્ટિ અવિરતિ. સમ્યગ્દૃષ્ટિ અવિરતિ તે ચોથા ગુણઠાણાએ વર્તનારા જીવો જાણવા. મિથ્યાત્વિના બે ભેદ છે. ભવ્ય અને અભવ્ય ભવ્યના બે ભેદ, ગ્રંથી ભેદી અને અગ્રંથી ભેદી. એ ભેદ જાણવા, કર્મની ઉપાધિથી એ સર્વભેદ જાણવા. અભવ્ય જીવ કદાપિ કાળે મુક્તિ જાય નહિં. કારણ કે. તેનામાં મુક્તિ જવાની યોગ્યતા નથી. મુક્તિ જવાની યોગ્યતા જેને છે તે ભવ્યજીવો જાણવા.

સંસારી જીવો ગુણઠાણા સહિત હોય છે, માટે ગુણઠાણા કહે છે.

गाथा

मिच्छे १ सासण २ मीसे ३ अविरय ४ देसे ५ पमत्त ६ अपमत्ते ७ नियट्टि ८ अनिअट्टि ९ सुहुम १० वसम ११ खीण १२ सयोगी १३ अयोगी १४ गुणा ॥ १ ॥

૧ મિથ્યાત્વ ગુણસ્થાનક-પ્રથમ ગુણઠાણે મિથ્યાત્વી જીવ હોય, તે મિથ્યાત્વના પાંચ ભેદ છે. ૧ અભિગ્રહિક મિથ્યાત્વ, લીધો હઠ મુકી શકે નહીં. ૨ અનભિગ્રહિક મિથ્યાત્વ, કુદેવ, કુગુરૂ, કુધર્મને ધર્મ સરીખા કરી માને પૂજે તેને અનભિગ્રહિક મિથ્યાત્વ કહે છે.

ખોટાને ખોટા તરીકે જાણે પણ હઠ કદાગ્રહથી તે મુકી શકે નહીં. ઉત્સુત્ર ભાષણ કરે, તે આભિનિવેશિક મિથ્યાત્વ જાણવું. શ્રી કેવલી ભગવંત કથિત ધર્મમાં સંશય થાય તે સાંશયિક મિથ્યાત્વ જાણવું. શ્રી કેવલીના ધર્મનું કંઇ જાણપણું નહીં. એકેંદ્રિય, વિકલેંદ્રિયની પેઠે તે અનાભોગિક મિથ્યાત્વ જાણવું. શ્રી ઠાણાંગસૂત્રમાં દશ પ્રકારે મિથ્યાત્વ કહ્યું છેઃ—

૧ જીવને અજીવ કરી જાણે તે મિથ્યાત્વ. ૨ અજીવને જીવ કરી જાણે તે મિથ્યાત્વ. ૩ ધર્મને અધર્મ કરી માને તે મિથ્યાત્વ. અધર્મને ધર્મ કરી માને તે મિથ્યાત્વ. ૫ મોક્ષનો માર્ગ જ્ઞાન દર્શન, ચારિત્ર તેને મોક્ષ તરીકે માને નહીં તે મિથ્યાત્વ ૬ સંસારભ્રમણના હેતુને મોક્ષ માર્ગ કરી માને તે મિથ્યાત્વ. ૭ મુક્ત થયા નથી તેમાં મુક્તપણાની બુદ્ધિ તે મિથ્યાત્વ. ૮ મુક્તને વિષે અમુક્તપણાની બુદ્ધિ તે મિથ્યાત્વ. ૯ વીતરાગોક્ત સાધુને વિષે અસાધુપણાની બુદ્ધિ તે મિથ્યાત્વ. ૧૦ અસાધુને વિષે સાધુપણાની બુદ્ધિ તે મિથ્યાત્વ.

અભવ્યજીવને અનાદિ અનંતમે ભાંગે મિથ્યાત્વ છે. ભવ્ય જીવને અનાદિ સાંત ભાંગે મિથ્યાત્વ છે સાદિ સાંત સ્થિતિ પડિવાઈ જીવને જઘન્ય થકી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અર્ધ પુદ્ગલ પરાવર્ત કાળમાં કાંઈક ઉણી સ્થિતિ જાણવી

૨ સાસ્વાદન ગુણસ્થાનક કોઈ જીવ ઉપશમ સમ્યક્ત્વથી પડતો છતો મિથ્યાત્વ ગુણઠાણું જ્યાં સુધી પામ્યો નથી ત્યાં સુધી વચ્ચે છ આવલીકા સુધી રહે ત્યાં સમકિતનો સ્વાદ રહે તેથી તેને સાસ્વાદન ગુણઠાણું કહ્યું છે

૩ મિશ્ર ગુણસ્થાનક જીવ ક્ષાયોપશમિક સમકિતથી પડી ને મોહનીયના ઉદયે મિશ્ર ગુણે આવે, અથવા મિથ્યાત્વથી ક્ષયોપશમિક ગુણઠાણું આવતાં વચ્ચે મિશ્ર મોહનીયના ઉદયે

મિશ્ર ગુણઠાણે આવે, એ ગુણઠાણાનો અંતર્મુહૂર્ત કાલ છે, નાલીયર દ્વીપના મનુષ્યને જેમ અન્ન ઉપર રૂચિ તથા દ્વેષ નથી તેમ મિશ્ર ગુણઠાણાના જીવને તત્ત્વ ઉપર રૂચિ પણ ના હોય તેમ દ્વેષ પણ ના હોય.

અવિરતિ સમ્યગ્ દૃષ્ટિગુણ સ્થાનક-જે જીવ અનાદિ કાળથી મિથ્યાત્વી હતો, ચોરાશી લાખ જીવયોનિ ભમતાં ભમતાં ગર્ભજ પંચેંદ્રિય મનુષ્ય તરીકે ઉત્પન્ન થયો, કોઇ કારણ પામી સંસારથી ઉદાસીન થઈ, જન્મ જરા મરણથી ભય પામે ત્યારેઆ સર્વ સંસાર વિનાશી સ્વાર્થમય ભાસે, વૈરાગી થાય, યથાપ્રવૃત્તિકરણ કરે. યથા પ્રવૃતિ કરણ ભવ્ય તથા અભવ્ય જીવ પણ કરે. એ કરણ કરતો જીવ ધર્માનુષ્ઠાન, તપ, જપ પ્રમુખ ક્રિયાઓ કરે પણ લેખે આવે નહીં.

જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, અંતરાય એ ચાર કર્મની ત્રીશ કોડા કોડી સાગરોપમની સ્થિતિ છે. તેમાંથી પ્રત્યેકની ઓગણત્રીશ કોડા કોડી સાગરોપમની સ્થિતિ ખપાવે, અને એકકોડાકોડી સાગરોપમની સ્થિતિ બાકી રાખે. નામ કર્મ અને ગોત્ર કર્મ એ બે કર્મની વીશકોડાકોડી સાગરોપમની સ્થિતિ છે. તેમાંથી ઓગણીશ ખપાવે, અને પ્રત્યેકની એક કોડાકોડી બાકી રાખે. મોહનીય કર્મની સિત્તર કોડાકોડી સાગરોપમની સ્થિતિ છે. તેમાંથી અગણોત્તર કોડાકોડી સાગરોપમની સ્થિતિ ખપાવે. એ રીતે આયુષ્ય કર્મ વર્જીને બાકી સાતકર્મની એક પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન એક કોડા કોડી સાગરોપમની સ્થિતિ રાખે. એવો જે વૈરાગ્યરૂપ ઉદાસીન પરિણામ તે યથાપ્રવૃત્તિ કરણ જાણવું. એ પ્રથમકરણ, સર્વ પંચેંદ્રિય જીવ અનંતિવાર કરે છે.

અપૂર્વ કરણ-શ્રીજીન કથિત સિદ્ધાંતથી સાચી શ્રદ્ધાધારે ... ભાવ જાણવાની રૂચિ થાય, આત્મા શરીરમાં રહ્યો છે. પણ શરીર ... ભિન્ન છે, દ્રવ્યાર્થિકનયે આત્મા નિત્ય છે. પર્યાયાર્થિક નયે ...

ત્મા અનિત્ય છે. ષટ્ દ્રવ્ય સ્વરૂપ સત્ય કરી માને. હેય તે છાંડવું, ઉપાદેય એટલે આદરવું તેનો વિવેક પ્રગટે. શુદ્ધતત્વ વાંછા રૂપ પરિણામ પ્રથમ કોઇ વખતે થયા નહોતા એવા જે પરિણામ તે અપૂર્વકરણ જાણવું. એ બીજું કરણ સમકિત યોગ્ય જીવને થાય છે. ત્રીજું અનિવૃત્તિકરણ જાણવું. દેવ શ્રી અરિહંત, શુદ્ધ ગુરૂ, સર્વજ્ઞકથિત સત્ય ધર્મ, અરિહંત કથિત આગમની શ્રદ્ધારૂપ સમકિત જાણવું. સમકિતના ત્રણ ભેદ છે. ઉપશમ સમકિત, ક્ષયોપશમ સમકિત, ક્ષાયક સમકિત. ઉપશમ સમકિત ચોથા ગુણઠાણાથી તે અગિયારમા ગુણઠાણા સુધી છે. ક્ષયોપશમ સમકિત ચોથા ગુણઠાણાથી તે સાતમા ગુણઠાણા સુધી છે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ અને સમકિત મોહનીય, મિશ્રમોહનીય, અને મિથ્યાત્વ મોહનીય, એ સાત પ્રકૃતિ જે જીવ સર્વથા સંક્ષય કરે તેને ક્ષાયિક સમકિત હોય છે.

ચોથા ગુણઠાણે ત્રણ પ્રકારના સમકિત મધ્યેથી કોઇપણ સમ્યકત્વ હોય અવિરતિ ગુણઠાણે જઘન્યથી અંતર્મુહૂર્ત કાલ અને ઉત્કૃષ્ટ છાસઠ સાગરોપમ ઝાઝેરો કાલ જાણવો.

॥ अजहन्न मणुक्कोसं, अंतमुहुत्तं मीसगं आचउण्यं ॥

॥ समहिपतेत्तीसयरे, उक्कोसं अंतमुहुत्तलहुयं ॥ १ ॥

૫ દેશવિરતિગુણસ્થાનક—અપ્રત્યાખ્યાનીય ક્રોધ, માન, માયા, લોભના ક્ષયથકી દેશવિરતિ ગુણ સ્થાનક પ્રાપ્ત થાય છે. જીવને વ્રત પચ્ચખ્ખાણ ઉદયે આવે. જઘન્ય નમુક્કાર સહિયનું પ્રત્યાખ્યાન. ઉત્કૃષ્ટાં શ્રાવકનાં બાર વ્રત ઉદયે આવે, તિર્યંચને પણ દેશ વિરતિ ગુણઠાણું પ્રાપ્ત થાય છે. કિંતુ દેવતા નારકીને પાંચમું ગુણઠાણું પ્રાપ્ત થતું નથી. દેવતાને વ્રત પચ્ચખ્ખાણનો ઉદય નથી. આ ગુણઠાણાની સ્થિતિ અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટથી એક દેશ ઉણી પૂર્વ કોડી વર્ષની સ્થિતિ જાણવી.

गाथा.

देसुण पुव्वकोडी, गुरुयं लहुयंच अंतमुहूत्तं,
छट्ठाइगारसंता, लहुआ समयं न मुहू गुरुआ ।। ? ।।

૬ પ્રમાદગુણસ્થાનક—પ્રત્યાખ્યાનીય કષાયના ક્ષયથી છઠું પ્રમાદગુણ સ્થાનક પ્રાપ્ત થાય છે, આ ગુણઠાણે સંજ્વલના ક્રોધ, માન, માયા, લાભ હાય. તેની જઘન્ય અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વકોડીવર્ષની સ્થિતિ જાણવી.

૭ અપ્રમાદ ગુણ સ્થાનકનો અંતર્મુહૂર્ત બન્ને ગુણઠાણાનો ભેગો મળી એકદેશ ઉણાં પૂર્વ કોડી વર્ષનો જાણવો.

૮ નિવૃત્તિકરણ ગુણસ્થાનકનો કાલ અંતર્મુહૂર્ત માનજાણવો.

૯ અનિવૃત્તિકરણ ગુણસ્થાનકનો કાલ અંતર્મુહૂર્ત માન.

૧૦ સૂક્ષ્મ સંપરાયનો કાલ અંતર્મુહૂર્ત માન.

૧૧ એકાદશમું ઉપશાંત મોહ ગુણસ્થાનક અંતર્મુહૂર્ત માન.

૧૨ બારમું ક્ષીણમોહ ગુણ સ્થાનકનો જઘન્ય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત માન

૧૩ સયોગીગુણ સ્થાનક-તેનો જઘન્યથી અંતર્મુહૂર્ત માન અને ઉત્કૃષ્ટ એક દેશ ઉણાં પૂર્વકોડી વર્ષની સ્થિતિ તેરમા ગુણઠાણાની જાણવી.

૧૪ અયોગી ગુણ સ્થાનકનો પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચાર કરતાં જેટલો કાળ થાય તેટલો જાણવો.

· છઠ્ઠે ગુણઠાણે વર્તનાર સંયતિ (સાધુ) જીનશાસનને કામે લબ્ધિ ફોરવે, પણ સાતમે ગુણઠાણે વર્તનાર સાધુ લબ્ધિ ફોરવે નહીં, આઠમા ગુણઠાણે શુક્લધ્યાનનો પ્રથમ પાયો ધ્યાવે,

જીવ, કર્મની નિર્જરા કરે, આત્માના દ્રવ્ય, ગુણ, પર્યાયને ધ્યાવે, વિકલ્પ સંકલ્પનો ત્યાગ કરે, અગ્યારમું ગુણઠાણું એક જીવ ચાર વાર પામે. એક જીવ એકભવમધ્યે બે વાર અગીયારમું ગુણઠાણું પામે. આઠમા ગુણઠાણાથી જીવ કર્મ ખપાવતો તીવ્ર વીર્ય ઉપયોગે શુકલધ્યાનના બળે નવમે, દશમે ગુણઠાણે મોહનીય કર્મ ખપાવી બારમે ગુણઠાણે આવે. શુકલધ્યાનનો દ્વિતીય પાયો એકત્વ વિતર્ક અપ્રવિચાર નામનો ધ્યાવે, પશ્ચાત્ ચાર ઘાતી કર્મ ખપાવી ધ્યાનાંતરાલે કેવલ્યજ્ઞાન, કેવલદર્શન પામે. તેરમા ગુણઠાણે સ્થિતિ હોય. તેરમા ગુણઠાણે વર્તનાર જીવને ચાર અઘાતિયાં કર્મ બાકી રહે. ચઉદમા ગુણઠાણાને અંતે મોક્ષ સ્થાનમાં ગતિ કરી જીવ પરમાત્મારૂપે થાય. હવે મુક્તિ જવાના ભાવ માટે ભાવનું સ્વરૂપ કહે છે.

ભાવ સ્વરૂપ.

૧ ઔપશમિકભાવ. ૨ ક્ષાયિકભાવ. ૩ ક્ષયોપશમભાવ.
૪ ઔદયિકભાવ. ૫ પારિણામિકભાવ. ૬ સન્નિપાતિકભાવ.

गाथा.

केवलनाणं दंसण खइअं सम्मंच चरण दाणाइ
नवखइआ लद्धीओ उवसमिए सम्म चरणंच ॥१॥

જ્ઞાનાવરણીયના ક્ષયથી પ્રગટયું તે ૧ કેવલજ્ઞાન, દર્શનાવરણીયકર્મના ક્ષયથી પ્રગટયું તે ૨ કેવલદર્શન. દર્શન મોહનીયના ક્ષયથી ૩ શુદ્ધ ક્ષાયિક સમ્યક્ત્વ, ચારિત્ર મોહનીયના ક્ષયથી પમાય તે ૪ ક્ષાયિક ચારિત્ર, દાનાદિ પાંચ અંતરાયને ક્ષયે પામ્યા તે અનંતદાન, અનંત લાભ, ભોગ, ઉપભોગ તેમ અનંત વીર્ય એ પાંચ લબ્ધિ ક્ષાયિકી જાણવી.

૧ કેવલજ્ઞાન, ૨ કેવલદર્શન, ૩ ક્ષાયક સમ્યકત્વ, ૪ ક્ષાયિક ચારિત્ર, ૫ દાન, ૬ લાભ, ૭ ભોગ, ૮ ઉપભોગ, ૯ અનંત વીર્ય એ નવ ભેદ ક્ષાયિક ભાવના થયા.

ઉપશમ ભાવના બે ભેદ ઉપશમ સમ્યકત્વ ૨ ઉપશમ ચારિત્ર, ઉપશમ ભાવે હોય.

गाथा.

नाणाचउ अनाणतिगिय, दंसणतिगंच गिहिधम्मो
वेअग सम्मचारित्तं, दाणाइगादिसमगा भावा ॥ १ ॥

મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ એ ચારના આવરણના ક્ષયોપશમે થનાર જે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન એ ચાર જ્ઞાન. મતિઅજ્ઞાન. શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન એ ત્રણ અજ્ઞાન ક્ષયોપશમ ભાવે હોય. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન એ ત્રણ દર્શન દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી હોય. દેશવિરતિ ચારિત્ર મોહનીયના ક્ષયોપશમથી હોય દર્શનાવરણીય કર્મ ક્ષયોપશમે વેદક સમ્યકત્વ હોય. સર્વવિરતિરૂપ ચારિત્ર મોહનીયના ક્ષયોપશમે હોય. પંચવિધ અંતરાયના ક્ષયોપશમે પાંચ લબ્ધિ જીવ પામે. પૂર્વે ક્ષાયિક ભાવની પાંચ લબ્ધિ કહી છે. તે કેવલીને હોય છે અને ક્ષાયોપશમિકી જે પાંચ લબ્ધિ કહી તે સર્વ સંસારી જીવનેહોય છે. એ અઢાર ક્ષયોપશમ ભાવે હોય.

अन्नाण मसिद्धत्ता, संयम लेसा कसाय गइ वेआ, मिच्छं तुरिए
१ २ ३ ६ ४ ४ ३ १
भव्वा, अभव्वत्त जियत्त परिणामे (१) एते उत्तरभेदाः
२ २ ३

મિથ્યાત્વને ઉદયે થયું તે અજ્ઞાન. उक्तंच जहदुव्वयण मव्वयणं कुच्छिय सीलं असील मसईए, भण्ई तह नाणं पिहु मिच्छदिट्ठिस्स अन्नाणं ॥ १ ॥

આઠ કર્મના ઉદયથી થયું તે અસિદ્ધપણું ૨ અસંયમ એટલે અવિરતિપણું તે અપ્રત્યાખ્યાનાવરણના ઉદયથી હોય. લેશ્યા વિવિધ પરિણામ ઉદયથી હોય. ૪ ૫ કષાય તે મોહનીય કર્મના ઉદયથી હોય.

ગતિ—તે નામ કર્મના ઉદયથી હોય, સ્ત્રીવેદ, પુરૂષવેદ, નપુંસકવેદ એ ત્રણ વેદનો ઉદય મોહનીય કર્મના ઉદયથી હોય. અતત્વ શ્રદ્ધાનરૂપે તે મિથ્યાત્વ એ ૨૧ એકવીશ ભેદ ચોથા ઉદયિકભાવના જાણવા.

૫ પારિણામિકભાવના ત્રણ ભેદ છે. ૧ ભવ્યત્વ ૨ અભવ્યત્વ ૩ જીવત્વ. ભવ્યત્વ તે અભવ્યતાએ પરિણમે નહીં. અભવ્ય તે ભવ્યતાએ પરિણમે નહીં. જીવ તે અજીવતાએ પરિણમે નહીં. અજીવ તે જીવતાએ પરિણમે નહીં. ૩ એમ પાંચે ભાવના ઉત્તરભેદ ૫૩ ત્રેપન થયા.

आइम चउक्कोमु ४ मजो पारिणामयोअणायव्वो ?
पुग्गल परिणामुदओ, पंचविहा हुंति मोहंमि ॥ ८ ॥

ધર્માસ્તિકાય ૨ અધર્માસ્તિકાય ૩ આકાશાસ્તિકાય અને કાલ એ ચારને પારિણામિક ભાવ હોય. ધર્માસ્તિકાયનો સ્વભાવ ગતિસહાયનો છે, અધર્માસ્તિકાયનો સ્વભાવ સ્થિત સહાય છે. આકાશાસ્તિકાયનો સ્વભાવ અવકાશનો છે. કાલ પણ આવલિકાદિ પરિણામેપરિણતપણાથી અનાદિ પારિણામિક ભાવે છે, પુદ્ગલાસ્તિકાયમાં પારિણામિક અને ઔદયિક એ બે ભેદ હોય, તેમાં દ્વયણુકાદિ સ્કંધ તે સાદિકાલપણાથી સાદિપરિણામિક ભાવે હોય, બે પરમાણુ જુદા હતા, ને ભેલા થયા, ત્યારે બેપણાનું પરિણમન થયું, ત્યારે સાદિપરિણામિક પણું કહેવાયું. અને જે મેરૂ પર્વતના સ્કંધ તે અનાદિ પરિણામિક ભાવે છે તે અનાદિ કાલના ભેલા પરિણમ્યાથી અનાદિ પરિણામિકપણું કહેવાયું. હવે ઔદયિક ભાવ કહે છે. અનંત

પરમાણ્વાત્મક જે સ્કંધ છે તે જીવને ગ્રહણ પ્રાયોગ્ય છે. અને ઔદયિકભાવ તે જીવ આશ્રી હોય. જીવે અનંત પરમાણ્વાત્મક સ્કંધ ગ્રહ્યા ત્યારે શરીરનામોદય થયો. એટલે જે સ્કંધે ઔદારિક શરીરનો ઉદય થયો ત્યારે પુદ્ગલને ઔદયિક ભાવ કહેવાયો. અને જે કેવલાણુ છે તે જીવને અગ્રહ્ય છે તે પરિણામિક ભાવેજ છે.

મોહનીય કર્મને વિષે પંચભાવ છે. ત્યાં ઉપશમ તે અનુદયા વસ્થા ભસ્માચ્છાદિત અગ્નિની પેઠે. અત્ર સર્વોપશમ લેવો. કારણ કે, દેશોપશમતો સર્વકર્મને હોય. ઉદયાગતને ખેપવે અનુદયનો ઉપશમ કરે તે ક્ષયોપશમ. અત્યંતોચ્છેદકરણ તે ક્ષાયિક. ઉદય કરે તે ઔદયિક. અને પારિણામિક તે જીવપ્રદેશ સાથે લોલીભાવે મિશ્ર થાવું. તથા દ્રવ્ય, ક્ષેત્ર, કાલની અપેક્ષાએ તથા સંક્રમણાદિ રૂપેકરી જે પરિણમે તે પારિણામિક ભાવ. મોહનીય કર્મને વિષે પાંચ ભાવ કહ્યા.

दंसण नाणावरणे, विग्घे,विणुवसम हुंति चत्तारि
१ २ ३
वेआऊनाम गाए, उवसम मीसेण रहिआओ ॥ ९. ॥
१ २ ३ ४ १ २

દર્શના વરણીય કર્મને વિષે, જ્ઞાનાવરણીયકર્મને વિષે, તથા અંતરાયકર્મનેવિષે ઉપશમિકભાવવિના ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક, પારણામિક એ ચાર ભાવ હોય. તે મધ્યે જ્યારે કેવલ જ્ઞાન કેવલ દર્શનનો ઉદય થાય ત્યારે ક્ષયોપશમ ભાવ હોય નહીં. ફકત ક્ષાયિક, ઔદયિક, અને પારણામિક એ ત્રણ હોય. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય. મોહનીય એ ચાર જ્ઞાનાદિગુણના ઘાતક છે. માટે ઘાતી કર્મ કહેવાય છે.

વેદનીય, આયુષ્ય, નામ. ગોત્ર એ ચારનેવિષે ઉપશમિક ક્ષાયોપશમિક એ બેવિના ક્ષાયિક, ઔદયિક, પારિણામિક એ ત્રણ ભાવ હોય, એ ચાર કર્મ દેશ ઘાતી છે.

–

મિથ્યાત્વ તથા સાસ્વાદન ગુણઠાણે ક્ષયોપશમ ભાવના અઢાર ભેદમાંના દશ ભેદ હોય છે. દાનાદિ પાંચ લબ્ધિ, ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન, વિભંગ અજ્ઞાન એવં દશ ભેદ ક્ષયોપશમિકં ભાવના પહેલે તથા બીજા ગુણઠાણે જાણવા.

मीस्से मीस्सं सम्मं, तिंदस दाणाइ पणग नाण तिगं
तुरिए वारस नवरं मिस्सच्चाएण सम्मत्तं ॥ १ ॥

મિશ્રનામા ત્રીજે ગુણઠાણે મિશ્રસમ્યકત્વ ૧ અવધિદર્શન એ બે વધ્યા. શેષ દશ પૂર્વના દર્શન ત્રણ, દાનાદિ લબ્ધિ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન એ જ્ઞાન મિશ્ર લેવાં. મિશ્ર એવા બાર ભેદ ક્ષાયોપશમિક ભાવના ત્રીજે ગુણઠાણે જાણવા. ચોથે અવિરતિ ગુણઠાણે એજ બાર ભેદ જાણવા. કિંતુ વિશેષ એટલું છે કે મિશ્ર ગુણઠાણે જ્ઞાનતે અજ્ઞાને કરી મિશ્ર હોય, અને મિશ્ર હોય અને ચોથે ગુણઠાણે જ્ઞાન શુદ્ધ હોય સમ્યકત્વ પણ શુદ્ધ હોય.

समसुत्ता वारस, विरई खेवेण तेर पंचमए,
छट्टे तह सत्तरए, चउदसमए नाण खेविकए ॥

ચોથે ગુણઠાણે જ્ઞાન ત્રણ, લબ્ધિ, દર્શન ત્રણ, ક્ષાયોપશમ સમ્યકત્વ એવં બાર ભેદ છે. પાંચમે ગુણઠાણે દેશવિરતિ ઉમેરિએ ત્યારે ક્ષયોપશમ ભાવના તેર ભેદ હોય. મનઃ પર્યવજ્ઞાન ઉમેરતાં છઠ્ઠે તથા સાતમે ગુણઠાણે ક્ષયોપશમ ભાવના ચૌદ ભેદ પામીએ, દેશ વિરતિને ઠેકાણે સર્વ વિરતિ ભેદ લેવો.

अट्ठव नवम दसमे, विगुमम्मत्तेण होइ तेरसगं
उवसंत खीणमोहे चरित्त रहिआय वारभेव ॥

આઠમું અપૂર્વકરણ ગુણઠાણું, નવમું અનિવૃત્તિ કરણ ગુણઠાણું, દશમું સૂક્ષ્મસંપરાય ગુણઠાણું એ ત્રણ ગુણઠાણે ક્ષયોપશમ

સમકિત વિના દર્શન ત્રણ. દાનાદિ લબ્ધિ પ જ્ઞાન ચાર, સર્વ વિરતિ એ ૧૩ તેર ભેદ ક્ષયોપશમ ભાવના હોય, ક્ષયોપશમ સમકિત ચોથા, પાંચમા, છઠ્ઠા. સાતમા, ગુણઠાણે છે. બીજે નથી. એકાદશમું ઉપશાંતમોહગુણસ્થાનક, બારમું ક્ષીણમોહ ગુણસ્થાનક એ બે ગુણઠાણે જ્ઞાન ચાર, દર્શન ત્રણ, દાનાદિ લબ્ધિ પાંચ, એવં બાર ભેદ ક્ષયોપશમના હોય, અગ્યારમે ઉપશમ ચારિત્ર હોય, બારમે ક્ષાયિક ચારિત્ર હોય.

મિથ્યાત્વને ઉદયે થએલું જ્ઞાન તે અજ્ઞાન. આઠ કર્મના ઉદયથી થયું તે અસિદ્ધપણું, વિવિધ પરિણામ જનિત છ લેશ્યા, અપ્રત્યાખ્યાનીય કષાયોદયથી થએલું અવિરતિપણું. કષાય ચાર, ગતિ ચાર, વેદ ત્રણ, મિથ્યાત્વ એ એકવીસ ભેદ મિથ્યાત્વ ગુણઠાણે ઔદયિક ભાવના જાણવા.

ગાથા

विइए मिच्छत्तविणा, वीसं भेवा दवंतिउदयस्स

तइए तुरिए दस नव, दस नवविणु अन्नाणेण नायव्वा ॥१॥

મિથ્યાત્વ વિના સાસ્વાદન ગુણઠાણે ઔદયિક ભાવના વીશ ભેદ પામીએ, સાસ્વાદનને વિષે મિથ્યાત્વનો અભાવ છે. ત્રીજે તથા ચોથે ગુણઠાણે ઔદયિક ભાવના ઓગણીશ ભેદ હોય. તે અજ્ઞાન વિના જાણવા શેષ અસિદ્ધ૧ લેશ્યા૬ વેદ૩ કષાય૪ ગતિ૪ અજ્ઞ- ૧ એવં ઓગણી ા ભેદ હોય

ગાથા.

देसे सत्तरस नारय, गइ देव गइ अभाव ओ हुंति

तिरियगइ असंजमाओ, उदय छउमत्त भयंति

દેશ વિરતિ ગુણઠાણે ઔદયિક ભાવના સત્તર ભેદ પામીએ. ઉપરોક્ત ઓગણીશમાંથી નરકગતિ, દેવગતિ એ બે ભેદ હોય

નહીં. કારણ કે, દેવતા નારકીને પ્રથમ ચાર ગુણઠાણા હોય, પણ પાંચમું હોય નહીં. મિથ્યાત્વ અને અસંયમ વિના ઔદયિક ભાવના ચઉદ ભેદ છઠ્ઠે ગુણઠાણે હોય. મિથ્યાત્વનો ઉદય છઠ્ઠે ગુણઠાણે નથી. મિથ્યાત્વને પહેલાં પાંચ ગુણઠાણાંમાં હોય, અને અસંયમપણું પાંચમા સુધી છે. છઠ્ઠે તો સંયમપણું છે.

ગાથા.

आइमतिलेसाभावे, बारस भेया हवंति तत्तइए
तेउपम्हाभावे, अट्ठम नवमे अ दस भेया ॥ १ ॥

પ્રથમ ત્રણ લેશ્યા વિના બાકીના બાર ભેદ ઔદયિક ભાવના સાતમા અપ્રમત્ત ગુણઠાણે હોય, આગળ તેનો ઉદય નથી. “पत्तः पदम निर्लेपानु छत”

તેજોલેશ્યા અને પદ્મ લેશ્યાવિના ઔદયિક ભાવના : દશ ભેદ આઠમે અપૂર્વકરણ ગુણઠાણે અને નવમે અનિવૃત્તિ કરણ ગુણઠાણે હોય. તેજોલેશ્યા અને પદ્મ લેશ્યા પ્રથમ સાત ગુણઠાણે હોય. ઉપર નથી. ૧ શુક્લ લેશ્યા ગતિ ૨ બે વેદ ૩ ત્રણ અસિદ્ધ ૧ કષાય ૪ ચાર એ દશ ભેદ હોય છે.

ગાથા.

आइम कसायति अगं वेअतिगं विणा भवंति चत्तारि
दसमे उवरिम तिअगे लोभे विणा हुंति तिन्नेव ॥ २ ॥

પ્રથમ ત્રણ કષાય, ક્રોધ, માન, માયા વિના અને ત્રણ વેદ વિના દશમે ગુણઠાણે સૂક્ષ્મસંપરાય ગુણઠાણે ૧ એક અસિદ્ધ, મનુષ્ય ગતિ, સંજ્વલનનો લોભ અને શુક્લ લેશ્યા એ ચાર ભેદ હોય. ક્રોધ, માન, માયા એ ત્રણ કષાય નવમા ગુણઠાણા સુધી

હોયછે. ઉપરના ગુણઠાણે વેદ નથી. ઉપરના ગુણઠાણે દ્રવ્યવેદ છે. પણ ભાવવેદ નથી. ભાવવેદ અભિલાષરૂપછે અને દ્રવ્યવેદ તે ચિન્હ રૂપ છે. ઉપશાંત, ક્ષીણમોહ, સયોગી એ ત્રણ ગુણઠાણે સંજ્વલનના લોભ વિના અસિદ્ધ, મનુષ્યગતિ અને શુક્લ લેશ્યા એ ત્રણ ભેદ ઔદયિક ભાવના હોય. દશમાથી આગળ લોભ નથી.

चरमे गुण सिद्धत्तं, मणुआण गइ तहचउ दसावि.
तुरिआओ उवसमे, उवसमसम्मं भवे पवरं ॥१॥

ચઉદમું અયોગી કેવલી ગુણઠાણું—અસિદ્ધપણું, મનુષ્યગતિ એ બે ભેદ ઔદયિક ભાવના હોય. ચઉદમું ગુણઠાણું અલેશીને છે. એ ઔદયિક ભાવના ૨૧ એકવીશ ભેદ વિવરીને કહ્યા,

ઉપશમિક ભાવ કહે છે.

ચોથા ગુણઠાણાથી માંડીને ઉપશાંત મોહ ગુણઠાણા સુધી ઉપશમ સમ્યક્ત્વ હોય.

नवम दसमे संते उवसम चरणं भवे नराणंच
इत्यौपशमिक भाव भेदाः

નવમા ગુણઠાણે, દશમા સૂક્ષ્મસંપરાય ગુણઠાણે અગિઆરમા ઉપશાન્તમોહ ગુણઠાણે એ ત્રણ ગુણઠાણે ઉપશમ ચારિત્ર હોય.

ग्यारह भेए भणियो, इगो गुणठाण संखेसु ॥

એ થકી ઉપરના ગુણઠાણા આશ્રીને ક્ષાયિક ભેદ કહીશું.

ग्यारह दर्शनं पुन, तुरिआइ गुणठाणे हुए भणियं
खीणे ग्यारह करणं, ग्यारह गाणंच जिण कहियं ॥

ક્ષાયિક સમ્યક્ત્વ ચોથા ગુણઠાણાથી હોય, બારમા ગુણઠાણાથી ક્ષાયિક ચારિત્ર હોય, એમ જીનેન્દ્ર ભગવાને કહ્યું છે.

કર્મ ખપાવવા શુકલ ધ્યાનનો ત્રીજો અને ચોથો પાયો ધ્યાવે છે. બાકી રહેલી કર્મની પ્રકૃત્તિયોને ખપાવી ચઉદમું ગુણ સ્થાનક ઉલ્લંઘી કેવલજ્ઞાની સિદ્ધસ્થાનમાં સાદિ અનંતમે ભાંગે વાસ કરે છે. ત્યાં અનંત સુખનો ભોકતા આત્મા બને છે. ક્ષાયિક ભાવે સદાકાલ ત્યાં આત્માની લબ્ધિયો હોય છે.

આવી દેહી સિદ્ધદશા પ્રાપ્ત કરવા માટે જેજે હેતુઓ દેખાડયા તેનું અવલંબન કરવું. જ્ઞાનદશા પ્રાપ્ત કરવી. જ્ઞાની શ્વાસોશ્વાસમાં સકલ કર્મનો ક્ષય કરે છે. માટે તત્વજ્ઞાન ઉપર અત્યંત રૂચિ ધારણ કરી તેની પ્રાપ્તી માટે પ્રયત્ન કરવો. જ્ઞાનમય આત્મા છે. યોગની ક્રિયાઓ એટલે મન વચન અને કાયાની ક્રિયાઓ અંતે નાશ પામે છે અને આત્માનો જ્ઞાનગુણ સ્વાભાવિક હોવાથી સિદ્ધમાં પણ સદાકાલ રહે છે. બાહ્યની ધાર્મિક ક્રિયાઓની અગત્યતા પણ તત્વજ્ઞાનથી સમજાય છે અને જ્યારે એમ છે ત્યારે જ્ઞાન સમાન કોઇ ઉત્તમ મોક્ષોપાય નથી. અન્ય દર્શનમાં પણ જ્ઞાનની મહત્તા વર્ણવી છે અને કહ્યું છે કેઃ—

ज्ञानाग्निः सर्व कर्माणि भस्मसात् कुरुतेऽर्जुन

હે અર્જુન જ્ઞાનરૂપઅગ્નિ સર્વ કર્મને બાળી ભસ્મ કરે છે. આવી જ્ઞાનની મહત્તા જાણી સર્વ ધર્મમાં મુખ્ય એવો આત્માનો જ્ઞાન ધર્મ પ્રાપ્ત કરવા ઉદ્યમ કરવો. શરીરાદિકની ક્રિયાઓ આત્માની નથી પણ આત્મધર્મની પ્રાપ્તિ માટે શરીરાદિકની ગુપ્તિ કરવી પડે છે, અને અપવાદમાર્ગે શરીરાદિકની ગમન આદિ પ્રવૃત્તિ કરતાં પાંચ સમિતિયો ધારણ કરવી પડે છે. જ્ઞાનીને આત્મધર્મ સાધતાં શરીરાદિકની ક્રિયા નિમિત્તહેતુ પરિણમે છે માટે એકાંત હઠવાદ કરવો નહિ. શરીર આદિવડે ધર્મના હેતુઓમાં પ્રવૃત્તિ કરીને ઉપાદાન ધર્મ પ્રાપ્ત કરવા આત્માનો શુદ્ધ પરિણામ ધારણ કરવો. સર્વ વિભાવધર્મનો નાશ કરવા આત્માનો શુદ્ધ ધર્મ અંગીકાર કરવો. જે જે અંશે આત્મધર્મ

ાસે છે તે તે અંશે પરભાવ ટળે છે. इच्छायोग प्रवृत्तियोग ાદિવડે આત્માના અનન્તગુણનો પ્રકાશ કરવો. ક્ષણે ક્ષણે અન્તર ષ્ટિ ધારણ કરવી. અને સહજઆનંદ મંગલમય પરમાત્મ દ પ્રાપ્ત કરવું એજ સાધ્ય લક્ષ્યની હિત શિક્ષા સ્વપરને સફલ ાઓ:—

भव्यानामुपकाराय, कृतैषा ज्ञानदीपिका।
विद्यापुर्यां मदर्पण, बुद्धिसागरसाधुना (१)

સંવત્ ઓગણિસ ઉપરે, ઓગણસાઠ રસાલ;
વિજાપુરમાં પ્રેમથી, કરતાં મંગલમાલ. (૨)
પોષ સુદી પુનમ દિને, જ્ઞાનદીપિકા ગ્રન્થ;
કરતાં મન ઉલ્લાસથી, દીઠો શિવપુર પન્થ. (૩)
આરંભ્યો શ્રી માણસા, નગર વિષે સુખકાર;
પૂર્ણ વિજાપુરમાં કર્યો, પરોપકાર કરનાર. (૪)
સુખસાગર ગુરૂની કૃપા, પામી કર્યો પ્રવાસ;
બુદ્ધિસાગર જ્ઞાનથી, સહજાનન્દ વિલાસ. (૫)

ઓમ્ શાન્તિઃ ૩

